અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express · Ahmedabad · RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
'શું તમે બધું કરવા તૈયાર છો...?' 'દંગલ ગર્લ' બની હતી કાસ્ટિંગ....



પેજ-09
રિંકુ સિંહને પણ જસપ્રીત બુમરાહ જેવી ઈજા, ટીમ ઈન્ડિયામાંથી થયો બહાર

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 15.00 |
| સુરત | 31.00 | 18.00 |



પેજ 5 — ચીનનું સસ્તું AI એન્જિન ડીપસીક લૉન્ચ

29 JANUARY-2025 WEDNESDAY



પેજ 10 — શપથના 8મા દિવસે મોદીએ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75901.41 | ▲ | 535.24 |
| નિફ્ટી | 22957.25 | ▲ | 128.10 |
| સોનું | 80125.00 | ▲ | 547.00 |
| ચાંદી | 90548.00 | ▲ | 325.00 |


વર્ષ-14 । અંક-071 । વિક્રમ સંવત-2081 । પોષ વદ-અમાસ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# મુંબઈમાં ડીઝલ-પેટ્રોલ વાહનો પર પ્રતિબંધની તૈયારી

## મહારાષ્ટ્ર સરકારે સ્ટડી માટે 7 સભ્યોની કમિટી બનાવી, 3 મહિનામાં રિપોર્ટ આપશે



(એજન્સી) મુંબઇ | તા.28

મહારાષ્ટ્ર સરકારે વધતા પ્રદૂષણને કારણે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ડીઝલ-પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે રાજ્ય સરકારે 7 સભ્યોની કમિટી બનાવી છે, જે આગામી 3 મહિનામાં તેના સૂચનો રજૂ કરશે.

22 જાન્યુઆરીએ જાહેર કરાયેલા આદેશમાં નિવૃત્ત IAS અધિકારી સુધીર શ્રીવાસ્તવ કમિટીનું નેતૃત્વ કરશે. તેમાં ટ્રાન્સપોર્ટ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનર ટ્રાફિક, મહાનગર ગેસ લિમિટેડના MD, પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીના પ્રોજેક્ટ મેનેજર, સોસાયટી ઑફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (SIAM)ના અધ્યક્ષ અને જોઈન્ટ ટ્રાન્સપોર્ટ કમિશનર સભ્ય હશે.

આદેશ મુજબ, આ કમિટી અભ્યાસ માટે પેનલમાં અલગ-અલગ એક્સપર્ટ્સને પણ સામેલ કરી શકશે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન (MMR)માં પડોશી થાણે, રાયગઢ અને પાલઘર જિલ્લાના વિસ્તારોનો પણ સમાવેશ થાય છે.

**બોમ્બે હાઈકોર્ટે પ્રદૂષણ અને ભીડ અંગે ચિંતા વ્યક્ત કરી હતી :** 9 જાન્યુઆરીના રોજ, એક PIL પર બોમ્બે હાઈકોર્ટે ક્વોલિટી લાઈફ અને પર્યાવરણની ગુણવત્તા પર નકારાત્મક અસરને કારણે મુંબઈ શહેરમાં વધતા ટ્રાફિક અને પ્રદૂષણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે વાહનોમાંથી નીકળતો ધુમાડો વાયુ પ્રદૂષણનું સૌથી મોટું કારણ છે. મુંબઈમાં વાહનોની સંખ્યા અને પ્રદૂષણને અંકુશમાં લેવાના હાલના પગલાં અપૂરતા સાબિત થઈ રહ્યા છે. કોર્ટે કહ્યું કે ડીઝલ અને પેટ્રોલ વાહનોને તબક્કાવાર બંધ કરવા યોગ્ય રહેશે કે કેમ તે અંગે સ્ટડી કરવાની જરૂર છે.

## મહાકુંભમાં લાખો ભક્તોનો ધસારો, 20 km સુધી ચક્કાજામ

### મૌની અમાવસ્યા પહેલા 4.64 કરોડ ભક્તોએ સ્નાન કર્યું



(એજન્સી) પ્રયાગરાજ | તા.28

ભારતની આસ્થાનું પ્રતીક મહાકુંભ મેળાનો આજે 16મો દિવસ છે. આવતીકાલે અમાસ નિમિત્તે ત્રીજું શાહી સ્નાન યોજાશે, જેમાં ભાગ લેવા લાખો શ્રદ્ધાળુ ઉમટી પડ્યા છે. સંગમથી 20 કિમી સુધી ચક્કાજામ થયો છે. રસ્તાઓ, ગલીઓ માનવ મહેરામણથી ઉભરાઈ છે. શ્રદ્ધાળુઓ પોલીસ દ્વારા ઊભા કરવામાં આવેલા બેરિકેડિંગ તોડી પ્રવેશી રહ્યા છે. શ્રદ્ધાળુઓની ભારે ભીડના કારણે લોકો પાર્કિંગ તથા છેક સ્ટેશનથી સંગમ સુધી પગપાળા આવવા મજબૂર બન્યા છે. પોલીસે ભીડને કાબૂમાં લેવા વિવિધ સ્થળોએ બેરિકેડ ઊભા કર્યા હતા. જો કે, ભીડ તેને તોડીને પ્રવેશ લઈ રહી છે. સંગમથી 20 કિમી સુધીનો રસ્તો જામ થઈ ગયો છે.

### સુરક્ષા કર્મીઓની ઈમરજન્સી બેઠક

અમાસના શાહી સ્નાન પહેલાં જ લાખોની સંખ્યામાં ઉમટી પડેલી ભીડમાં અવ્યવસ્થા અને અરાજકતા ન સર્જાય તે હેતુ સાથે કમિશ્નરે તમામ વિભાગોના અધિકારીઓની ઈમરજન્સી બેઠક બોલાવી હતી. ડીએમ, સીઆરપીએફ, આઈટીબીપી, પોલીસ, રેલવે પોલીસ વગેરે વિભાગોના અધિકારીઓને ચુસ્ત બંદોબસ્ત કરવા આદેશ અપાયો છે.

### એઆઇ કેમેરાથી દેખરેખ

મેળામાં સુરક્ષા કર્મીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેમેરા મારફત દેખરેખ રાખી રહ્યા છે. તેમજ શ્રદ્ધાળુઓને કાર મારફત પ્રયાગરાજ ન આવવા અપીલ થઈ છે. લોકોને પગપાળા શાહી સ્નાનમાં ભાગ લેવા અપીલ કરવામાં આવી છે. મહાકુંભના મેળામાં 45 કરોડથી વધુ શ્રદ્ધાળુ આવવાનો અંદાજ છે.





# પીંપળ ગામમાં અબોલ શ્વાનો માટે બનાવવામાં આવ્યા 3100 નંગ લાડુ



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા સહિત તાલુકા ના ગ્રામીણ વિસ્તાર માં મહોલ્લાઓ ના રહીશો દ્વારા ઠેર ઠેર અબોલ શ્વાનો માટે ક્યાંક શિરો લાડુ તો ક્યાંક ખીચડી બનાવી શ્વાનો ને ભોજન કરવાયું. છેલ્લા દશ વર્ષથી ચાણસ્મા તાલુકાના પીંપળ ગામમાં શિયાળાની ઋતુમાં અબોલ શ્વાનો માટે ગામના સેવા ભાવી લોકો દ્વારા પિમ્પળ ગામમાં એક દાયકાથી શ્વાનો માટે લાડુ તેમજ પંખીઓ માટે ચણ,ગાયો માટે ઘાસચારો જેવી ઘણી બધી સેવાકીય પ્રવૃતિઓ ચાલે કરી ને પુણ્ય નું કામ કરાય છે.

# માલેગામ શામગહાન ઘાટમાર્ગમાં સ્ટીલનો જથ્થો ભરેલ આઈસર ટેમ્પો પલ્ટી જતા ગંભીર અકસ્માત



ડાંગ | તા.28

આજરોજ રાજકોટ તરફથી લોંખડની પેનલનો જથ્થો ભરી નાસિક તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ-શામગહાન ઘાટમાર્ગનાં વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા સ્થળ પર આઈસર ટેમ્પો પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પો સહિત લોખંડનાં પેનલનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ.જ્યારે ચાલક અને ક્લીનરને શરીરનાં ભાગે નાની મોટી ઈજાઓ પોહચતા તેઓને તાત્કાલિક સારવારનાં અર્થે નજીકની શામગહાન સી. એચ.સી.ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# રાજપીપળા પંચવટી સોસાયટીમાં આવેલા સિટી સિવિક સેન્ટર પર આધારકાર્ડ અપડેટની કામગીરી શરૂ થઈ




ભરત શાહ | નર્મદા

સરકારે હાલમાં આધારકાર્ડ અને જન્મ ના દાખલ માટેના નવા નિયમો લાગુ કરતાં નગરપાલિકા અને આધાર કેન્દ્રો ઉપર અપડેટ માટે લાંબી લાઈનો લાગે છે જેમાં આધાર અપડેટ માટે રાજપીપળા માં અમુક કેન્દ્ર કાર્યરત હોવા છતાં ત્યાં પડતી મોટી લાઈનો માં સવારથી લોકો કામધંધો છોડી ઊભા રહેતા હતા, માટે રાજપીપળા નગરપાલિકા ના મુખ્ય અધિકારી રાહુલ ઢોડીયા ની સૂચના થી હવે રાજપીપળા કોલેજ સામે આવેલા મહાદેવ મંદિર ની પાછળ ની પંચવટી સોસાયટી માં કાર્યરત સિટી સિવિક સેન્ટર ઉપર આધાર અપડેટ ની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેનો હાલ માં લોકો લાભ લઈ રહ્યા છે અને જે લોકો આ સેન્ટર થી અજાણ છે તેઓ પણ લાભ લઇ પોતાના આધારકાર્ડ અપડેટ કરાવી શકે છે.

## નખત્રાણાના યુવા ચિત્રકાર જય સોનીનો આજે જન્મદિવસ

મહેશ સોની | નખત્રાણા



મૂળ વતન નાગવીરીના પણ હાલે નખત્રાણા સ્થાયી નખત્રાણા નગરના યુવા ચિત્રકાર જય સોનીનો આજે જન્મદિવસ દિવસ છે. ચિત્રકલા ઉપરાંત એમ્બોઝ આર્ટ,વુડન મોડેલ, મડવર્કમાં નિપુણતા ધરાવતા જય સોનીએ નાની ઉંમરમાં ચિત્રકલા ક્ષેત્રમાં તાલુકા કક્ષાથી માંડી રાષ્ટ્રિય કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવીને પરીવાર તેમજ સોની સમાજનું ગૌરવ વધાર્યું છે.જયને તેના આજનાંજન્મદિવસ નિમિતે અઢળક શુભેચ્છા સંદેશ મળી રહ્યા છે.

## વાઘોડિયા તાલુકાના નિમેટા ગામની નર્સરીમાંથી માલમત્તાની ચોરી

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના નિમેટા ગામની નર્સરીમાંથી સબમસીય પંપ સહિતની અન્ય માલ મતાનીઓ ચોરી ગયા ની ફરીયાદ વાઘોડિયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાઈ છે. વડોદરાના માંજલપુર એવનયુ કોમ્પલેક્ષ માં રહેતા ધ્રુપદ દેવીપ્રસાદ ખારવા એ ફરીયાદ આપતા જણાવ્યું હતું કે નિમેટા ગામે આવેલ વિશ્વામિત્રી હાઈટેક નર્સરી માં થી સબ મસીબલ પંપ તથા સાદી મોટર એક અને બે સિલિગ ફેન તેમ જ એરકુલર અને એક મોટર સહિત ની રૂપિયા 1,55,000/- ની ચોરી કરી હોવાની ફરીયાદ વાઘોડિયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી.

## વઘઈ પોલીસની ટીમે ખોવાઈ ગયેલ મોબાઈલ શોધી કાઢી સરાહનીય કામગીરી

ડાંગ | તા.28



ગત તા. પ્રાપ્ત વિગતો અનુસાર ગત તા.23/01/2025નાં રોજ વઘઈનાં આશાનગર ખાતે રહેતા મુરલીભાઈ વિષ્ણુભાઈ ગાંગુર્ડે નો IQ મોબાઈલ ફોન (જેની કિંમત રૂપિયા 26,999/- ) ખોવાઈ ગયો હતો. જેને લઈને વઘઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.જે ફરિયાદના આધારે વઘઈ પોલીસ સ્ટાફના માણસોએ ટેકનિકલ સર્વેલન્સની મદદથી મોબાઈલ શોધી કાઢ્યો હતો. તેમજ 'તેરા તુજકો અર્પણ ' કાર્યક્રમ હેઠળ પોલીસ દ્વારા મૂળ માલિકને મોબાઈલ ફોન પરત કરવામાં આવ્યો હતો.આમ વઘઈ પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવતા સ્થાનિકોએ તેમની કામગીરી બિરદાવી હતી.



**નીતિન ઠાકર, ચાણસ્મા |** નગર પાલિકા ની ચૂંટણી આવતા ભાજપ સાસકો દ્વારા કોમર્ષીયલ બેન્ક બાજુ ના તૂટેલા રોડ નો પોલ દબાવવા રોડ પર પડેલા ખાડા ઓ માં રોડા દબાવી થૂંક ના સાંધા કર્યા.

# 'સિતારે જમીન પર'નું શૂટિંગ કરતી વખતે આમિર ખાને

## સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લઈને ગણતંત્ર દિવસની ઉજવણી કરી

કેવડિયા | તા.28

ભારતીય સિનેમાના સૌથી મોટા સુપરસ્ટાર પૈકીના એક આમિર ખાન હાલમાં તેની બહુ અપેક્ષિત ફિલ્મ સિતારે જમીન પર માટે તૈયારી કરી રહ્યો છે. ગુજરાતના બરોડામાં શૂટિંગ કરતી વખતે, આમિરે ભારતના 76મા પ્રજાસત્તાક દિવસના અવસર પર સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લેવા માટે વિરામ લીધો હતો. ગુજરાતના કેવડિયા નજીક સ્થિત પ્રતિમાની મુલાકાત, રાષ્ટ્રને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અને આમિરની અતૂટ દેશભક્તિનું પ્રદર્શન હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટી, 182 મીટર (597 ફીટ)ની ઊંચાઈએ ઉભી છે, તે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે અને તે ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને 'ભારતના લોખંડી પુરુષ' સરદાર વલ્લભભાઈ પટેલના વારસાને યાદ કરે છે.



તેમની મુલાકાત દરમિયાન, આમિરની સાથે અનેક અગ્રણી હસ્તીઓ હતી, જેમાં શ્રી અગ્નેશ્વર વ્યાસ, IFS, નાયબ વન સંરક્ષણ અને શ્રી મુકેશ પુરી, IAS, સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ ગવર્નન્સ ઓથોરિટી (SoUADTGA) ના અધ્યક્ષ હતા. શ્રી ઉદિત અગ્રવાલ, IAS, SoUADTGA ના CEO અને શ્રી નારાયણ મધુ, SOUADTGA ખાતે અધિક કલેક્ટર, પણ સુપરસ્ટારને તેમના પ્રવાસ દરમિયાન માર્ગદર્શન આપવા માટે હાજર હતા. આમિરને ગુજરાત પોલીસ અને CISF દ્વારા સુરક્ષા અને સહાય પૂરી પાડવામાં આવી હતી, જેમણે તે દિવસ માટે તેના માર્ગદર્શક તરીકે સેવા આપી હતી.

સિતારે જમીન પર, આર.એસ. પ્રસન્ના દ્વારા દિગ્દર્શિત અને આમિર ખાન અને કિરણ રાવ દ્વારા નિર્મિત આગામી હિન્દી-ભાષાની સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે. તે આમિરની 2007ની બ્લોકબસ્ટર તારે જમીન પરની સિક્વલ છે. આમિર ખાન હાલમાં જેનેલિયા દેશમુખ સાથે આમિર ખાન અભિનીત, 25 ડિસેમ્બરે થિયેટરોમાં આવવાની તૈયારીમાં છે.

## ચૂંટણી પ્રચાર માટે કોઈપણ ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ કરતું જાહેરનામું બહાર પડાયુ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

રાજ્ય ચુંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજની સાસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચારસંહિતાનો અમલ કરવા જિલ્લાના ચુંટણી હેઠળના વિસ્તારોમાં સમાવિષ્ટ ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે અંગેના નિયંત્રણ રાખવાની જરૂર છે. આથી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી સી વી લટા દ્વારા મહીસાગર જિલ્લાના ચુંટણી હેઠળના વિસ્તારોમાં સમાવિષ્ટ કોઈપણ મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરુદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકશે નહીં. ધાર્મિક સંસ્થાઓ (દૂરઉપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૮૮ હેઠળ ધાર્મિક સંસ્થાઓના ફંડ અને જગ્યાનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાતો નથી તેથી તે કાયદાનું અસરકારક રીતે પાલન કરવાનું રહેશે. કોઈ પણ સ્થળે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવે તે સ્થળોએ કોઈ પણ જાતના ચુંટણી પ્રચાર માટેના બેનર લગાવવા નહીં. ચોપાનીયાં વહેચવા નહીં કે કોઈ પણ રાજકીય નેતાઓ કે આયોજકોએ ચુંટણી પ્રચાર માટે પ્રવચન કરવું નહીં.

## મહીસાગર જિલ્લામાં મુદ્રક અને પ્રકાશકના નામ-સરનામા ન હોય એવા ચૂંટણી લક્ષી સામગ્રી છાપી શકાશે નહીં

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

ચૂંટણીને ધ્યાને લઈ મહીસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી વી લટા દ્વારા રજુ થયેલ હુકમ મુજબ કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોંપાનીયા, કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શક્શે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે, તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યક્તિઓએ શાખા કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રકની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીને તથા સબંધિત ચૂંટણી અધિકારીની કચેરીને મોકલી હોય. છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા, અને ફોન/મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે, મુદ્રક પ્રકાશક પાસેથી મેળવેલી એકરાર પત્રક જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીએ તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીએ રજુ કરવાનું રહેશે.

### વરખડ ગામના ૨ વ્યક્તિઓને ચેક રીર્ટન કેસમાં

## 1,1 વર્ષની સજા સાથે રૂ.5 અને 10 લાખ વળતર ચૂકવવા કોર્ટનો હુકમ

ભરત શાહ | નર્મદા




ફરીયાદ કરનાર પટેલ અશોકભાઈ અરવિંદભાઈ સાથે દિલીપ રમણભાઈ પટેલને મિત્રતાના સંબંધોના નાતે આકસ્મિક સંજોગોમાં નાણાંની જરૂર પડતા દિલીપ પટેલ એ અશોક પટેલ પાસે હાથ ઊછીના રૂા.૫,૦૦,૦૦૦/- અંકે (પાંચ લાખ પુરા)ની માંગણી કરેલી અને જણાવેલ કે "થોડા દિવસમાં તમારા પૈસા પરત કરી દઈશ પરંતુ ઘણો સમય હોવા છતા ઊછીના લીધેલ રકમ આપેલ નહી. જેથી વારંવાર ઊઘરાણી બાદ ઉપરોક્ત રૂપિયાના અવેજ પેટે એક્સીસ બેંક, રાજપીપલા શાખાનો તા.૧૦/૦૭/૧૯ ના રોજ ચુકવણી પાત્ર થતો ફરીયાદીના નામનો ચેક આપેલો, આ ચેક તેમના ખાતામાં તા.૧૧/૭/૨૦૧૯ના રોજ વટાવવા જતા ચેક દિલીપભાઈ ના ખાતામાં નાણાં નો અભાવ હોવાથી ' ફંડ ઈનશફીસીયંટ ' ના શેરાથી પરત ફરેલ જેથી અશોકભાઈ એ તા.૦૫/૦૮/૨૦૧૯નાં રોજ એડવોકેટ જીતેન્દ્રસિંહ જે ગોહીલ મારફતે નોટીસ મોકલી આ ચેકના નાણાં દિન-૧૫ માં ચુકવી આપવા માટે જાણ કરેલી. જે નોટીસ મળ્યા બાદ તેનો જવાબ પણ નહી આપતા અશોક પટેલ વિરુદ્ધ ફરીયાદ દાખલ કરેલ જે ફરીયાદ નામદાર એડી.ચીફ ખાંટ સાહેબની કોર્ટમાં ચાલી જતા જેમાં ફરીયાદી તર્ફે વકીલ જીતેન્દ્રસિંહ જે ગોહીલે જરૂરી દલીલો રજૂ કરતા કોર્ટે પુરાવાઓને ધ્યાનમાં રાખી નેગો. એક્ટની કલમ ૧૩૮ મુજબ કસુરવાર ઠેરવી ૧ વર્ષની સજા તથા રૂા.૫,૦૦,૦૦૦/-ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો હુકમ કર્યો હતો.

જ્યારે બીજા કેસ માં વરખડ ગામના જ જીગ્નેશભાઈ રમણભાઈ પટેલે પણ પટેલ અશોકભાઈ અરવિંદભાઈ સાથે મિત્રતા ના સંબંધ માં હાથ ઉછીના રૂ. ૧૦ લાખ લીધા ત્યારબાદ ચેક આપ્યો જે રિટર્ન થયા બાદ અશોક પટેલે નોટિસ મોકલી છતાં રૂપિયા નહી આપતા આખરે કેસ કર્યો જે કેસ એડી. ચીફ ખાંટ સાહેબની કોર્ટમાં ચાલી જતા અશોક પટેલ ના વકીલ જીતેન્દ્રસિંહ જે ગોહીલે કોર્ટ માં દલીલો રજૂ કરતા કોર્ટે પુરાવાઓને ધ્યાનમાં રાખી નેગો. એક્ટની કલમ ૧૩૮ મુજબ જીગ્નેશ પટેલ ને કસુરવાર ઠેરવી ૧ વર્ષની સજા તથા રૂા.૧૦,૦૦,૦૦૦/- અશોક પટેલ ને વળતર તરીકે ચુકવવાનો હુકમ કરતા ચેક આપનારોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# ચાણસ્મા ન. પા.ની ચૂંટણીમાં છ વૉર્ડ માટે 24 ઉમેદવારો સહિત ડમી ઉમેદવારોના ઉમેદવારી પત્રો ભરવા માટેની કોંગ્રેસ સંગઠન દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા નગર પાલિકાની અગામી 16 મી ફેબ્રુઆરી ના રોજ ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો એ લૉબિંગ શરૂ કરી દીધું છે ત્યારે ભાજપ દ્વારા ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો ને ઉમેદવારી પત્રો વિતરણ કરાતા સોમવારે પ્રદેશ ભાજપ માં થી આવેલા નિરીક્ષકો ને 170 ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતાં તો ચાણસ્મા વિધાનસભા ના ધારાસભ્ય દિનેશજી ઠાકોર ના માર્ગદર્શન નીચે ચાણસ્મા તાલુકા શહેર કોંગ્રેસ સંગઠન દ્વારા ચાણસ્મા માં નગર ના છ વૉર્ડ ના 24 સાથે કોંગ્રેસ ના ઉમેદવાર નું ઉમેદવારી પત્ર રાડ થાય તો ડમી ઉમેદવારો સાથે ઉમેદવારી પત્રો ભરવા ની તૈયારી ના ભાગ રૂપે ઉમેદવારી પત્રો વિતરણ કરવા સહિત ની કામગીરી હાથ ધરાઈ હોવાનું કોંગ્રેસ સંગઠન ના સૂત્રો એ જણાવ્યું હતું.

ભાજપ શાસિત ચાણસ્મા પાલિકા ચાણસ્મા નગર ની ભૂગર્ભ ગટર રોડ જેવી નગરજનો ની સમસ્યા ઉકેલી nhi શકતા નગરજનો માં અસન્તોષ. છેલ્લા બે દાયકા થી વધારે સમય થી ચાણસ્મા પાલિકા માં ભાજપ નું શાસન છૅ અને કેન્દ્ર અને રાજ્ય માં ભાજપ ની સરકાર હોવા છતાં વર્ષે શહેરી વિકાશ માટે કરોડો ની ગ્રાન્ટ ની ફાળવણી થઇ હોવા છતાં ચાણસ્મા નગરના કોમર્ષીયલ બેન્ક રોડ ઉગામના દરવાજા થી ભડરિયા ટાંકા સુધી નો રોડ તૂટી જવા સાથે ભૂગર્ભ ગટર ઉભરાઈ જવાની વર્ષો જૂની સમશ્યા સાથે નવા ખોડિયાર માતાજી ના મંદિર થી હારીજ હાઈવે બાજુ ના રોડ પર ગટર ઉભરાઈ જવાની વર્ષો જૂની 7થી 8 સોસાયટી ઓ ની સમસ્યા ઉકેલવામાં સાસકો નિષ્ફળ જતા નગર જનો માં છૂપો અસન્તોષ જોવા મળી રહ્યો છૅ ત્યારે નગર જનો આ વખતે યોજાનારી ચૂંટણી માં મતદાન કરી સારા જડબાતોડ જવાબ આપશે કે પછી ઘી ના ઠામ માં ઘી રહે છે તે તો સમય બતાવશે.

## છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ઉશ્કેરણી જનક ભાષણો પર પ્રતિબંધ

કમલેશ પટેલ | સંખેડા

છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી તે માટે અને હાલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીને અનુલક્ષીને ભારતીય ચૂંટણી આયોગ દ્વારા લાગુ કરાયેલ ચૂંટણી આચારસંહિતાની જોગવાઈઓ અમલ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલ ધામેલિયાએ ફરમાવ્યું છે.

જેમાં છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ જાહેર ખબરો,પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની, આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવા ઉપર મનાઈ કરવામાં આવે છે. આ જાહેરનામું તા. ૨૧/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ કાયદાની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં મહીસાગર જિલ્લા રક્તપિત્ત ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેશન કમિટીની બેઠક યોજાઈ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



સ્પર્શ લેપ્રશી અવેરનેશ કેમ્પઈન-2025

રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલની અધ્યક્ષતામાં "સ્પર્શ" રક્તપિત્ત જનજાગૃતિ અભિયાનના અંગે ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેશન કમિટીની બેઠક જિલ્લા પંચાયત વિડિયો કોન્ફરન્સ હોલ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલએ મહીસાગર જિલ્લાના રક્તપિત્ત દર્દીઓની સંખ્યા, રક્તપિત્ત થવાના કારણો અને લક્ષણો અંગે આરોગ્ય વિભાગ પાસેથી વિસ્તૃતમાં જાણકારી મેળવી, જિલ્લાને રક્તપિત્ત મુક્ત બનાવવા માટે ઝીણવટભર્યા આયોજન, પ્લાનિંગ સફળતા સાથે જિલ્લા-તાલુકા સહિત ગ્રામકક્ષાએ પ્રાથમિક શાળા-આરોગ્ય કેન્દ્ર ખાતે માધ્યમથી લોકો માટે જનજાગૃત કરવા જણાવ્યુ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૩૦ મી જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન સ્પર્શ રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન શરૂ થનાર છે. ત્યારે ભારતને રકતપિત્તમાંથી મુકત કરવા માટેના તમામ પ્રયત્ન કરાશે. વધુમાં જનજાગૃતિ દરમિયાન વિવિધ પ્રવૃતિઓ થનાર છે. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સમાજ કલ્યાણ અધિકારીશ્રી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પરમપુર ગામની મહિલા પર જંગલી પ્રાણીએ હુમલો કરી ઈજા પહોંચાડી

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

લુણાવાડા તાલુકાના પરમપુર ગામ ની આજુબાજુની સીમ વિસ્તારમાં જંગલી પશુઓ જોવા મળતા સ્થાનિક રહીશોમાં ભારે ભયનો માહોલ સર્જાવવા પામ્યો છે પરમપુર ગામના બારીયા ફળિયામાં રહેતા એક મહિલા ઉપર જંગલી પશુએ હુમલો કર્યો હતો રાત્રિના બે વાગ્યાના અરસામાં મહિલા બહાર નીકળતો જંગલી પશુએ મહિલાને પાડી દઈને મહિલાના હાથે બચકું ભર્યું હતું આમ જંગલી પશુ દ્વારા માર્ગ હુમલા ને લઈને સ્થાનિક લોકોમાં ભય પ્રસરી જવા પામ્યો છે.

મહિલાની માતાના ભાગે તેમજ હાથ ઉપર ગંભીર ઈજાઓ થતો મહિલાની લુણાવાડા ની વિનાયક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં તેમના હાથના ભાગે ઓપરેશન કરવામાં આવ્યું.

વન વિભાગના આર્ય કોના જણાવ્યા અનુસાર મહિલા ઉપર શિયાળ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઈ આવે છે આરએફઓના જણાવ્યા અનુસાર અગાઉ પણ પરમપુર ગામ વિસ્તારમાંથી અમોને મેસેજ મળવા પામ્યા હતા જેમાં અમોએ નાઈટ વિઝન કેમેરા દ્વારા શિયાળની હિલચાલ જાણવા મળી હતી.

પરમપુર ગામના ઈજાગ્રસ્ત મહિલા કાંતાબેન દ્વારા જણાવવામાં આવ્યું કે તેઓ રાત્રિના સમયે તે બાથરૂમ જઈને ઘરમાં પરત જઈ રહ્યા હતા ત્યારે ઓચિંતા જ આ જાનવરી મારા પર હુમલો કર્યો હતો અને મને નીચે પાડી દીધી હતી જેથી મેં બચાવ માટે



વન્ય પ્રાણીના હુમલા નો ભોગ બનનાર મહિલાને હાથના ભાગે કરવામાં આવ્યું ઓપરેશન

બૂમાબૂમ કરતો મારા પતિ બહાર દોડી આવ્યા હતા પરંતુ અંધારામાં જણાવવાની ઓળખાણ પણ થઈ શકવા પામી ન હતી. ત્યારે વન વિભાગ દ્વારા આવા કિસ્સાઓને રોકવા માટે સ્થાનિક લોકોમાં જાગૃતતા લાવવા માટે અભિયાન પણ શરૂ કર્યું છે ગામના કોઈ વ્યક્તિ દ્વારા કુતરુ કે શિયાળ જેવું દેખાતું પ્રાણી હોવાનું ફોટો પણ વાયરલ કરવામાં આવ્યો હતો ત્યારે જંગલી શિયાળ હોવાની અસરકારને લઈને ફોરેસ્ટ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ફોરેસ્ટ વિભાગ દ્વારા ગામની આસપાસમાં આવેલા ગામોમાં પગીયાવાડ, ગોરાડીયા, પરમપુર, સેમરાના મુવાડા ગામોમાં હાલ તપાસ કરવામાં આવી રહી છે ત્યારે આ બનાવના પગલે સ્થાનિક રહીશો રાત્રિના સમયે બહાર નીકળતો પણ ભારી ડર અને ભય અનુભવી રહેલા જોવા મળે છે.

## પાટણ તથા ચાણસ્મા ખાતે કર્તવ્ય બોધ કાર્યક્રમ યોજાયો

નીતિન ઠાકર | ચાણસ્મા



ચાણસ્માની પ્રા કું શાળા 1 ખાતે પાટણ અખિલ ભારતીય જિલ્લા શેક્ષિક સંઘ તથા શેક્ષિક સંઘ ના સંયુક્ત ઉપક્રમે 1દિવસીય કર્તવ્ય બોધ સેમિનાર યોજાયો જેમાં ઉપસ્થિત મુખ્ય વક્તા એવમ પાટણ જિલ્લા રાષ્ટ્રીય શેક્ષિક બૌદ્ધિક સંઘના પ્રમુખે શિક્ષક કભી સાધારણ નહી હોતા સમાજનું મજબૂત નિર્માણ કરવામાં સરસ્વતો મહત્વનું પરિબળ બની રહે તે માટે કર્તવ્ય નિષ્ઠ બનવા અનુરોધ કર્યો હતો આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ અશોકભાઈ ચૌધરી જિલ્લા પ્રા શિક્ષણાધિકારી ડૉ નરેન્દ્રસિંહ ચાવડા અભારાશે સંઘ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ભીખાભાઈ પટેલ સાહિત પાટણ જિલ્લા સહીત ચાણસ્મા તાલુકા ના પ્રધાનાચાર્યો સરસ્વતો ઉપસ્થિત રહયા હતાં જયારે અભારાશે મહાસંઘ પાટણ જિલ્લા અને ચાણસ્મા તાલુકા શે સંઘ દ્વારા આયોજન કરાયુ હતું.

# ધોળકામાંથી 500 કિલો ટ્રામાડોલ ડ્રગ્સ મળ્યું

## ગુજરાત ATSએ 50 કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો, આફ્રિકન કન્ટ્રીમાં એક્સપોર્ટનો પ્લાન હતો

(એજન્સી) ધોળકા | તા.28

આણંદ જિલ્લાના ખંભાત શહેરની સોખડા GIDC વિસ્તારમાં આવેલી ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝમાં 24 જાન્યુઆરીએ ATSએ દરોડા પાડી 107 કિલો અલ્પ્રાઝોલમ ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. આ સમયે ઝડપાયેલા 6 પૈકીના એક આરોપીની પૂછપરછમાં તેણે અમદાવાદના ધોળકા નજીક એક વેરહાઉસમાં 500 કિલો ટ્રામાડોલ ડ્રગ્સનો જથ્થો સંતાડ્યો હોવાની માહિતી મળતાં ATSએ દરોડો પાડી અંદાજે 50 કરોડની કિંમતનું ડ્રગ્સ કબજે કર્યું છે. આ જથ્થો અહીંથી આફ્રિકન કન્ટ્રીઝમાં એક્સપોર્ટ કરવાનું આયોજન હોવાનું સામે આવ્યું છે.



### ખંભાતના ડ્રગ્સ કેસની તપાસમાં ધોળકા કનેક્શન ખૂલ્યું

ગુજરાતી ATSએ 24 જાન્યુઆરીએ ખંભાતમાંથી ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીમાંથી 107 કિલો ડ્રગ્સ ઝડપ્યું હતું. ડ્રગ્સ સાથે 6 આરોપીની પણ ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી એક આરોપીની તપાસ દરમિયાન આરોપીએ ધોળકા ખાતે પણ 500 કિલો ટ્રામાડોલ ડ્રગ્સનો જથ્થો છુપાવી રાખ્યા હોવાનું સામે આવ્યું હતું. એના આધારે એટીએસે ધોળકાની કંપનીમાં પણ રેડ કરી હતી ત્યાંથી 500 કિલો ટ્રામાડોલ મળી આવ્યું છે. ATSએ ધોળકામાંથી 50 કરોડથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો છે. ગુજરાત ATSએ 24 જાન્યુઆરીએ બાતમીના આધારે ખંભાત તાલુકાના નેજા ગામમાં આવેલી ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝમાં રેડ કરી હતી. આ રેડ દરમિયાન 107 કિલો અલ્પ્રાઝોલમ નામનું ડ્રગ્સ મળ્યું હતું, જેની કુલ કિંમત 107 કરોડ રૂપિયા છે. ઉપરાંત 30 લાખ રૂપિયા રોકડા પણ જપ્ત કરવામાં આવ્યા હતા. આ ડ્રગ્સના જથ્થા સાથે ATSએ છ આરોપીની ધરપકડ કરી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

**મામલાની તપાસ માટે કમિટીની રચના, ધોરણ-6ની વિદ્યાર્થિનીએ રડતા રડતા સિનિયર વિદ્યાર્થીઓ અને શાળા સામે આક્ષેપો કર્યા હતા**

# SNK સ્કૂલની વિદ્યાર્થિનીના આક્ષેપો બાદ DEO એક્શનમાં

(એજન્સી) રાજકોટ | તા. 28

રાજકોટના યુનિવર્સિટી રોડ પર આવેલ એસએનકે સ્કૂલની ધો.6માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની આ સંસ્થાના ધો.11-12માં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા છેડતી કરાતા અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં શિક્ષણજગતમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ મામલે ગઈકાલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓએ શાળા કેમ્પસ ખાતે ઉગ્ર વિરોધ કર્યો હતો અને ત્યારબાદ આજે(28 જાન્યુઆરી) આ કાર્યકર્તાઓ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ખાતે પહોંચ્યા હતા અને સૂત્રોચ્ચાર સાથે હલ્લાબોલ કર્યો હતો. આ દરમિયાન ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી કિરીટસિંહ પરમારે વિદ્યાર્થિનીનો વીડિયો જોઈ કહ્યુ કે, આ ઘટનામાં એજ્યુકેશન ઈન્સ્પેક્ટરની કમિટી રચી સ્કૂલ સામે કડક પગલાં લેવામાં આવશે.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, યુનિવર્સિટી રોડ પર આવેલી એસએનકે સ્કૂલમાં ધો. 6માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીનો સિનિયર વિદ્યાર્થી દ્વારા છેડતી કર્યાના આક્ષેપ સાથેનો વીડિયો બે દિવસથી સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ વાઈરલ વીડિયોમાં વિદ્યાર્થિની જણાવી રહી હતી કે, આ આખી ઘટના છેલ્લા બે મહિનાથી ચાલી રહી છે પરંતુ સ્કૂલે કોઈ એક્શન નથી લીધા. ધો. 11ના છોકરાઓ અમારા ઉપર રોજ રોફ જમાવે છે. જેમ ફાવે એમ અમારા માતા-પિતાને બોલે છે. તેઓ અમને માર્યા છે. હાલત ખરાબ થઈ ગઈ છે. માથું દુ:ખે છે. સ્કૂલવાળાને પાંચમીવાર ફરિયાદ કરી પણ કોઈ એક્શન લેતું નથી.

અમે બસમાં એન્ટર થતા હોઈએ છીએ ત્યારે તેઓ પગ વચ્ચે રાખે છે અને થોડુંક પણ બેગ અડી જાય એટલે તરત જ અમારા માતા-પિતા સામે ગાળો બોલવા લાગે છે. અમે તેમને બે વાર વોર્નિંગ આપી અને પાંચવાર કમ્પ્લેન કરી કે તમે અમને હેરાન ના કરો, પરંતુ તેઓ માનતા ન હતા. તેમના માતા-પિતા આવ્યા અને મારા માતા-પિતા આવ્યા હતા તેમની સામે અમને ત્રણેયને મારી અને તેના પેરેન્ટ્સે જ અમને માર્યા.



## ઈન્ચાર્જ DEOએ કહ્યું- 'આ મામલાની કમિટી તપાસ કરશે'

આ દરમિયાન ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી કિરીટસિંહ પરમારે જણાવ્યું હતું કે, SNK સ્કૂલની વિદ્યાર્થિનીનો વીડિયો જાહેર થયો છે જેમાં તેઓ જણાવે છે કે ધોરણ 11ના વિદ્યાર્થીઓ સાથે સ્કૂલ બસમાં ઝઘડા થતા હતા જોકે આ મામલે જ્યારે શાળાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમના દ્વારા એવું જણાવવામાં આવ્યું કે આ ઘટના શાળા કેમ્પસમાં બની નથી વિદ્યાર્થીઓ સ્કૂલ બસમાં જતા હોય તે દરમિયાનની આ ઘટના છે. જોકે આ સિવાયની કોઈ જ વિગતો શાળા દ્વારા જાહેર કરવામાં આવી નથી. જોકે એક છાત્રાનો વીડિયો જાહેર થયો છે ત્યારે વર્ગ 2 કક્ષાના અધિકારીના વડપણ હેઠળની ટીમ બનાવવામાં આવશે અને આ તપાસ કમિટી દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવશે અને તપાસના અંતે સ્કૂલ કે વિદ્યાર્થીઓ બેમાંથી જે કોઈ પણ જવાબદાર હશે તો તેમની સામે પણ કડક પગલાં લેવામાં આવશે. આ ઘટનાની જાણ થતાંની સાથે જ ગઈકાલે બપોરે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરો અને હોદ્દેદારો બપોરના એસએનકે સ્કુલ પર પહોંચી સંસ્થામાં પ્રિન્સિપાલને રજૂઆત કરી હતી. જોકે તેઓને સિક્યુરીટીએ દરવાજા પર જ અટકાવી દેતા આ અંગે એબીવીપીના હોદ્દેદારોએ સંસ્થાના સંચાલકો સામે રોષ વ્યકત કર્યો હતો. જે બાદ 14 કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. આજે પણ ABVPના કાર્યકર્તાઓ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ખાતે પહોંચ્યા હતા અને હલ્લાબોલ કર્યો હતો. ABVPના ભાર્ગવ ચૌહાણ દ્વારા એવું જણાવવામાં આવ્યુ કે, પ્રથમ દ્રષ્ટિએ આ રેગિંગની ઘટના કહી શકાય.

---

**રોહીસા ગામથી પકડીને બાબરકોટ એનિમલકેર સેન્ટરમાં ખસેડાયો**

# જાફરાબાદમાં બાળકીનો શિકાર કરનાર દીપડો પાંજરે પૂરાયો...

(એજન્સી) અમરેલી | તા.28

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં દીપડાના વધતા આતંક વચ્ચે વનવિભાગને મોટી સફળતા મળી છે. વનવિભાગની ટીમે રોહીસા ગામ નજીકથી એક દીપડાને પાંજરામાં કેદ કર્યો છે. આ દીપડો જ ચિત્રાસર ગામમાં બાળકીનો શિકાર કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.



ગત 25 જાન્યુઆરીએ જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામની સીમમાં દીપડાએ એક બાળકીનો શિકાર કર્યો હતો, જેના કારણે ગ્રામજનોમાં ભય અને રોષનો માહોલ સર્જાયો હતો. આ ઘટના બાદ શેત્રુંજી ડિવિઝનના જાફરાબાદ RFO અને તેમની ટીમે સઘન શોધખોળ શરૂ કરી હતી. વિસ્તારમાં 10 જેટલા પાંજરા ગોઠવવામાં આવ્યા હતા અને વનવિભાગની ટીમે પગમાર્કના આધારે સ્કેનિંગ કરીને અલગ-અલગ ટીમો દ્વારા શોધખોળ હાથ ધરી હતી. પકડાયેલા દીપડાને બાબરકોટ એનિમલકેર સેન્ટરમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેનું હેલ્થ ચેકઅપ કરવામાં આવશે. વનવિભાગ દ્વારા એનિમલ ડોક્ટરની ટીમ મારફતે આ દીપડો માનવભક્ષી છે કે કેમ અને ચિત્રાસરમાં બાળકીના મૃત્યુ માટે જવાબદાર છે કે કેમ તેની તપાસ કરવામાં આવશે.

# મોરબીમાં તંત્રનું બુલડોઝર ફર્યું:લખધીરપુર રોડ પર 150થી વધુ દબાણ તોડ્યા; 35 કરોડના ખર્ચે રોડ પહોળો કરાશે

મોરબી | મોરબી તાલુકામાં મુખ્યમંત્રીના આદેશ અનુસાર ગેરકાયદેસર દબાણો દૂર કરવાની મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લખધીરપુર રોડથી સીધા હળવદ રોડ સુધી જોડતા માર્ગને પહોળો કરવા માટે આજે 150થી વધુ દબાણ તોડી પાડવામાં આવ્યા છે. આ રોડ 35 કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે.

જિલ્લા પંચાયત બાંધકામ શાખાના અધિકારીઓની ટીમે બુલડોઝર સાથે કાર્યવાહી શરૂ કરી હતી. નોંધનીય છે કે, આ પહેલા 112 જેટલા દબાણકર્તાને નોટિસ આપવામાં આવી હતી, જેમાં કેટલાક કોમ્પ્લેક્સને પણ સીધી નોટિસ ફટકારવામાં આવી હતી. કેટલાક લોકોએ તંત્રની કાર્યવાહી પહેલા જ સ્વૈચ્છિક રીતે પોતાના દબાણો દૂર કર્યા હતા.

મોરબીમાં આ અગાઉ ધરમપુર રોડ પર 25 જેટલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. હાલમાં જૂના ઘૂંટું રોડ પર પણ 70 જેટલા આસામીને નોટિસ આપવામાં આવી છે. મુખ્યમંત્રીના આદેશ મુજબ સમગ્ર ગુજરાતમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશ ચાલી રહી છે, જેના ભાગરૂપે મોરબી તાલુકામાં વર્ષોથી રોડની સાઈડમાં થયેલા સરકારી જમીન પરના દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે.

**મુન્દ્રામાં ACના કોમ્પ્રેસરમાં બ્લાસ્ટ:, માતાની હાલત ગંભીર...**

# આગ ફાટી નીકળતાં પિતા-પુત્રી ઊંઘમાં જ ભડથું

કચ્છ (ભુજ ) | કચ્છના મુન્દ્રામાં એક રહેણાક મકાનમાં એસીના કમ્પ્રેસરમાં બ્લાસ્ટ બાદ વિકરાળ આગ લાગતા પિતા-પુત્રી ઊંઘમાં જ બળીને ભડથું થઇ ગયાં છે, જ્યારે માતા ગંભીર રીતે દાઝી ગયા હતા. આ દુર્ઘટનામાં 41 વર્ષીય રવિકુમાર રામેશ્વર રાય અને તેમની 2 વર્ષીય પુત્રી જાનવી બળીને ભડથું થઇ ગયાં હતાં, જ્યારે માતા કવિતાબેન 70 ટકા બળી જતા તેમને સારવાર અર્થે મુન્દ્રાની અદાણી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઘટના અંગે મળતી માહિતી મુજબ મુન્દ્રાના બારોઈ રોડ ખાતે આવેલા સૂર્યનગરમાં એક મકાનની અંદર ભયંકર આગ લાગી હતી. રહેણાક મકાનમાં લાગેલા એસીના કોમ્પ્રેસરમાં કોઈ કારણોસર બ્લાસ્ટ થતા આગ ભભૂકી હતી. આગ લાગવાથી ઘરની અંદર ઊંઘી રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમાં પિતા-પુત્રીનાં કરુણ મોત નીપજ્યાં છે, જ્યારે 30 વર્ષીય માતાને સારવાર અર્થે મુન્દ્રાની અદાણી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

આ અંગે મુન્દ્રા પોલીસમાંથી પ્રાપ્ત માહિતી મુજબ આગ લાગવાની ઘટના આજે(28 જાન્યુઆરી) પરોઢે 5 વાગ્યાના અરસામાં બની હતી. રહેણાક વિસ્તારમાં આગ લાગતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને તંત્રને જાણ કરી હતી. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તુરંત ખાનગી કંપનીના ફાયર ફાયટરને બોલાવી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાઈ હતી.



## પાલિતાણામાં ઓઈલ મિલમાં આગ

ભાવનગર જિલ્લાના પાલિતાણામાં આજે વહેલી સવારે એક ઓઈલ મિલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. પાલિતાણા-ભાવનગર રોડ પર આવેલી એમ.જે. યુનિટ ઓઈલ મિલમાં સવારે 5 વાગ્યા આસપાસ આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતાં જ પાલીતાણા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડની ટીમે સતત બે કલાક સુધી પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આગની ઘટના પેટ્રોલ પંપની બાજુમાં બની હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી.જૂનાગઢના કડિયાવાડ વિસ્તારમાં મધરાતે આગની ઘટના ઘટી હતી. ખમણની બંધ દુકાનમાં પડેલ ગેસ-સિલિન્ડરમાં બ્લાસ્ટ થતા વિકરાળ આગ લાગી હતી. આ ઘટનાની સ્થાનિકોએ મોડી રાત્રે ફાયર વિભાગને જાણ કરતાં ફાયર વિભાગ અને પોલીસકાફલો ઘટનાસ્થળે દોડી ગયો.

**પોલીસે આગળની તપાસ હાથ ધરી:** આગ પર કાબૂ મેળવ્યા બાદ મકાન અંદર તપાસ કરતા પરિવારના ત્રણ સભ્યો દાઝેલી હાલતમાં મળી આવ્યા હતા. જેમાં મુળ આંધ્રપ્રદેશના 41 વર્ષીય રવિ કુમાર રામેશ્વર રાય અને તેમની 2 વર્ષીય પુત્રી જાનવી બળીને ભડથું થઇ ગયાં હતાં. જેમના મૃતદેહને સરકારી હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવમાં આવ્યા છે. જ્યારે માતા કવિતાબેન 70 ટકા બળી જતા તેમને સારવાર અર્થે મુન્દ્રાની અદાણી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ પોલીસે જાણવા જોગના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત સોમવારની મોડી રાત્રથી મંગળવારની વહેલી સવાર સુધી સુરત, પાલીતાણા, જૂનાગઢ અને મહેસાણામાં પણ આગ લાગવાના બનાવો સામે આવ્યા છે. સુરતના લીંબાયત વિસ્તારમાં આવેલા કાગળ અને કાપડના ભંગારના ગોડાઉનમાં મોડીરાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગ ઘટનાસ્થળે દોડી ગયું હતું અને કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. આગની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. જોકે, ગોડાઉન બળીને ખાખ થઈ ગયું છે. સંપૂર્ણ અહેવાલ વાંચવા માટે અહીં ક્લિક કરો..

# MD ડ્રગ્સના ઓવરડોઝથી યુવકના મોતની આશંકા: ડ્રિંક છોડ્યા બાદ પંદર દિવસથી ડ્રગ્સની લત લાગી હતી

(એજન્સી) સુરત | તા. 28

સુરતના ઉન વિસ્તારમાં 32 વર્ષીય યુવકનું શંકાસ્પદ મોત નીપજ્યું છે. એમડી ડ્રગ્સનો ઓવરડોઝ લેવાના કારણે જ યુવકનું મોત થયું હોવાનું પરિવારનું અનુમાન છે. ગત 20 જાન્યુઆરીના રોજ યુવક નશાની હાલતમાં બેભાન થઈ ગયો હતો. ત્યારબાદ તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. હાલ તો યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ યુવકના મોતનું સાચું કારણ સામે આવશે.

મળતી માહિતી પ્રમાણે, સુરતના ઉન વિસ્તારમાં આવેલી સંજર સોસાયટીમાં 32 વર્ષીય નવાઝખાન પઠાણ પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા, પત્ની અને ત્રણ દીકરી છે. નવાઝખાન રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો હતો. આ સાથે જ નવાઝખાન સમયાંતરે દારૂ પીતો હતો. થોડા દિવસથી તે મિત્રો સાથે એમડી ડ્રગ્સનું સેવન કરતો પણ થઈ ગયો હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગત 20મીની રાત્રે 11 વાગ્યાના અરસામાં નવાઝખાન પઠાણે પોતાના ઘર પર કોઈ નશાકારક દ્રવ્યનું ઈન્જેકશન લીધું હતું. ત્યારબાદ સવારે તેને ખેંચ આવી ગઈ હતી અને બેભાન થઇ ગયો હતો. ત્યારબાદ ત્રણ જેટલી ખાનગી હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી હતી. જોકે, કોઈ રિકવરી આવી ન હતી અને સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

## 15-20 દિવસથી ડ્રગ્સનો નશો કરવા લાગ્યો હતો: ઈમરાનખાન

આ મામલે મૃતકના ભાઈ ઈમરાનખાન પઠાણે જણાવ્યું હતું કે, નવાઝખાન પઠાણ પહેલા દારૂ પીતો હતો. જોકે, છેલ્લા 15-20 દિવસથી એમડી ડ્રગ્સનો નશો કરવા લાગ્યો હતો. જેમાં ગત 20 જાન્યુઆરીના રોજ એમડી ડ્રગ્સ લેતાં ઓવરડોઝ થઈ ગયો હતો. ત્યારબાદ તે ઘરે બેભાન થઈ જતા તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી તેની તબિયત વધુ ખરાબ થતા અન્ય ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને બ્રેઈનડેડ જાહેર કરાયો હતો. આજે (28 જાન્યુઆરી) સવારે નવાઝખાન પઠાણનું મોત નીપજ્યું હતું. પરિવારજનો દ્વારા એમડી ડ્રગ્સના ઓવરડોઝના કારણે મોત થયું હોવાના આક્ષેપના પગલે પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ નવાઝખાન પઠાણના મોતનું સાચું કારણ સામે આવશે. જોકે, હાલ તો આ મામલે ભેસ્તાન પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી છે.

**સુરતમાં યુવકોએ મર્ડરનો સીન ક્રિએટ કરી તલવારથી કેક કાપી; ફિલ્મી સ્ટાઈલમાં એન્ટ્રી લઈ સિગારેટ-દારૂની બોટલ સાથે રીલ બનાવી હતી**

# 2022માં રીલ બનાવી, 2025માં ધરપકડ

(એજન્સી) સુરત | તા. 28

સુરતના ભેસ્તાન વિસ્તારમાં ઈન્સ્ટાગ્રામ પર ફેમસ થવા માટે ભાઈગીરીનો વીડિયો બનાવનારા પાંચ યુવકોને ભેસ્તાન પોલીસે ઝડપી કાયદાનું ભાન કરાવ્યું છે. પાંચ યુવકોએ ફિલ્મી સ્ટાઈલમાં એન્ટ્રી મારીને જાહેરમાં સિગારેટ અને દારૂની બોટલ લઈ ડાન્સ કરી રહ્યા હતા. આ સાથે જ એક યુવકે તલવાર વડે કેક કાપી ભાઈગીરી બતાવવા મર્ડરનો સીન ક્રિએટ કર્યો હતો. આ વાઈરલ વીડિયોના આધારે પોલીસે તમામ આરોપીને ઝડપી કાયદેસર કાર્યવાહી કરી છે.

ઈન્સ્ટાગ્રામ પર વાઈરલ થયેલા વીડિયોમાં જોઈ શકાઈ છે કે, યુવકો ફિલ્મી સ્ટાઈલમાં ટુ-વ્હીલર પર એન્ટ્રી લે છે. પોતે ભાઈલોગ હોય તે પ્રકારે પોતાને પ્રદર્શિત કરતા દેખાયા હતા. આ સાથે જ તલવાર વડે કેક કાપી અન્ય યુવકનું છરી મારી મર્ડરનો સીન ક્રિએટ કર્યો હતો. આ સાથે અન્ય યુવકના ગળા પર તલવાર રાખી હતી. આ વીડિયો મે, 2022માં બનાવાયો હતો, પરંતુ હાલમાં સોશિયલ મીડિયા પર ફરી વાઈરલ થતા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. વીડિયોને ધ્યાનમાં લઈ ભેસ્તાન પોલીસ સ્ટેશનના અધિકારીઓએ તરત જ યુવકોને શોધવાની કામગીરી શરૂ કરી હતી. વીડિયો અનુસંધાને તપાસ કરતા જાણવા મળ્યું કે, આ યુવકો ભેસ્તાનના વિસ્તારમાં રહે છે. પોલીસે તેમનાં સરનામાં પર તપાસ કરી.



## તમામ સામે કાયદેસરની કાર્યવાહી

આરોપી અઝહર અને જુનેદ વિરુદ્ધ હથિયારબંધી જાહેરનામા ભંગના ગુનાના કેસ નોંધવામાં આવ્યા છે. જ્યારે અન્ય ત્રણ યુવકો પર શાંતિ ભંગ કરવા માટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ધરપકડ બાદ તમામ યુવકોએ પોતાની ભૂલ માટે માફી માગી હતી અને કહ્યું કે આ વીડિયો જૂનો હતો. તેમણે પોલીસને વચન આપ્યું કે તેઓ ફરી ક્યારેય આવા જોખમી વીડિયો બનાવી લોકોને ગુમરાહ કરશે નહીં. ભેસ્તાન પોલીસે આ પ્રસંગે તમામ યુવાનોથી સોશિયલ મીડિયા પર યોગ્ય અને કાયદેસર રીતે વર્તન કરવાનો આગ્રહ રાખ્યો. ભવિષ્યમાં આવા વીડિયો બનાવતા પકડાશે તો કડક પગલાં લેવામાં આવશે તેવો આદેશ પણ જાહેર કર્યો છે. આ ઘટનાથી સુરતના યુવાનો માટે સાબિત થાય છે કે સોશિયલ મીડિયા પર ફેમસ થવા માટે જોખમી હિલચાલો કરવી ભવિષ્યને દાવ પર મૂકવા સમાન છે.

**કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાની માગ સાથે NSUIનો વિરોધ**

# ગર્લ્સ હોસ્ટેલના ભોજનમાંથી ઈયળ નીકળતા રજૂઆત

(એજન્સી) વડોદરા | તા. 28

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અવાર-નવાર વિવાદોમાં સપડાયેલી રહેતી હોય છે. ત્યારે ફરી એકવાર ગર્લ્સ હોસ્ટેલમાં ભોજનમાંથી ઈયળ નીકળતા વિદ્યાર્થીઓના ન્યાય માટે આજે યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે NSUI દ્વારા આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી. વર્ષોના અનુભવ આધારે હેડ ઓફિસ ખાતે ફરી એકવાર કિલ્લાબંધી કરવામાં આવી હતી. જોકે, પીઆરઓ પહોંચતા તેઓએ મુખ્ય ગેટ ખોલાવી અને પ્રતિક્ષા રૂમમાં આવેદનપત્ર સ્વીકાર્યું હતું.

વડોદરાની એમએસ યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં ભોજનમાં ઈયળ નીકળતા હોબાળો મચી જવાબ પામ્યો છે. આ બનાવ અંગે આજે એમ. એસ. યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે એનએસસીઆઈ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ન્યાય મળે અને આવા કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર આપ્યું હતું.

એન.એસ.યુ.આઈના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે આવેદનપત્ર આપે તે પૂર્વે જ પરંપરાગત રીતે યુનિવર્સિટીની હેડ ઓફિસને તાળાબંધી કરવામાં આવી હતી. જો કે, પૂર્વ વીસીના રાજીનામા બાદ આ તાળાબંધીને પી.આર.ઓ દ્વારા ખોલાવડાવી અને પ્રતિક્ષા હોલમાં આવેદનપત્ર સ્વીકાર્યું હતું. દરમિયાન સિક્યુરિટી ઈન્ચાર્જ બોલી ઉઠ્યાતા કે, વર્ષોનો અનુભવ છે એટલે આ કરવું પડે છે. આ અંગે એન.એસ.યુ.આઈના પ્રમુખ અમર વાઘેલાએ જણાવ્યું હતું કે, એમ.એસ યુનિવર્સિટીમાં 16 હોસ્ટેલો આવેલી છે, જેમાં 6,000 જેટલા વિદ્યાર્થીઓ રહેતા હોય છે. અવારનવાર ત્યાંની મેસમાંથી જીવ-જંતુઓ, ઈયળ નીકળવાની ફરિયાદ વિદ્યાર્થીઓ દ્વારા આવતી રહેતી હોય છે. થોડા દિવસ પહેલાંની એસ.પી. હોલની પાછળ બોયઝની મેસ આવેલી છે, ત્યાં એનએસયુઆઈ દ્વારા વોર્ડનને રજૂઆત કરવામાં આવી હતી. વધુમાં જણાવ્યું હતું કે, અહીંયા મૂકવામાં આવતી શાકભાજી પર ફંગલસ જોવા મળી હતી અને તે શાકભાજી ખુલ્લામાં જોવા મળ્યા હતાં. આ બાબતે અનેકવાર રજૂઆત છતાં પણ યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી. અમને એવું લાગી રહ્યું છે કે, યુનિવર્સિટીના સત્તાધિશો કોન્ટ્રાક્ટર સાથે સંકળાયેલા છે અને ક્યાંક ને ક્યાંક કોન્ટ્રાક્ટરો પાસેથી ઉઘરાણી કરે છે. ગતરોજ ફરી એકવાર ગર્લ્સ હોસ્ટેલમાંથી ઈયળ નીકળવાનો બનાવ સામે આવે છે અને આ બાબતે અવારનવાર વિદ્યાર્થીઓ દ્વારા કમ્પ્લેન કરવામાં આવતી હોય છે.

# મોરબી ક્રાઈમ ન્યૂઝ: HDFC બેંકના કર્મચારીનું પડી જવાથી કરુણ મોત

(એજન્સી) મોરબી | તા. 28

મોરબી શહેરમાં 32 વર્ષીય યુવાનનું બાથરૂમમાં પડી જવાથી કરુણ મોત નીપજ્યું છે. મધુવનભાઈ ભગવાનજીભાઈ મકવાણા નામના આ યુવાન સામાકાંઠા વિસ્તારમાં ભડિયાદ કાંટા નજીક આવેલી જવાહર સોસાયટીમાં રહેતા હતા અને લાલપર ગામ પાસે આવેલી HDFC બેંકની શાખામાં નોકરી કરતા હતા.



ગંભીર ઘટના ત્યારે બની જ્યારે મધુવનભાઈ પોતાના ઘરે હતા અને અચાનક બાથરૂમમાં પડી ગયા. ઈજાઓની ગંભીરતાને જોતાં તેમને તાત્કાલિક મોરબીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ્યા બાદ તેમને મૃત જાહેર કર્યા. હોસ્પિટલ દ્વારા મોરબી બી ડિવિઝન પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી, જેના પગલે પોલીસે અકસ્માત મૃત્યુનો કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. આશાસ્પદ યુવાનના અકાળે અવસાનથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# જામીન માટે બનાવટી દસ્તાવેજો રજૂ કરનાર સામે કાર્યવાહી કરાઈ

(એજન્સી) પંચમહાલ | તા. 28

ગોધરા શહેરમાં બનાવટી દસ્તાવેજો રજૂ કરીને આરોપીને જામીનમુક્ત કરાવવાના ગંભીર કિસ્સામાં પોલીસે બે શખ્સ સામે ગુનો નોંધ્યો છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના રજિસ્ટ્રાર આશુતોષ દવેની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાયેલા એક કેસમાં સીઆરપી સિંગ ઉર્ફે રામચંદસિંગ ગોડી નામના આરોપીને જામીન અપાવવા માટે સિદ્દીક મોહમ્મદ સઈદ કઠડીએ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો. આરોપીએ સર્વે નંબર 773/2ની જમીન ન હોવા છતાં તેની બનાવટી 7/12 ની નકલો તૈયાર કરી હતી. આ દસ્તાવેજોમાં તલાટી-કમ-મંત્રીનો ખોટો સિક્કો, રાઉન્ડ સીલ અને બનાવટી સહીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ બનાવટી દસ્તાવેજોના આધારે સોલવન્સી સર્ટિફિકેટ બનાવવામાં આવ્યું અને તેને કોર્ટમાં સાચા તરીકે રજૂ કરી આરોપી સીઆરપી સિંગને જામીન અપાવવામાં આવ્યા હતા. આ સમગ્ર બાબત કોર્ટના ધ્યાન પર આવતા બંને આરોપીઓ - સિદ્દીક મોહમ્મદ સઈદ કઠડી અને સીઆરપી સિંગ સામે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

# સપ્તાહમાં ચાર જ દિવસ કામ: એક સાથે 200 કંપનીઓએ લાગુ કર્યો નિયમ

(એજન્સી) મુંબઈ | તા 28

એક તરફ જ્યાં ભારતમાં કેટલાક લોકો અઠવાડિયામાં 70થી 90 કલાક કામ કરવાની સલાહ આપી રહ્યા છે તો બીજી તરફ યુકેની 200 કંપનીઓએ એક મોટો નિર્યણ લીધો છે. આ નિર્ણયથી કર્મચારીઓની ખુશીનો કોઈ પાર નથી રહ્યો. એક અહેવાલ પ્રમાણે યુનાઈટેડ કિંગડમમાં એક ઐતિહાસિક નિર્ણય લેતા ઓછામાં ઓછી 200 બ્રિટિશ કંપનીઓએ પોતાના કર્મચારીઓ માટે સેલેરીમાં ઘટાડો કર્યા વિના અઠવાડિયામાં માત્ર 4 દિવસ કામ કરવાનો નિર્ણય લાગુ કરી દીધો છે. આ પરિવર્તન 4 ડે વીક ફાઉન્ડેશન દ્વારા સમર્થિત છે અને તેમાં માર્કેટિંગ, ટેકનોલોજી, ચેરિટી અને આઈટી સેક્ટરની કંપનીઓની ભાગીદારી વધારે છે. 4 ડે વર્કિંગ પેટર્નને સમર્થન કરનારાઓનું માનવું છે કે, 5 ડે વર્કિંગ પેટર્ન જૂના આર્થિક યુગમાંથી વારસામાં મળી છે અને તેને બદલવાની જરૂર છે. 4 ડે વીક ફાઉન્ડેશનના અભિયાન નિર્દેશક જો રાયલે જણાવ્યું કે, 9-5ની વર્કિંગ પેટર્ન 100 વર્ષ પહેલાં બની હતી અને હવે તે આધુનિક સમય માટે યોગ્ય નથી. અઠવાડિયામાં ચાર દિવસ કામ કરવાથી કર્મચારીઓને વધુ ખાલી સમય અને વધુ સારું જીવન જીવવાની સ્વતંત્રતા મળશે. આ સાથે જ ક્લાઈન્ટ માટે પણ પ્રોડક્શન વધારવા અને કર્મચારીઓને આકર્ષવાનો એક શ્રેષ્ઠ માર્ગ છે.



### 4 ડે વીક કામ કરવામાં વધતી રુચિ

લેબર પાર્ટીના ઘણા વરિષ્ઠ નેતાઓએ પણ આ પગલાને સમર્થન આપ્યું છે, જોકે આ પાર્ટીની સત્તાવાર નીતિ નથી. એક સર્વે પ્રમાણે 18થી 34 વર્ષની વયના લોકો અઠવાડિયામાં ચાર દિવસ કામ કરવાના નિયમને વધુ યોગ્ય માને છે. તેમાં લગભગ 78% યુવાનો માને છે કે આગામી પાંચ વર્ષમાં આ આદર્શ બની જશે.

### અઠવાડિયામાં 4 દિવસ કામ કરવાના ફાયદા

સ્પાર્ક માર્કેટ રિસર્ચના એક સર્વે પ્રમાણે યુવાનોનું કહેવું છે કે, માનસિક સ્વાસ્થ્ય અને સમગ્ર કલ્યાણ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને 4 ડે વીક અમારા જીવનની ગુણવત્તા સુધારવા માટે એક મહત્વપૂર્ણ પરિબળ છે.

### કઈ-કઈ કંપનીઓ કરી રહી ફેરફાર

આ પગલું સૌથી પહેલા માર્કેટિંગ, જાહેરાત અને પ્રેસ રિલેશન સાથે સંબંધિત 30 કંપનીઓએ ઉઠાવ્યું છે. ત્યારબાદ ટેકનોલોજી, આઈટી અને સોફ્ટવેર કંપનીઓએ પણ તેને અપનાવ્યું. અત્યાર સુધીમાં કુલ 200 કંપનીઓએ ચાર દિવસ કામ કરવાના નિયમને લાગુ કરી ચૂકી છે, જેમાં લંડનની 59 કંપનીઓનું નેતૃત્વ છે.

### કોવિડ-19 બાદ વર્ક કલ્ચરમાં ફેરફાર

કોરોના મહામારી દરમિયાન ઘરેથી કામ કરવાની પેટર્ને ઘણા કર્મચારીઓને પરંપરાગત કાર્ય માળખાથી અલગ કરી દીધા છે. જ્યારે અનેક અમેરિકન કંપનીઓ જેમ કે, જેપી મોર્ગન ચેસ અને એમેઝોને કર્મચારીઓને અઠવાડિયામાં પાંચ દિવસ ઓફિસ આવવાનો આદેશ આપ્યો તો તેનો વિરોધ થયો હતો. ઘણા કર્મચારીઓએ આ આદેશનો વિરોધ કર્યો અને ઘરેથી કામ કરવાનો અધિકાર આપવાની માગ કરી હતી.

# ચીનનું સસ્તું AI એન્જિન ડીપસીક લોન્ચ

## વિશ્વભરની ટેક કંપનીઓને 1 લાખ કરોડ ડોલરનું નુકસાન

(એજન્સી) મુંબઈ | તા 28

રશિયાએ 1957 સસ્તા સ્પુટનિક સેટેલાઈટ લોન્ચ કરી સ્પેસ ટેકનોલોજીમાં જેવી ક્રાંતિ આણી છે તેવી જ ક્રાંતિ આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ (એઆઈ)ના લાર્જ લર્નિંગ મોડેલ ક્ષેત્રે ચીનના સ્ટાર્ટ અપ ડીપસીકએ લાવી છે. અમેરિકાના અબજો ડોલરના રોકાણ સામે માત્ર ૬૦ લાખ ડોલર (ભારતીય ચલણમાં લગભગ રૂ. ૫૨ કરોડ)ના રોકાણથી ડીપસીકનું લર્નિંગ મોડેલ અત્યારે વિશ્વમાં સૌથી વધુ વપરાતા ચેટજીપીટી કરતા વધારે શક્તિશાળી, સરળ અને વધારે ઝડપી હોવાનું જાણવા મળી રહ્યું છે. ચીનની આ શોધથી અમેરિકા, એશિયા અને યુરોપમાં એઆઈ માટે સેમીકન્ડકટર બનાવતી કંપનીઓના શેરમાં કડાકો બોલી ગયો છે. આ કડાકાના કારણે ટેક કંપનીઓના બજાર મૂલ્યમાં એક લાખ કરોડ ડોલર (એક ટ્રીલીયન ડોલર) સાફ થઈ ગયા છે.

ઓપનએઆઈ વર્ષે પાંચ અબજ ડોલરનો ખર્ચ પોતાના લાર્જ લર્નિંગ મોડેલમાં કરે છે. આ ઉપરાંત, તેના મોડેલની જટિલતાની ગણતરી માટે ચીપસેટ, તેનું ટેસ્ટીંગ અને તેના ડેટા સ્ટોરેજ અને તેને લગતી સેવાઓ આપતી અમેરિકન કંપનીઓ પણ અબજો ડોલરનો ખર્ચ કરે છે. ડીપસીકના એકદમ સસ્તા મોડેલથી આ બધી કંપનીઓએ કરેલા રોકાણ અને તેની સામેના વળતર સામે સવાલો ઉભા થઈ રહ્યા છે અને તેના કારણે શેરના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું જાણકારો જણાવે છે. ડીપસીકની અસરથી એઆઈ ચીપસેટમાં અત્યારે વિશ્વમાં અવ્વલ ગણાતી એનવિડીયાના શેરમાં કડાકો બોલ્યો છે. એનવિડીયાના શેર અમેરિકામાં ૧૭ ટકા ઘટી ૧૨૦ ડોલર થઈ ગયા છે. સત્રમાં એનવીડીયાના શેરના ભાવ ઘટતા તેની એકલાની સંપત્તિમાં ૪૬૫ અબજ ડોલરનો કડાકો બોલી ગયો છે. અમેરિકામાં ટેકનોલોજી કંપનીઓના બજાર નાસ્ડાકનો ઈન્ડેક્સ એક તબક્કે પાંચ ટકા ઘટયા પછી અત્યારે ૩.૨૪ ટકા ઘટેલો છે. ઓગસ્ટ મહિના પછીનો આ સૌથી મોટો ઘટાડો છે. એશિયન ટ્રેડીંગમાં જાપાનીઝ સેમીકન્ડકટર કંપનીઓના શેરના ભાવ પણ ઘટયા હતા. એનવીડીયાના ચીપનું ટેસ્ટીંગ કરતી એડવાનટેસ્ટના ભાવ ૮.૬ ટકા ટોક્યો ઈલેક્ટ્રોનના શેર ૧.૯ ટકા, રેનેસસ ઈલેક્ટ્રોનીક્સ ૧.૨૪ ટકા ઘટયા હતા. યુરોપની સૌથી મોટી સેમીકન્ડકટર કંપની એએસએમએલના શેર ૧.૨ ટકા, જર્મનીની સીમેન્સના ૪.૧ ટકા અને ઈલેક્ટ્રોનીક્સ ઓટોમેશન ક્ષેત્રે અગ્રણી શ્નાઈડરનો ભાવ ૬.૮ ટકા ઘટી ગયો છે. તરફ, એપલના એપ સ્ટોરમાં ચેટજીપીટી અને અન્ય એઆઈ કરતા જાન્યુઆરી મહિનામાં જ લોન્ચ થયેલા ડીપસીકના ડાઉનલોડની સંખ્યા વધી ગઈ છે.




એઆઈ ક્ષેત્રે અમેરિકાની અત્યારસુધીની નંબર વન તરીકેની છાપ સામે ચીને સીધો પડકાર ફેંક્યો છે. ડીપસીકે વીડ મોડેલ લોન્ચ કર્યું છે અને સ્ટાર્ટઅપનો દાવો છે કે આ માત્ર બે મહિનામાં જ તૈયાર કરવામાં આવ્યું છે. આ મોડેલ ચેટજીપીટીના મોડેલ જેટલું જ કાર્યક્ષમ હોવાનું એઆઈ ઉપર રિસર્ચ કરી રહેલા નિષ્ણાતોએ સ્વીકારવાનું શરૂ કરી દીધું છે. આ મોડેલની કાર્યક્ષમતા ચકાસવા માટે મેથેમેટિક્સ, કોડીંગ અને ભાષાકીય તર્ક કેટલી ઝડપથી પ્રોસેસ કરી શકે છે એની ચકાસણી કરવામાં આવે છે. ચેટજીપીટી કે ડીપસીક કે અન્ય કોઈપણ એઆઈ મોડેલ માટે આધુનિક ચીપ જરૂરી છે. વર્ષ ૨૦૨૧થી અમેરિકાએ ચીનને આવી એડવાન્સ ચીપ વેચવા ઉપર નિયંત્રણ મૂકેલા છે. આ નિયંત્રણ છતાં ચીનના સ્ટાર્ટઅપે ડીપસીકનું આધુનિક મોડેલ રજૂ કરતા દુનિયા દંગ રહી ગઈ છે. નવા એઆઈ મોડેલના કારણે સૌથી મોટો સવાલ ઉભો થયો છે કે અમેરિકન કંપનીઓ જેટલા મોંઘા રોકાણનો દાવો કરી રહી છે એટલું રોકાણ એઆઈ માટે જરૂરી નથી. બીજું, એટલો સમય પણ લાગતો નથી અને સૌથી મહત્વનું છે કે લાર્જ લર્નિંગ મોડેલ માટે જે એડવાન્સ ચીપ કે અતિ જટિલ ચીપની જરૂરીયાત હોવાનો દાવો થઈ રહ્યો છે એની પણ જરૂરિયાત નથી.

# મોબિક્વિકે પર્સનલ લોન્સ ઓફર કરવા પિરામલ ફાઈનાન્સ સાથે ભાગીદારી કરી

### ભારતનું સૌથી મોટું ડિજિટલ વોલેટ મોબિક્વિક (વન મોબિક્વિક સિસ્ટમ્સ લિ.)એ પીરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લિ. સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત




(એજન્સી) મુંબઈ | તા 28

ભારતનું સૌથી મોટું ડિજિટલ વોલેટ મોબિક્વિક (વન મોબિક્વિક સિસ્ટમ્સ લિ.)એ પીરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લિ. સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. મોબિક્વિક ગ્રાહકો અને વેપારીઓ બંનેને પેમેન્ટ્સ અને નાણાકીય ઉત્પાદનોની વ્યાપક રેન્જ ઓફર કરે છે. આ ભાગીદારીનો આશય મોબિક્વિકના ગ્રાહકોને પર્સનલ લોન્સ પૂરી પાડવાનો છે, જે ગ્રાહકોને પરવડે તેવી ધિરાણ સુવિધા આપશે. આ ભાગીદારી મારફત મોબિક્વિકના ગ્રાહકો હવે વોલેટના પ્લેટફોર્મ મારફત ખૂબ જ સરળતાથી પર્સનલ લોન્સ માટે અરજી કરવા સક્ષમ બની શકશે. આ ઓફર વ્યક્તિઓની વિવિધ નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા માટે તૈયાર કરાઈ છે, જેમાં તેઓ શિક્ષણ, તબીબી ખર્ચ, પ્રવાસ ખર્ચ અને અન્ય વપરાશના હેતુ માટેના ખર્ચના સંચાલન માટે ભંડોળ મેળવી શકશે. આ સરળ ધિરાણ સુવિધા સમગ્ર ભારતમાં બધા જ મોબિક્વિક એપ યુઝર માટે ઉપલબ્ધ છે, જેમાં તેઓ રૂ. 50,000થી લઈને રૂ. 2,00,000 સુધીની રેન્જમાં લોનની રકમ ઝીપ ઈએમઆઈ મારફત મેળવી શકશો. આ લોન્સ માટે પાત્રતાનો માપદંડ રૂ. 25,000થી વધુની આવક અને 23થી 55 વર્ષની વચ્ચેની વય છે. આ લોનની મુદત લઘુત્તમ 6 મહિનાથી લઈને 24 મહિનના છે.મોબિક્વિકના સહ-સ્થાપક અને એમડી બિપિન પ્રીત સિંહે ભાગીદારી અંગે જણાવ્યું હતું કે, 'મોબિક્વિકમાં અમે નવીન નાણાકીય ઉત્પાદનો સાથે અમારા ગ્રાહકોને સશક્ત બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. પિરામલ ફાઈનાન્સ સાથે અમારી ભાગીદારી લાખો ભારતીયોની ધિરાણની જરૂરિયાતોનો ઉકેલ લાવવા માટેનું એક મહત્વનું પગલું છે. મોબિક્વિકના ડિજિટલ પ્લેટફોર્મ સાથે નાણાકીય સેવાઓમાં પિરામલ ફાઈનાન્સની નિપુણતાના સંયોજન દ્વારા અમને અમારા ગ્રાહકો માટે અવિરત અને સરળ અનુભવ પૂરો પાડવાનો વિશ્વાસ છે.'

## TATAના આ સુતા શેરને મળ્યું નવું જીવન

મુંબઈ | ટાટા ગ્રૂપની આ કંપનીએ ત્રિમાસિક પરિણામો સારા રહ્યા નથી. કંપની ડિસેમ્બર ક્વાર્ટરમાં સંઘર્ષ કરતી જોવા મળી છે. ટાટાની આ કંપનીના ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 43 ટકાનો ઘટાડો થયો છે. બ્રોકરેજ હાઉસના સ્ટોકની કામગીરી અંગે અલગ-અલગ મંતવ્યો હોય છે. ખાનગી પોર્ટલના રિપોર્ટ અનુસાર, જેપી મોર્ગને તેને 'ઓવરવેટ' ગણાવ્યું છે. બ્રોકરેજ હાઉસ દ્વારા 155 રૂપિયાનો ટાર્ગેટ ભાવ નક્કી કરવામાં આવ્યો છે. તે જ સમયે, મોર્ગન સ્ટેનલીએ ટાટા સ્ટીલને 'સમાન વેટ' ગણાવ્યું છે. કંપનીએ 160 રૂપિયાનો લક્ષ્યાંક રાખ્યો છે. ટાટા સ્ટીલના શેરમાં આજે ઉછાળો જોવા મળ્યો છે.

## 50 પૈસાથી વધીને 15 રૂપિયા પર આવ્યો આ પાવર શેર

મુંબઈ | આજે સોમવારે અને 27 જાન્યુઆરીના રોજ ટ્રેડિંગ દરમિયાન આ પાવર કંપનીના શેરો ફોકસમાં હતા. પાવર કંપનીનો શેર આજે 6 ટકાથી વધુ તૂટ્યો હતો અને 15 રૂપિયાના ઈન્ટ્રાડે લોએ પહોંચ્યો હતો. આ પહેલા શુક્રવારે તેની છેલ્લી બંધ કિંમત 15 રૂપિયા હતી. આ પાવર શેર આજે સતત પાંચમા સત્રમાં ઘટાડા પર છે. આ સમયગાળા દરમિયાન આ શેર 15 ટકા ઘટ્યો છે. જય પ્રકાશ પાવર વેન્ચર્સ લિમિટેડમાં છેલ્લા એક મહિનામાં લગભગ 13.36%નો ઘટાડો થયો છે. જ્યારે નિફ્ટી એનર્જી ઈન્ડેક્સ, જેમાંથી જય પ્રકાશ પાવર વેન્ચર્સ લિમિટેડ એક ઘટક છે, છેલ્લા એક મહિનામાં લગભગ 16% ઘટ્યો છે. જો કે, પાંચ વર્ષમાં સ્ટોક 2900% વધ્યો. આ સમયગાળા દરમિયાન તેની કિંમત 50 પૈસાથી વધીને હાલની કિંમત સુધી પહોંચી છે.

## નિવૃત્તિ બાદ ચિંતામુક્ત રહેવા અને આર્થિક સલામતી માટે રોકાણમાં વહેલી તકે સાતત્ય જાળવવું જરૂરી

(એજન્સી) મુંબઈ | તા 28

નિવૃત્તિ બાદ પણ ચિંતામુક્ત રહેવા માટેનો મંત્ર સતત રોકાણ કરતા રહેવાનો છે. સ્વાભાવિક પણ માર્કેટ વોલેટાઈલ હોય છે અને ટૂંકા ગાળે અનિશ્ચિત હોય છે ત્યારે લાંબા ગાળે તેમાં વૃદ્ધિ થતી રહે છે. રોકાણ માટેનો સ્થિર અભિગમ રોકાણકારને ચક્રવૃદ્ધિ વ્યાજ, વૈવિધ્યકરણ અને લાંબા ગાળાના માર્કેટ ટ્રેન્ડનો લાભ અપાવવાની સાથે જ ફુગાવા સામે તેમના પોર્ટફોલિયોનું રક્ષણ કરે છે. વ્યૂહરચના બનાવવાની આ શિસ્તબદ્ધ રીત નિવૃત્તિ માટે એક મજબૂત નાણાકીય પાયો નાખે છે તેવું બંધન AMCના સેલ્સ-માર્કેટિંગ હેડ ગૌરવ પરિજાએ જણાવ્યું હતું. રોકાણમાં સાતત્યનો સૌથી મોટો ફાયદો ચક્રવૃદ્ધિ છે. અહીં તમારા જ રિટર્ન પર તમને ફરીથી રિટર્ન મળવાનું શરૂ થતા જ રોકાણ પર સતત ગ્રોથ મળે છે. ઉદાહરણ તરીકે, તમે વાર્ષિક 5%ના વ્યાજદરે રૂ.1,000નું રોકાણ કરો છો તો વર્ષના અંતે તે રકમ વધીને રૂ.1,050 થશે. તેને બદલે, બીજા વર્ષથી તમને માત્ર રૂ.1,000 પર વ્યાજ નથી મળતું પરંતુ સાથે જ પહેલા વર્ષે તમે કમાયેલા રૂ.50 પર પણ વ્યાજનો લાભ મળે છે. જે સાથે તમારું કુલ બેલેન્સ વધીને રૂ.1,102.50 પર પહોંચે છે. તેને પૂરતો સમય આપો અને આ ચક્રવૃદ્ધિનો તમને લાંબા ગાળે લાભ મળશે અને ખાસ કરીને વહેલી ઉંમરે શરૂ કરીને વારંવાર રોકાણ કરવાથી મૂલ્યવૃદ્ધિ શક્ય બનશે. નિવૃત્તિ આયોજનમાં ફુગાવો એ અન્ય એક અગત્યનું પરિબળ છે જે ભાવવધારા સાથે વ્યક્તિની ખરીદશક્તિને પણ ઘટાડે છે. ફુગાવાના દરની સમકક્ષ જો તમારા રોકાણમાં ગ્રોથ ન થાય તો તમારી બચતનું મૂલ્ય ઘટવા લાગે છે. એક વૈવિધ્યસભર પોર્ટફોલિયોમાં સાતત્ય સાથે રોકાણ તમને આ પ્રકારના મૂલ્યમાં ઘટાડા સામે રક્ષણ પૂરું પાડે છે અને સમય જતા તમારા રોકાણ પર મૂલ્યવૃદ્ધિને પણ સુનિશ્ચિત કરે છે. રોકાણ અઘરું છે અને જ્યારે માર્કેટમાં મંદી હોય ત્યારે તે વધુ ખરાબ હોય છે. રોકાણનું મૂલ્ય ઘટતું જોઈને ચિંતા થાય તે સ્વાભાવિક છે પરંતુ આવેગમાં આપેલી પ્રતિક્રિયા ખર્ચાળ ભૂલ તરફ દોરી જાય છે. લાંબા ગાળે સફળ નિવૃત્તિ માટે રોકાણમાં સાતત્ય જરૂરી છે. લાંબા ગાળાનું રોકાણ તમને ચક્રવૃદ્ધિ વ્યાજનો લાભ અપાવવાની સાથે જ માર્કેટમાં તમામ પ્રકારના ઉતાર ચઢાવ સામે પણ તમને સલામતી પૂરી પાડે છે. તે ઉપરાંત તે ફુગાવા સામે પણ રક્ષણ પૂરું પાડે છે. પોર્ટફોલિયોમાં વૈવિધ્યકરણ તમને લાંબા ગાળે મૂલ્યવૃદ્ધિનો લાભ આપે છે. સફળ અને આરામદાયક નિવૃત્તિ માટે ધીરજ અને સાતત્ય મુખ્ય મંત્ર છે.

## બાયોફ્યુઅલ સર્કલે ગુજરાતમાં સક્ષમ બાયોમાસ એકત્રીકરણ પ્રેરિત કરવા માટે ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તાર્યું

(એજન્સી) મુંબઈ | બાયોએનર્જી સપ્લાય ચેઈન માટે ભારતનું અગ્રણી ડિજિટલ મંચ બાયોફ્યુલ સર્કલ બાયોમાસ એકત્રીકરણ માટે સક્ષમ ઈકોસિસ્ટમ નિર્માણ કરવા ગ્રામીણ ભારતમાં તેની હાજરી વધારી રહી છે. તેની નવીમતન પહેલના ભાગરૂપે કંપનીએ બાયો માસ એકત્રીકરણના પ્રયાસોને વધારવા માટે ગુજરાતના જામનગર, બોટાદ અને વડોદરામાં 6 વેર હાઉસ સ્થાપિત કર્યા છે. આ વેર હાઉસ બાયોમાસ એકત્રીકરણ અને પ્રક્રિયાને પ્રવાહ રેખામાં લાવવા માટે શ્રેડર્સ જેવી એગ્રેગેશન મશીનરી સાથે સુસજ્જ છે. આ પહેલનું લક્ષ્ય આ મોસમમાંક પાસની દાંડીઓમાંથી 50,000 મેટ્રિક ટન (એમટી) એકત્રિત કરવાનું છે, જેથી સ્થાનિક ખેડૂતો માટે નવી આવકનો તકો નિર્માણ થશે. સ્થાનિક ખેડૂતો સાથે સહભાગ મજબૂત બનાવવા માટે બાયોફ્યુઅલ સર્કલ દ્વારા તાજેતરમાં બોટાદમાં એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં સ્થાનિક પ્રશાસકીય પ્રતિનિધિઓએ હાજર રહીને બોટાદની બાયોમાસ બેન્કનું ઉદઘાટન કર્યું હતું. આ કાર્યક્રમ સક્ષમ બાયોમાસ એકત્રીકરણ પદ્ધતિઓનું મહત્ત્વ અધોરેખિત કરવા સાથે બાયોમાસ બેન્કો પર્યાવરણીય સંતુલન અને સ્થાનિક ઉદ્યોગ નિર્મિતી જાળવવા સાથે અસરકારક રીતે એકત્રીકરણ અને પ્રક્રિયાને કઈ રીતે માર્ગ આપી શકે તે આલેખિત કરે છે.

## એમેઝોન ઈન્ડિયાએ ભારતના ઇ-કોમર્સ વિક્રેતાઓ માટે #DikhogeTohBikoge અભિયાન શરૂ કર્યું




(એજન્સી) મુંબઈ | તા 28

એમેઝોન ઈન્ડિયાએ ★DikhogeTohBikoge (જેનો અર્થ 'જો તમે બજારમાં દેખાશો તો તમારો માલ વેચાશે') નામનો નવો બ્રાન્ડ પ્રચાર શરૂ કર્યો છે. તે ભારતમાં નાના વેપાર-ધંધાવાળા માટે તેમના ડિજિટલ માર્કેટપ્લેસિસ પર સરળ અને અસરકારક રીતે વેચાણ કેવી કરી શકાય એ અંગે જાગૃતિને સુદ્ઢ કરે છે. આ અભિયાનમાં વેપારીઓએ તેમના પ્રોડક્ટ પ્રમોટ કરવા અને વેચવા માટે નવીન માર્ગો અપનાવતા પ્રસંગો દર્શાવતી ત્રણ સર્જનાત્મક અને રમૂજી જાહેરાતો છે. આ વિડિઓ વેપારીઓ માટે વિશાળ ગ્રાહકવર્ગ, સેવા અપાતી હોય એવા ભારતના 100% પિન કોડ્સ અને 18થી વધુ વૈશ્વિક બજારોમાં વેચાણની તક જેવા એમેઝોનના બજારોના ફાયદાઓ દર્શાવે છે. આ અભિયાન ઓનલાઈન વેચાણને સુલભ અને અસરકારક બનાવીને નાના-મોટા તમામ વેપારીઓને સશક્ત બનાવવાની એમેઝોનની પ્રતિબદ્ધતા ભારપૂર્વક દર્શાવે છે. તેની ડિઝાઈન, કલ્પના અને નિર્માણનું કામ ઈનોર્મસ બ્રાન્ડ્સ એલએલપી દ્વારા કરવામાં આવ્યું છે. એમેઝોન ઈન્ડિયાના સેલિંગ પાર્ટનર સર્વિસિસના ડિરેક્ટર અમિત નંદાએ જણાવ્યું હતું કે, "એમેઝોન ખાતે અમારો મુખ્ય ધ્યેય સમગ્ર ભારતમાં નાના વેપારીઓને ઇ-કોમર્સ વડે સશક્ત બનાવવાનો છે. ★DikhogeTohBikoge ઝુંબેશ ભારતીય વેપાર-ધંધાવાળાઓની ઉદ્યોગસાહસિક્તાની અદભૂત ભાવનાને ઉજાગર કરે છે. આ ઝુંબેશ દ્વારા અમે નાના વેપારીઓને એમેઝોન માર્કેટપ્લેસ મારફતે ભારત અને વિશ્વભરમાં ગ્રાહકોના વિશાળ વર્ગ સુધી પહોંચવા માટે ઇ-કોમર્સનો લાભ લેવા પ્રોત્સાહિત કરી રહ્યા છીએ. અમે આ વેપારીઓને તેમની વ્યવસાયલક્ષી આકાંક્ષાઓ હાંસલ કરાવવામાં અને ડિજિટલ અર્થતંત્રમાં સફળ થવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

# ઈન્ફિનિક્સે પ્રીમિયમ ડિઝાઇન સાથે સેગમેન્ટ્સનો સૌથી ટકાઉ સ્માર્ટફોન સ્માર્ટ 9એચડી માત્ર રૂ.6699 રૂપિયામાં લોન્ચ કર્યો

(એજન્સી) મુંબઈ | તા 28

નવા યુગની સ્માર્ટફોન બ્રાન્ડ ઈન્ફિનિક્સ તેની નવીનતમ રજૂઆત સ્માર્ટ 9એચડીના લોન્ચની ગર્વ સાથે જાહેરાત કરી રહી છે. આ અત્યાધુનિક ડિવાઈઝ ડ્યુરાબિલિટી, પરફોર્મંસ અને સ્ટાઈલને એકસાથે જોડીને બેજોડ વપરાશકર્તા અનુભવ પૂરો પાડી ભારતીય સ્માર્ટફોન બજારમાં મોટો પરિવર્તન લાવે છે. 6699 રૂપિયાની કિંમતનો, ઈન્ફિનિક્સનો આ નવીનતમ સ્માર્ટફોન ચાર અદભુત રંગોમાં ઉપલબ્ધ છે - મિન્ટ ગ્રીન, કોરલ ગોલ્ડ, નીઓ ટાઈટેનિયમ અને મેટાલિક બ્લેક. આ ફોન 4 ફેબ્રુઆરીથી ફ્લિપકાર્ટ પર વેચાણ માટે ઉપલબ્ધ થશે.




### આકર્ષક ડિઝાઇન અને બેજોડ ડ્યુરાબિલિટીનો સંગમ

સ્માર્ટ 9એચડી એકદમ નવી ડિઝાઈન ધરાવે છે, જેમાં મલ્ટિલેયર ગ્લાસ ફિનિશ બેક છે જે એન્ટી-ફિંગરપ્રિન્ટ અને મજબૂત ડિઝાઈન બંને સાથે આવે છે. ફ્લેટ-એજીસ અને કલર-મેચ્ડ ફ્રેમ સાથે, આ ડિવાઇઝ પ્રીમિયમ એક્સપીરિયંસ આપે છે. આકર્ષક, સંકલિત કેમેરા મોડ્યુલ આધુનિક સુંદરતાથી પ્રેરિત થઈને ફોનના ટ્રેન્ડી રંગોને પૂર્ણ બનાવે છે.

સ્માર્ટ 9એચડીની ડિઝાઈનમાં ડ્યુરાબિલિટી સૌથી મોખરે છે. આઈપી54 સ્પ્લેશ-પ્રૂફ રેટિંગ સાથે, ડિવાઈઝ સરળતાથી ભીના અને ચીકણા આંગળીના સ્પર્શને સરળતાથી સંભાળી શકે છે. ઈન્ફિનિક્સે સ્માર્ટ 9એચડીને 200થી વધુ ક્વોલિટી ટેસ્ટમાંથી પસાર કર્યો છે, જેમાં 1.5એમ 6-સાઈડ ડ્રોપ ટેસ્ટ અને આત્યંતિક તાપમાન પરીક્ષણનો સમાવેશ થાય છે, જેનાથી એ ખાતરીબદ્ધ થાય છે કે તે દૈનિક ઉપયોગની કઠોરતાનો સામનો કરી શકે છે. ફોન ઈન્ફિનિક્સ લેબોરેટરીની પરિસ્થિતિઓ હેઠળ કઠોર, ફ્લેગશિપ-લેવલ ડ્યુરાબિલિટી ટેસ્ટમાંથી પસાર થયો છે. 250,000થી વધુ ડ્રોપ ટેસ્ટમાં સફળ થયા બાદ, આ ડિવાઈઝે તેના સેગમેન્ટમાં ડ્યુરાબિલિટી માટે એક નવું ધોરણ સ્થાપિત કર્યું છે.

### મગ્ન કરી દેતો ડિસ્પ્લે અને ઑડિઓ અનુભવ

સ્માર્ટ 9એચડીમાં સેગમેન્ટ-ફર્સ્ટ 6.7' એચડી+ પંચ-હોલ ડિસ્પ્લે છે, જેનો શાનદાર 90Hz રિફ્રેશ રેટ અને 500 નિટ્સ બ્રાઈટનેસ છે. આ વિશાળ, વાઈબ્રન્ટ સ્ક્રીન મલ્ટીમીડિયા વપરાશ અને ગેમિંગ માટે એક શાનદાર વ્યુઈંગ એક્સપીરિયંસ પૂરો પાડે છે. વિઝ્યુઅલ એક્સપીરિયંસને પૂરક બનાવા માટે ડીટીએસ ઓડિયો પ્રોસેસિંગ અને સાઉન્ડ બૂસ્ટ ટેકનોલોજી સાથેના ડ્યુઅલ સ્પીકર્સ છે, જે એક ઉન્નત મનોરંજન અનુભવ માટે સમૃદ્ધ, શાનદાર સાઉન્ડ પ્રદાન કરે છે.

### પાવરફુલ પરફોર્મંસ પ્રદર્શન અને વિશાળ સ્ટોરેજ

મીડિયાટેક હેલિયો જી50 2.2GHz ઓક્ટા-કોર પ્રોસેસર અને હાઈપરએન્જિન લાઈટ 2.0 દ્વારા સંચાલિત, સ્માર્ટ 9એચડી રોજિંદા કાર્યો અને ગેમિંગ માટે અસાધારણ પરફોર્મસ આપે છે.

## સુપ્રિયા લાઈફ સાયન્સનો વર્ષ 2025 માટે ત્રીજા ક્વાર્ટરમાં PAT 57% વાર્ષિક ધોરણે વધીને રૂ. 46.78 કરોડ

(એજન્સી) મુંબઈ | સુપ્રિયા લાઈફ સાયન્સ લિમિટેડ દ્વારા Q3FY25 પરિણામો અંગે બિન ઓડિટ નાણાકીય નિવેદનો પ્રકાશિત કરવામાં આવ્યા છે. API ઉત્પાદનમાં સ્પષ્ટ ટ્રેક રેકોર્ડ સાથે cGMP વ્યવસાય છે અને તે એન્ટિ-હિસ્ટામાઈન, એન્ટિ-એલર્જિક, વિટામિન, એનેસ્થેટિક અને એન્ટિ-અસ્થમા સહિત વિવિધ સારવાર સેગમેન્ટમાં અનેક ઉત્પાદનો બનાવે છે. આ કંપનીએ નાણાકીય વર્ષ 25ના ત્રીજા ક્વાર્ટરમાં, સુપ્રિયા લાઈફસાયન્સ લિમિટેડની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને તે વાર્ષિક ધોરણે 33% નો વધારો છે, અને નાણાકીય વર્ષ 24ના ત્રીજા ક્વાર્ટરના રૂ. 140.07 કરોડની સરખામણીમાં રૂ. 185.65 કરોડ થયું છે. નાણાકીય વર્ષ 25ના ત્રીજા ક્વાર્ટરમાં આ કંપનીનો કુલ નફો રૂ. 123.87 કરોડ રહ્યો, જે નાણાકીય વર્ષ 24ના ત્રીજા ક્વાર્ટરમાં રૂ. 85.45 કરોડની સરખામણીમાં 45% વધુ હતો. નાણાકીય વર્ષ 25ના ત્રીજા ક્વાર્ટરમાં EBITDA રૂ. 65.95 કરોડ છે, જેમાં EBITDA માર્જિન 35.50% હતું, નાણાકીય વર્ષ 24ના ત્રીજા ક્વાર્ટરમાં EBITDA માર્જિન રૂ. 41.49 કરોડ અને 29.60% હતું અને આ રીતે વાર્ષિક ધોરણે 591 bps નો સુધારો છે. નાણાકીય વર્ષ 25ના ત્રીજા ક્વાર્ટરમાં કર બાદ કર્યા પછીનો નફો (PAT) 57% વધીને રૂ. 46.78 કરોડ થયો છે, જ્યારે નાણાકીય વર્ષ 24 ના ત્રીજા ક્વાર્ટરમાં તે રૂ. 29.78 કરોડ હતો. નાણાકીય વર્ષ 25ના ત્રીજા ક્વાર્ટરમાં PAT માર્જિન 25.2% છે અને PAT માર્જિન નાણાકીય વર્ષ 24 ના ત્રીજા ક્વાર્ટરમાં 21.30% હતો.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ સુદ-05

# દિલ્હીમાં હાથ બદલી શકશે હાલત?



કોંગ્રેસનો નવો ચૂંટણી નારો છે હાથ બદલશે હાલત. જોકે ના હરિયાણામાં કે ના મહારાષ્ટ્રમાં તે હાલત બદલી શક્યો છે. હા, તેના નેતૃત્વવાળા ગઠબંધનની હાલત ચોક્કસ બદલાઈ ગઈ. હરિયાણા અને મહારાષ્ટ્રમાં હાર બાદ ઈન્ડીના નેતૃત્વને લઈને ઉઠેલા સવાલો પર ચૂપકિદી સાધનારી કોંગ્રેસના દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં તેવર જણાવે છે કે હાથે પોતાની હાલત બદલવાનું મન બનાવીલીધું છે. લગભગ છ મહિના પહેલાં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ જે આપ સાથે યુગલ ગીત ગાતાં વોટ માગી રહી હતી, તે જ હવે તેને એન્ટી નેશનલ, ભ્રષ્ટ અને દગાબાજ દેખાવા લાગી છે! પૂર્વ કેન્દ્રીય રાજ્ય મંત્રી અજય માકને અરવિંદ કેજરીવાલને એન્ટી નેશનલ ગણાવતાં આપ સાથે દોસ્તીને ખોટી ગણાવી. ત્યારબાદ આપ અને કોંગ્રેસ વચ્ચે તકરાર વધી ગઈ. દિલ્હીમાં ચૂંટણી પ્રચાર શરૂ કરતાં રાહુલ ગાંધીએ તો કેજરીવાલને મોદીની જેમ ખોટા વાયદા કરનારા ગણાવી દીધા. એના પર કેજરીવાલે જવાબ આપ્યો કે રાહુલ કોંગ્રેસ બચાવવાની લડાઈ લડી રહ્યા છે, જ્યારે હું દેશ બચાવવાની. રાજકીય ટીકા-ટિપ્પણીથી અલગ જોઈએ તો સાચું એ જ છે કે બંને પોતાની રાજનીતિ બચાવવાની લડાઈ લડી રહ્યા છે. જ્યારે ૨૦૨૩માં બે ડઝનથી પણ વધારે વિપક્ષી દળોએ પોતાના મોરચો ઈન્ડી ગઠબંધન બનાવ્યું હતું તો મંચ પર બેનર લગાવ્યુ હતું - યુનાઈટેડ વી સ્ટેન્ડ. એક બીજી બેઠકમાં મંચ પર સ્લોગન લખ્યું હતું, જુડેગા ભારત-જીતેગા ઈન્ડિયા, પરંતુ દેશને દેખાડવામાં આવેલ એ સપનાંનું સત્ય દોઢ વર્ષમાં સામે આવી ગયું. તનાતની પહેલાં પણ દેખાતી રહી, પરંતુ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં વાત આરપાર સુધી પહોંચી ગઈ. હાલમાં સીધી જંગ કોંગ્રેસ અને આપ વચ્ચે છે, જ્યારે અન્ય ઘટક દર્શક દીર્ઘામાંથી પોતાની પસંદના પક્ષનું ઉત્સાહવર્ધન કરી રહ્યા છે. જ્યારે ચૂંટણી જંગ અન્ય રાજ્યોમાં પહોંચશે તો ત્યાં પણ આવા જ પરિદૃશ્યની સંભાવનાથી ઈનકાર ન કરી શકાય. ગઠબંધન બનતી વખતે જ એ તથ્ય રેખાંકિત કરવામાં આવ્યું હતું કે ઘટક પક્ષોમાં મોદી અને ભાજપના વિરોધ સિવાય કોઈ સહિયારો ઉદ્દેશ્ય નથી, ઉપરથી તેમાં પક્ષીય હિતો અને મહત્ત્વાકાંક્ષાઓનો આકરો ટકરાવ છે. બે લોકસભા ચૂંટણીઓમાં હાંશિયામાં ધકેલાઈ રહેલા વિપક્ષી દળો તરીજી ચૂંટણી માટે એક સાથે તો આવ્યા, પરંતુ હેતુ પૂરો ન થતાં પાછા પોતપોતાના રસ્તે ચાલવા તત્પર છે. લોકસભા ચૂંટણીમાં પણ બંગાળ, કેરળ અને પંજાબમાં મિત્ર પક્ષો પરસ્પર જ જોર અજમાવતા જોવા મળ્યા હતા. હવે જો દિલ્હીમાં પણ કોંગ્રેસ અને આપ તાલ ઠોકતા દેખાય છે તો આશ્ચર્ય નહીં. દિલ્હીમાં કોંગ્રેસના તેવરોથી સ્પષ્ટ થાય છે કે મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનતાં રોકી શકવામાં નિષ્ફળતા બાદ તેણે કદાચ પોતાના પુનરુત્થાનના પ્રયાસનું મન બનાવી લીધું છે. તેમાં કોઈ બુરાઈ નથી, પરંતુ આ કામ આસાન નથી. દાયકાઓ સુધી દેશ અને પ્રદેશો પર એકછત્ર રાજ કરનારી કોંગ્રેસની દુર્દશા અચાનક નથી થઈ. બેશક તેનો ઐતિહાસિક ચૂંટણી પરાભવ ૨૦૧૪માં થયો, પરંતુ પોતાની કમજોરીઓ-ભૂલોથી તે બહુ પહેલેથી જ જર્જરિત થવા લાગી હતી. કોંગ્રેસ લાંબા સમયથી તમિલનાડુ અને બંગાળમાં એકલા દમ પર ચૂંટણી લડવા લાયક પણ નથી રહી. બે મોટાં રાજ્ય ઉત્તર પ્રદેશ અને બિહાર તેના શક્તિ સ્રોત હતા, પરંતુ હવે ત્યાં પણ તે દાયકાઓથી પ્રાદેશિક પક્ષો પર નિર્ભર છે. આંધ્ર, ઝારંડમાં પણ એ જ સ્થિતિ છે. આ બધું હાલ તરત નથી થયું. અસલમાં સત્તા મેળવવાના ખેલમાં કોંગ્રેસ એટલી આત્મમુગ્ધ થઈ ગઈ કે સંગઠન ખોખલું થતું ગયું. જનાધારવાળા નેતાઓને બદલે હાઈકમાન્ડની ચિઠ્ઠીઓથી મુખ્યમંત્રી બનવા લાગ્યા. જેવા નેતા આગળ વધ્યા, તેમણે એવા જ કાર્યકર્તા પણ આગળ વધાર્યા. આપ સહિત મોટાભાગના પ્રાદેશિક પક્ષો ન માત્ર કોંગ્રેસના વિખેરાતા જનાધાર પર ઊભા છે, બલ્કે કોંગ્રેસથી વધારે મજબૂત સ્થિતિમાં પણ છે. દેશ પર શાસનને પોતાનો એકાધિકાર સમજનારી કોંગ્રેસની અહંકાર જ તેની દુર્દશાનું સૌથી મોટું કારણ છે. તેને કારણે તેની રણનીતિ ક ડગલું આગળ-બે ડગલાં પાછળવાળી થઈ ગઈ. ૨૦૧૩માં આપે જ દિલ્હીની સત્તાથી કોંગ્રેસને બેદખલ કરી , પરંતુ તેણે ભાજપને રોકવા માટે તેની સરકાર બનાવી દીધી.

# કડાણા તાલુકાના રાણકપુર ગામનો બનાવ... જાતિનું પ્રમાણ પત્ર ન મળતા પિતાએ કરી આત્મહત્યા..??!!

જગદીશ ત્રિવેદી | લુણાવાડા.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના રાણકપુર ગામના વતની ઉદાભાઈ ડામોરે પોતા ની પુત્રી ના જાતિના દાખલા માટે અવારનવાર કડાણા મામલતદાર કચેરીમાં ધક્કા ખાધા હતા. મામલતદાર કચેરી દ્વારા તેમની પાસે યોગ્ય પ્રમાણપત્રો માંગવામાં આવ્યા હતા. છતાં પણ ઉદાભાઈ ડામોરને પુત્રી માટે જાતિનું પ્રમાણપત્ર ન મળતા છેવટે હારી થાકીને કંટાળીને તેમને ગામની સીમમાં આવેલ ઝાડ ઉપર લટકીને આત્મહત્યા કરી હોવાનું બનાવ સામે આવ્યો છે.

મૃતકના પરિવારો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે કે, કડાણા મામલતદાર કચેરી દ્વારા ઉદાભાઈ ને અવારનવાર દાખલા બાબતે ધર્મ ધક્કા ખવડાવતા હોવાથી તેમનો સમય અને પૈસા નો બગાડ થયો અને છેલ્લે તેમને મનમાં લાગી આવતા તેમને ગામની સીમમાં આવેલ ઝાડ ઉપર લટકીને આત્મહત્યા કરી હોવાનું જણાવેલ છે.

આત્મહત્યા કરનાર મૃતકના પરિવાર દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર મૃતકના મૃતદેહ પાસે સુસાઈટ નોટ મળી આવી હોવાનું

### મૃતકના મૃતદેહ પાસે સુસાઈટ નોટ મળી આવી



જાણવા મળ્યું છે અને એ સુસાઇડ નોટ ને આધારે અને પરિવારના આક્ષેપો ના આધારે પોલીસ તંત્ર દ્વારા આ ઘટના સ્થળે પહોંચીને કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રોનો કહેવું છે કે આ આત્મહત્યા ની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો જ સત્ય સામે આવશે. સુસાઇડ નોટમાં મરણ જનાર ઉદાભાઈ ડામોર દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મારે પુત્રીને



તાત્કાલિક અંગ્રેજી દાખલાની જરૂરિયાત હોવાથી મામલતદાર અને નાયબ મામલતદાર ના માનસિક ત્રાસથી કંટાળીને વારંવાર ધક્કા ખાવાથી આર્થિક રીતે હું નબળું પડી ગયો હતો અને મારી સ્થિતિ સારી ન હોવાથી મારાથી સહન ન થવાથી હું આ મામલતદાર કડાણા ના ત્રાસથી કંટાળી જવાથી હું આત્મહત્યા કરું છું તેવું સુસાઇડ નોટમાં પણ ઉલ્લેખ હોવાનું સ્પષ્ટ પણે જણાઈ રહ્યું છે.

કડાણા કચેરીમાં ધ્રુવીશા બેનના જાતિનો દાખલો મેળવવા માટે તેમના વાલી ઉદાભાઈ અહીંયા અવારનવાર આવ્યા હતા 17 તારીખે પણ આવ્યા હતા.

ત્યારબાદ સાહેબે જે પુરાવા મંગાવ્યા તે લઈને આવ્યા પરંતુ સાહેબે જે પુરાવા મંગાવ્યા હતા તે પુરાવા તેઓ લાવ્યા ન હતા અને બીજા બીજા અન્ય પુરાવા લઈને આવ્યા હતા એટલા માટે સાહેબે તથા અમોએ જણાવ્યું કે આટલા આટલા પુરાવા તમે રજૂ કરો તો અમે તમને દાખલો ઈશ્યૂ કરી શકીએ.

> વધુમાં એક એવી મેટર પણ ઊભી થવા પામી છે કે આ જાતનો દાખલો તેમને ગુજરાતીમાં ઈસ્યુ થઈ ગયેલો છે પરંતુ તેમણે ગુજરાતી દાખલો અરજદાર કે તેમના વાલીએ આ ફાઈલમાં રજૂ કર્યો ન હતો અને કહી રહ્યા છે કે ગુજરાતી નો દાખલો અમે એટેચ કર્યો છે ત્યારબાદ ઈંગ્લીશ નો દાખલો મેળવવા માટે અરજી કરેલી છે પરંતુ હમારી ત્યાં જે ફાઈલ છે તેમાં ગુજરાતનો દાખલો ઈસ્યુ થયેલો નથી અને ઈંગ્લિશમાં દાખલો આપવા માટે જે પુરાવાની જરૂરિયાત અમારે હતી તે પુરાવા અમે કાકા પાસે માગેલ હતા.
>
> - સુરેશભાઈ સંગાડા (નાયબ મામલતદાર ઇટીવીટી કડાણા.)

## 76માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી વાઘોડિયા પ્રાથમિક કુમાર શાળા ખાતે કરાઈ



કિશન રોહિડા | જરોદ

વડોદરા જીલ્લા વાઘોડિયા તાલુકા કક્ષાનો 76 માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી વાઘોડિયા પ્રાથમિક કુમાર શાળા ખાતે કરાઇ હતી વાઘોડિયા મામલતદાર શ્રી હિતેન્દ્રસિંહ ગોહિલ ના હસ્તે રાષ્ટ્ર ધ્વજ ને સલામી અપાઇ હતી શાળા ના વિધાર્થી ઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો પરફોર્મન્સ કરનાર નાના ભુલકાઓ રોકડ પુરસ્કાર આપી મહાનુભાવો દ્વારા ઉત્સાહિત કરાયાં હતાં વાઘોડિયા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત પ્રમુખ યોગેશભાઈ પટેલ નાં હસ્તે, વાઘોડિયા નગરપાલિકા કચેરી ખાતે ચીફ ઓફીસર નિકુંજ ભાઇ રાઠવા ના હસ્તે જ્યારે વાઘોડિયા પોલીસ સ્ટેશન ખાતે પરેડ યોજી વાઘોડિયા પોલીસ સ્ટેશન પી આઈ જાડેજા ના હસ્તે ધ્વજવંદન કરાયું હતું.

## NEWS BRIEF

### દાદર ગામ ખાતે લોકડાયરો યોજાયો



એસ.એમ. બારોટ

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર ના આર્થિક સહયોગ થી શ્રી કવિરાજ લોક ડાયરા ગુપ્ર ના સંચાલક તુરી ખેમા ભાઇ મણાભાઈ તેમજ તેમની ટીમ ના કલાકારો દ્વારા સમી તાલુકાના દાદર ગામ ખાતે તા ૨૭.૧.૨૦૨૫ ના રોજ રાત્રે ૮.કલાકે લોક સંસ્કૃતિ ને ઉજાગર કરતો લોક ડાયરા નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં નામી અનામી કલાકારો જેવાકે કાન્તીભાઈ કનુભાઈ છોટાજી ભગત અનીલ ભાઈ અમથાભાઈ પ્રહલાદ ભાઈ બાબુભાઈ જેવા કલાકારો દ્વારા સંતવાણી લોક ગીતો સુર વિરતા ની વાતો દેશ ભક્તિ ગીત શોર્ય કથાઓ ગાઇ ને લોકોને મનોરંજન સાથે રજૂ કરેલ છે.

### ભાભીને અપશબ્દો બોલનાર જેઠાણીને સમજાવવા 181 નર્મદાની મદદ લેવાઇ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના એક ગામ માંથી મહિલાનો કોલ આવતા જણાવ્યું કે, મને મારા જેઠાણી હેરાનગતિ કરે છે અને મને ડાકણ કહી અપશબ્દ બોલી મને બદનામ કરે છે. સાસુ સસરાનું ઘર મેં મારા નામ પર કરી લીધું તેવા ખોટા આક્ષેપ મૂકે છે, તેથી જેઠાણીને સમજાવવા માટે 181 ની મદદ જોઈએ છે. પીડિત મહિલા દ્વારા આપેલા સરનામા પર 181 ટીમ પહોંચી બન્ને પક્ષનું કાઉન્સિલગ કરતાં જાણવા મળ્યું કે, ઘરના દરેક ભાઈઓ પોતાની રીતે અલગ ઘર બનાવીને રહે છે. મહિલા અને તેમના પતિ પોતે પણ અલગ ઘરમાં રહે છે. મહિલાના સાસુ સસરા ને કોઈ સાથે ફાવતું ન હોવાથી તેઓ એકલા રહે છે. પરંતુ પીડિત મહિલા જે ઘરમાં રહે છે ત્યાં બાથરૂમની વ્યવસ્થા ન હોવાથી સાસુ સસરા ના ઘરે સવારે નાવા ધોવા માટે જતા હોય જે જેઠાણી ને ગમતું ન હોવાથી ખોટા આક્ષેપો મૂકી મારી સાથે ઝગડો કરી મને અપશબ્દ બોલી બદનામ કરે છે, તેથી આખરે કંટાળીને મેં 181 ની મદદ માંગી છે.

181 ટીમે બંને પક્ષને સલાહ, સૂચન આપી સમજાવવાની કોશિશ કરી પરંતુ સામેવાળા પક્ષ સમજવા માંગતા ન હોય, તેથી મહિલાએ આ રીતે સમાધાન ના થાય મારે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવાની છે, તેમ જણાવેલ તેથી 181 ટીમ બંન્ને પક્ષને બેસાડી મહિલા પોલીસ સ્ટેશનમાં લઈ ગઈ હતી. આમ 181 ટીમ દ્વારા આ મહિલાને મહિલા પોલીસ સ્ટેશન સુધી પહોચાડી આગળની કાર્યવાહી પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવશે.

## લગ્ન રજીસ્ટર પર મારવામાં આવતી એગ્રીમેન્ટ સ્ટેમ્પમાં નર્મદા જિલ્લામાં ચાલતી લૂંટ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં કેટલાક સ્ટેમ્પ વેન્ડર દ્વારા લૂંટ ચલાવાતી હોવાની વાત સામે આવી છે જેમાં ખાસ કરીને લગ્ન રજીસ્ટર કરવા માટે લગાડવામાં આવતી ટિકિટ માં ભારે લૂંટ ચાલી રહી છે. રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં જૉ કોઈ લગ્ન રજીસ્ટર કરવા જાય ત્યારે લગ્ન માટે જરૂરી તમામ દસ્તાવેજો તો આપવા પડતા હોય પરંતુ લગ્ન રજીસ્ટર કરતી વેળા મારવામાં અવતી એગ્રીમેન્ટ સ્ટેમ્પ જે એક ટિકિટ ૧૦૦ રૂપિયા ની હોય કુલ ચાર ટિકિટ મારવાની હોય છે જે ૪૦૦ રૂપિયા ની થાય પરંતુ આ ચાર ટિકિટ ના સ્ટેમ્પ વેન્ડર રૂપિયા ૫૦૦ લઈ આપે છે તો ચાર ટિકિટ ઉપર સુધી ૧૦૦ રૂપિયા વધારી લૂંટ કરવામાં આવે છે, સ્વાભાવિક છે કે સ્ટેમ્પ વેન્ડર પોતાનાં રૂપિયા નું રોકાણ કરતા હોવાથી અમુક નફો લે પરંતુ સીધા ૧૦૦ રૂપિયા ચાર




### ટ્રેજરી માંથી પડતર ભાવે ટિકિટ લઈ કાળા બજાર કરી લૂંટતા કેટલાક સ્ટેમ્પ વેન્ડરો પર કાર્યવાહી કોણ કરશે..?

ટિકિટ પર વધારો વ્યાજબી નથી માટે રાજપીપળા મામલતદાર કચેરી પાસે અને અન્ય ઠેકાણે કામ કરતા સ્ટેમ્પ વેન્ડરો પૈકી કેટલાક લૂંટ કરતા હોવાની વાત સામે આવી છે તો આવા લોકો ને કોણ અટકાવશે..? અને જરૂરિયાતમંદ ને લૂંટાતા કોણ બચાવશે.

### શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસાના

## સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારોનો સન્માનનો કાર્યક્રમ યોજાયો

રાકેશ મહેતા | ધનસુરા

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસા નીત નવા કાર્યક્રમ નું આયોજન કરે છે. અને સમાજના દરેક વર્ગને પ્રોત્સાહિત કરવાનું પણ કામ કરે છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં કોઈ સંસ્થા કે કોઈ એનજીઓએ કર્યો નથી તેવો કાર્યક્રમ એસોસિયેશન દ્વારા સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે મોડાસા નગરમાં નગરપાલિકાના સફાઈ કામદારોની સુંદર કામગીરીને ધ્યાનમાં લઈ તેમનું સન્માન કરવા માટેનો કાર્યક્રમ ટાઉનહોલ મોડાસા ખાતે યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં ઉદ્ઘાટક તરીકે સુ શ્રી પ્રસસ્તિ પારિક કલેકટર શ્રી અરવલ્લી જિલ્લા, મુખ્ય મહેમાન સુ



મહેશ્વરી કુમારી વી રાઠોડ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, નીરજ બી પ્રમુખશ્રી મોડાસા નગરપાલિકા, અતિથિ વિશેષ શ્રી જીગેશભાઈ મહેતા પ્રમુખશ્રી સાર્વજનિક હોસ્પિટલ, સુશ્રી ગોપી મહેતા મામલતદાર શ્રી મોડાસા, સી ઈ બી ઈસ્માઈલભાઈ જે દાદુ અને ચેરમેન શ્રી પંકજભાઈ બી બુટાલા, એસોસિએશનના પ્રમુખ રમણભાઈ જે. પ્રજાપતિ, પ્રોજેક્ટ ચેરમેન મયુરભાઈ બી બુટાલા, મંત્રી મુકુન્દકુમાર એસ શાહ, ખજાનચી શ્રી જયેશભાઈ ગાંધી, ફંડ કમિટી કન્વીનર સલીમભાઈ દાદુ અને સોવેનીયર કન્વીનર જગદીશભાઈ ભાવસાર તેમજ સલાહકાર બોર્ડના સૌ સભ્યશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, સામાન્ય સભ્યશ્રીઓ, સન્માનિત સફાઈ કામદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં 101 કામદારોનું માનપત્ર, મીઠાઈ અને ચોરસા અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. મંચસ્થ સૌ મહેમાનોએ કામદારોને પ્રોત્સાહિત કર્યા હતા અને લાંબા આયુષ્યની પ્રાર્થના કરી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય મંચસ્થ મહેમાનો દ્વારા કર્યા બાદ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ચેરમેન પંકજભાઈ બી બુટાલા એ કર્યું હતું.

### રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ અંતર્ગત સુરવા ટોલનાકા ખાતે મફત આંખ તપાસણી કેમ્પ સાથે ચશ્મા વિતરણ



ભરત શાહ | નર્મદા

પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક, નર્મદા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ૩૫મો રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫ અનુસંધાને ટ્રાફિક જન જાગ્રુતિના પ્રોગ્રામો જુદી-જુદી જગ્યાએ કરવાની સુચના મળતા નર્મદા જીલ્લામાં તા.૨૭/૦૧/ ૨૦૨૫ ના રોજ તિલકવાડા પો.સ્ટે. ના સુરવા ટોલનાકા ખાતે મફત આંખ તપાસણી કેમ્પ રાખવામાં આવ્યો હતો, જ્યાં ડો.તેજસ જોશી (આંખ રોગના નિષ્ણાંત) તેમજ આર.ટી.ઓ નર્મદાના અધિકારીઓ તથા જીલ્લા ટ્રાફિક શાખા, નર્મદાના PSI એસ.એસ.મિશ્રા તેમજ પોલીસ સ્ટાફના જવાનો હાજર રહ્યા, જેમાં જીલ્લા ટ્રાફિક શાખા દ્વારા નેશનલ હાઈવે ઉપર ચાલતા હેવી વાહનો, લાઈટ વાહનો તેમજ મો.સા વિગેરે વાહન ચાલકોની મફત આંખની ચકાસણી કરી ચશ્માનું વિતરણ તેમજ આંખના ટીપાનું વિતરણ કરવામાં આવ્યું. વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા સમજ આપવામાં આવી, સાથે ટ્રાફિકના નિયમો પાલન કરવા માટે હંમેશા બીજા લોકોને પણ જાગૃત કરવા તે રીતેની માહિતી આપી બીજા લોકોને પોતાની અમૂલ્ય જીદંગી બચાવવા તમામને અપીલ કરવામાં આવી, તથા ગુડ સમરીટન એવોર્ડ માટેની સમજ કરી ટ્રાફિકને લગત પેમ્પ્લેટની વહેચણી કરવામાં આવી, આમ નર્મદા જીલ્લા ટ્રાફિક પોલીસ જાહેર જનતા પાસે ટ્રાફિકના નિયમોનું સુચારૂ સ્વરૂપે પાલન કરાવવા તેમજ બહુમુલ્ય માનવ જીવન બચાવવા માટે હંમેશા પ્રયત્નશીલ છે.

## શ્રી RM કોમર્સ કોલેજ રાજપીપળા દ્વારા ચિત્રાવાડી ગામમાં NSSની વાર્ષિક શિબિરનું આયોજન કરાયું

ભરત શાહ | નર્મદા

શ્રી આર એમ કોમર્સ કોલેજ રાજપીપળા દ્વારા આયોજિત NSS ની વાર્ષિક શિબિર તારીખ 27/01/25 થી 02/02/25 સુધી નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ચિત્રાવાડી ગામ માં આયોજન થયું છે. વાર્ષિક શિબિર નું આયોજન કોલેજના આચાર્ય અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો.હિતેશ ગાંધી સાહેબના માર્ગદર્શન હેઠળ કોલેજના એનએસએસ ના સહયોગી પ્રોગ્રામ ઓફિસર પ્રા હીનાબેન માજી તથા પ્રા ક્રિષ્નાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરના પ્રથમ દિવસની શરૂઆત ચિત્રાવાડી ગામે પ્રસ્થાન કરીને કરવામાં આવી હતી.

શ્રી ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ રાજપીપલા દ્વારા વાર્ષિક શિબિરના પ્રથમ દિવસના કાર્યક્રમની શુભ શરૂઆત ની ઉદ્ઘાટન બેઠક ચિત્રાવાડી ગામના પ્રાથમિક શાળાના પ્રાંગણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા મહેમાનોને આરતી ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં પધારેલ મુખ્ય મહેમાન તરીકે શ્રી ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ




કેળવણી મંડળના પ્રમુખ પીડી વસાવા, બિરસા મુંડા યુનિવર્સિટીના કોમર્સ ફેકલ્ટીના પ્રાચાર્ય બારડ ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાંત ચિત્રાવાડી ગામના મુખ્ય આગેવાન રજનીભાઈ તથા નીલંબરી બહેન ગામના સરપંચ વસાવા કિરીટભાઈ તથા ગામના તલાટી ક્રિષ્નાબહેન પણ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

આ ઉપરાંત કોલેજના તમામ પ્રધ્યાપકો અને ગ્રામજનો તથા વિદ્યાર્થી મિત્રોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શુભ શરૂઆત એન એસ એસ સ્વંય સેવિકા બહેનો પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી ત્યારબાદ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. શ્રી આર.એમ કોમર્સ કોલેજના પ્રાચાર્ય ડો.હિતેશ ગાંધી સાહેબ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું સાથે તેઓએ એનએસએસની કાર્ય શિબિર વિશેની વિગતવાર માહિતી આપી હતી.

ત્યારબાદ શિબિરના મુખ્ય મહેમાન શ્રીઓનું પુષ્પગુચ્છ અને પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ મહેમાન શ્રીઓ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ દ્વારા એનએસએસના સ્વયંસેવકોનો ઉત્સાહ અને માર્ગદર્શન વધારવા તેમજ વાર્ષિક શિબિર ને સફળ બનાવવા માટેના આશીર્વચનો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ કાર્યક્રમના અંતિમ પાડવામાં મહેમાનો તથા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ નો આભાર પ્રા. ક્રિષ્ના પટેલ દ્વારા વ્યક્ત કરી રાષ્ટ્રગીત નું ગાન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમનુ સંચાલન પ્રા.હિના માલી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

## ખારોલ ગ્રુપ ગ્રામ પંચાયત ખાતે મફત મોતિયા માટે ઓપરેશન કેમ્પ યોજાયો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

લુણાવાડા તાલુકાના ખારોલ ગ્રામ પંચાયત ખાતે આજરોજ તારીખ ૨૮/૦૧/૨૦૨૫ ના રોજ જિલ્લા અંધત્વ અને દૃષ્ટિ ખામી નિયંત્રણ સોસાયટી મહીસાગર, શંકરા હોસ્પિટલ મોગર, જીલ્લો આણંદ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખારોલ તથા ગ્રુપ ગ્રામ પંચાયત ખારોલ ના સંયુક્ત ઉપક્રમે આંખોના રોગોના નિદાન માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઓપરેશન પછી તપાસ અને દવાનો વિતરણ કરવું, મોતિયા વાળા દર્દીઓને ઓપરેશન વખતે લેન્સ નેત્રમણી મૂકવા, દર્દીઓની હોસ્પિટલની



ગાડીમાં હોસ્પિટલ સુધી લાવવા લઈ જવાની વ્યવસ્થા કરવી, શંકરા હોસ્પિટલમાં રહેવા જમવાની વ્યવસ્થા ની તમામ સુવિધાઓ દર્દીઓની વિનામૂલ્ય પૂરી પાડવામાં આવશે. આ યોજવામાં આવેલ કેમ્પમાં 121 દર્દીઓએ લાભ લીધો હતો જેમાંથી 36 દર્દીઓની નિશુલ્ક મોતિયાના ઓપરેશન માટે શંકરા હોસ્પિટલ મોગર ખાતે લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી ડાયાબિટીસ માટે સુગર લેવલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા તેમજ ડાયાબિટીસવાળા દર્દીઓ એ આંખની તકેદારી માટે શું પગલાં ભરવા જેવી માહિતી પણ આપવામાં આવી હતી.

## ખોરાક ઔષધ નિયમન તંત્ર પાટણ દ્વારા શંકાસ્પદ ઓઈલ જથ્થો સીઝ કરાયો

માહિતી બ્યુરો | પાટણ

પાટણ નગરજનોને શુધ્ધ સાત્વીક અને ભેળસેળ મુક્ત ખોરાક મળી રહે તે માટે ખોરાક ઔષધ નિયમન તંત્ર, પાટણ તેમજ એસોજી ટીમ પાટણ દ્વારા સિદ્ધપુર જીઆઈડીસી ખાતે આવેલ મેટ્રો ઓઈલ્સ એન્ડ ફુડ ઈન્ડસ્ટ્રીઝ નામની પેઢીમાંથી અલગ અલગ બ્રાન્ડના શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા હતા.

પાટણ ખોરક અને ઔષધ નિયમન તંત્રની ટીમ અને એસોજી

### સિદ્ધપુર જીઆઇડીસી ખાતે આવેલ મેટ્રો ઓઇલ્સ એન્ડ ફુડ ઇન્ડસ્ટ્રીઝ નામની પેઢીમાંથી શંકાસ્પદ ઓઇલનો જથ્થો ઝડપાયો

ટીમ પાટણ દ્વારા જીઆઈડીસી સિદ્ધપુર ખાતે આવેલ મેટ્રો ઓઈલ્સ એન્ડ ફુડ ઈન્ડસ્ટ્રીઝ નામની પેઢીમાંથી કુલ અલગ અલગ બ્રાન્ડ જેવી કે કંચન , કોહીનુર, કેસર વગેરે તથા ૧૫ કિલોગ્રામના લેબલ વગરના તેલના ડબાના ૧૪ નમૂના અને Vitamin A and D concentrate liquid mixture નો શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા હતા. ખોરક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા અંદાજિત ૮૨૧૯ kg જથ્થો કે જેનું અંદાજિત મૂલ્ય ૯,૮૧,૨૮૧ નો જથ્થો માનવ વપરાશમાં ન આવે તે હેતુથી સ્થળ પર સીઝ કરવામાં આવેલ છે એમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ચાણસ્મા | દેલમાલ ખાતે શાળા પરિવાર દ્વારા પ્રજાસતાક દિનની ઉજવણી કરાઈ

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના દેલમાલ ગામે શાળા પરિવાર અને ગ્રામ જનો દ્વારા 76માં પ્રજાસ્તાક દિવસ ની ઉમંગભેર ઉજવણી કરાઈ હતી જેમાં ગામ ની પોસ્ટ ગ્રેજ્યુએટ યુવતી હિમાની બેન પ્રજાપતિ ના વરદ હસ્તે ધ્વજ વંદન કરાયુ હતું.

જયારે શાળા ના બાળકો દ્વારા સંસ્કૃતિક કાર્યક્રમોં રજૂ કરી ham લોકો ને દિગમૂઢ કર્યા હતાં જયારે ગામ ના દાતા રેવાભાઈ પ્રજાપતિ દ્વારા સરસ્વતો ને ઘડીયાલ ની ભેટ આપી હતી શાળા આચાર્ય ચેતન ભાઈ પટેલ ના માર્ગદર્શન નીચે શાળા ના શિક્ષકો દ્વારા કાર્યક્રમો નું સુંદર આયોજન કરાયુ હતું જયારે પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કાર્યક્રમ માં મોટી સંખ્યા માં ગામ લોકો શાળા પરિવાર વિદ્યાર્થી ઓ ઉપસ્થિત રહયા હતાં.

# 01 લાખ ટન ફ્રેંચ ફ્રાઇઝ ઝાપટી જાય છે ભારતીયો

## એક દાયકા પહેલા આયાત થતી હતી હવે હજારો ટન નિકાસ

**ભારતના લોકોને ફ્રેન્ચ ફ્રાઇઝ એવી દાઢે વળગી છે કે તેનો વાર્ષિક વપરાશ એક લાખ ટન પર પહોંચ્યો છે. એટલે કે વર્ષે દહાડે ભારતના લોકો 1400 કરોડ રૂપિયાની કિંમતની ફ્રેન્ચ ફ્રાઇઝ ઝાપટી જાય છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે એક સમયે ભારત ફ્રેન્ચ ફ્રાઇઝ ઇમ્પોર્ટ કરતું હતું તે આજે તેને એક્સપોર્ટ કરે છે. વર્ષ 2023-24માં ભારતે 1478.73 કરોડની 1,35,877 ટન ફ્રેન્ચ ફ્રાઇઝ એક્સપોર્ટ કરી છે. એપ્રિલથી ઓક્ટોબર 2024માં 1000 કરોડથી વધુ રકમની ફ્રેન્ચ ફ્રાઇઝની નિકાસ કરાઇ હતી.**



### ભારતની ફ્રેન્ચ ફ્રાઇઝની વિદેશમાં ડિમાન્ડ

આજે ફ્રેન્ચફ્રાઇઝ દેશમાં મેઇન એક્સપોર્ટ કોમોડીટીની યાદીમાં આવે છે. ભારતની ફ્રેન્ચ ફ્રાઇઝ એટલી ચટાકેદાર બને છે કે વિદેશમાં તેની ડિમાન્ડ ઉભી થઇ છે. મેકડોનાલ્ડ, કેએફસી, બર્ગર કીંગ જેવી ફાસ્ટફૂડ ચેઇન તેમજ નાની કંપનીઓ સ્થાનિક સ્તરે વેચાણ કરતાં વધુ ધ્યાન એક્સપોર્ટ પર આપી રહ્યા છે. જેના કારણે વિશ્વના ફ્રેન્ચ ફ્રાઇઝ માર્કેટમાં ભારત તેનો પ્રભાવ ઉભો કરી શક્યું છે.

### ભારત 1992માં ફ્રેન્ચ ફ્રાઇઝ આયાત કરતું

1990ના દાયકા પર નજર કરીયે તો ભારતમાં વેચાતી તમામ ફ્રેન્ચ ફ્રાઇઝ વિદેશથી આવતી હતી. 1992માં ફ્રેન્ચ ફ્રાઇઝ આયાત કરવાની શરૂ કરાઇ હતી અને તેને સ્ટાર હોટલ તેમજ ફૂડ ચેઇન સ્ટોરને મોકલાતી હતી. 2000ના અંત સુધીમાં તો ફ્રેન્ચ ફ્રાઇઝની આયાત વધીને 5000 ટન પર પહોંચી ગઇ હતી. 2010-11માં આયાત 7683 ટન પર પહોંચી હતી. પરંતુ છેલ્લા એક દાયકામાં ભારતે ફ્રેન્ચ ફ્રાઇઝની માત્ર આયાત બંધ નથી કરી પણ દક્ષિણ એશિયાઇ તેમજ મધ્યપૂપર્વના દેશો, જાપાન, તાઇવાનમાં ભારત ફ્રેન્ચ ફ્રાઇઝ એક્સપોર્ટ કરતું થઇ ગયું હતું.

### વિદેશમાં ભારતની ફ્રેન્ચ ફ્રાઇઝની માંગ

કહે છે કે ભારતની કંપનીઓએ શરૂઆતમાં ફિલીપીન્સ, થાઇલેન્ડ, મલેશિયા, ઇન્ડોનેશિયા, વિયેતનામ જેવા દેશોમાં ફ્રેન્ચ ફ્રાઇઝ મોકલવાનું શરૂ કર્યું હતું. મધ્ય પૂર્વના દેશામાં પણ ત્યારે ફ્રેન્ચ ફ્રાઇઝનું માર્કેટ ઉભું થયું હતું. ત્યારબાદ જાપાન અને તાઇવાન જેવા દેશોમાં પણ ભારતની ફ્રેન્ચ ફ્રાઇઝની માંગ શરૂ થઇ હતી.

### બટાકા પ્રોસેસ કરાયા પછી 1 કિલો ફ્રેન્ચ ફ્રાઇઝ માટે 1.5 કિલો બટાકા જોઇએ

1.8 કિલો જેટલા બટકામાંથી એક કિલો ફ્રેન્ચ ફ્રાઇઝ બની શકે છે. બટાકા પ્રોસેસ કરાયા પછી એક કિલો ફ્રેન્ચ ફ્રાઇઝ બનાવવા દોઢ કિલો બટાકાની જરૂર પડે. જ્યારે બટાકામાંથી બનાવાતી અન્ય આઇટમો જેવીકે ભૂજીયા, વેફર્સ વગેરે બનાવવા એક કિલોએ છ કિલો બટાકા જોઇએ. ફ્રેન્ચ ફ્રાઇઝના ઉત્પાદન માટે સ્પેશ્યલ પ્રકારની વેરાઇટીના બટાકાના ઉત્પાદનની જરૂર પડે છે. પેપ્સીકોએ મુકેલી જાત FL 2027 અન્ય કોઇ વાપરી શકે નહીં એમ કહીને કંપનીએ કેટલાક કિસાનો સામે 500 કરોડના વળતરના કેસ પણ કર્યા હતા. કંપની સામે ઉહાપોહ થતાં કેસ પાછા ખેંચી લેવાયા હતા. જોકે 2024માં દિલ્હી હાઇકોર્ટે પ્રોટેક્શન ઓફ પ્લાંટ વેરાઇટી એક્ટ હેઠળ ફરી વપરાશ કરવા મંજૂરી આપી હતી.

### બટાકાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે

ગુજરાતની અનેક કંપનીઓ પણ ફ્રેન્ચ ફ્રાઇઝના એક્સપોર્ટમાં જોડાયેલી છે. જ્યારે ફ્રેન્ચ ફ્રાઇઝની વાત આવે એટલે બટાકાના ઉત્પાદનની વાત પણ કરવી પડે. બટાકાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. પહેલા નંબરે ચીન આવે છે. ચીનમાં બટાકાનું ઉત્પાદન દર વર્ષે 95 ટન જેટલું છે, તો ભારત વર્ષે 60 ટનના ઉત્પાદન સાથે બીજા ક્રમે આવે છે.

### ફ્રાય કર્યા પછી પણ કાળા ના પડે તેવા બટાકા ઉપયોગી

અહીં મહત્ત્વનું એ છે કે આપણે રોજબરોજ જે બટાકાનો ખોરાક તરીકે ઉપયોગ કરીયે છીયે તે ફ્રેન્ચ ફ્રાઇઝ બનાવવામાં ઉપયોગમાં આવી શકે તેમ નથી હોતા. ફ્રેન્ચ ફ્રાઇઝ બનાવવા એવા બટાકા ઉપયોગમાં લેવાય છે જે ફ્રાય કર્યા પછી પણ કાળા ના પડે અથવા તો બટાકાનો સફેદ કલર જાળવી રાખે. આ પ્રકારની બટાકાની જાતમાં કેનાબેક, કૂર્ફી ફ્રાઇઝસોના ઇનોવેટર, સંતાનાનો સમાવેશ થાય છે.

# મજબૂત વાળ પર થઈ શકે છે હેર ફોલનો શિકાર જો તમે વારંવાર કરી રહ્યા છો આ ભૂલો!

**વાળ ખરવા એ કોઈપણ માટે ચિંતાનું કારણ બની જાય છે, ખાસ કરીને જો તે નાની ઉંમરે થાય છે. સામાન્ય રીતે, જો તમારા વાળ ખરાબ આહાર, પ્રદૂષણ અથવા અન્ય કોઈ કારણોસર પાતળા થઈ જાય છે, તો તે તૂટવા અને ખરવા લાગે છે. આવી સ્થિતિમાં તમને ટાલ પડવાનો ડર લાગે છે અને તમારો આત્મવિશ્વાસ પણ ઓછો થઈ જાય છે.**



### મજબુત વાળ પણ તૂટે છે

તે સમજી શકાય છે, પરંતુ ઘણી વખત તમે જોયું હશે કે જેઓ ખૂબ જ મજબૂત હોય કે જાડા હોય, તેમના વાળ આગળથી તૂટવા લાગે છે. આવી સ્થિતિમાં, આનું કારણ શું છે તે સમજવું મુશ્કેલ બની જાય છે. જ્યારે પણ તમે ખોપરી ઉપરની ચામડીની નજીક વાળ ખરતા જુઓ તો સમજો કે ભૂલ ક્યાં થઈ રહી છે અને તેને રોકવા માટે પહેલું પગલું ભરો.

### સદરની માંગ કેમ ખાલી છે?

પ્રખ્યાત ત્વચારોગ વિજ્ઞાની ડૉ. જુષ્યા ભાટિયા સરીને તેમના ઈન્સ્ટાગ્રામ પર એક વિડિયો શેર કર્યો અને કહ્યું, 'જો તમે તમારા માથાના મધ્યમાં ટાલના નાના પેચ જોતા હોવ, તો સમજી લો કે આ વાળ ખરવાને કારણે છે કે 'ખરાબ આહારને કારણે નથી થઈ રહ્યું. '

### તમારી આ ભૂલો તમને મોંઘી પડશે

ડૉ. સરીને વધુમાં કહ્યું કે, 'જાડા વાળવાળા લોકોમાં આ વધુ જોવા મળે છે, તેઓ તેને લાંબા સમય સુધી કેમ બાંધે છે અથવા ઉંચી પોની પૂંછડી બનાવે છે અથવા તેને ચુસ્ત બનમાં કેમ બાંધે છે. આના કારણે વાળમાં તણાવ વધી જાય છે, જે આખરે વાળ ખરવાનું કારણ બને છે, તો તેની સારવાર કરવી મુશ્કેલ બની જાય છે. તેઓ કાયમી ધોરણે નુકસાન પામે છે, પરંતુ જો તમે તમારા વાળને ઢીલા બાંધો તો આને અટકાવી શકાય છે.

## પ્રેશર કુકરમાં ન રાંધવો જોઈએ આ ખોરાક, સ્વાસ્થ્યને થાય છે આ ભારે નુકસાન



એમાં કોઈ શંકા નથી કે પ્રેશર કૂકરે આપણું જીવન સરળ બનાવી દીધું છે. પરંતુ એ વાતને નકારી શકાય નહીં કે તેમાં તમામ ખાદ્યપદાર્થો રાંધવા માત્ર અઘરા જ નથી પણ બિનઆરોગ્યપ્રદ પણ છે. સામાન્ય રીતે દરેકના ઘરમાં ચોખા કૂકરમાં તૈયાર કરવામાં આવે છે. પરંતુ આમ કરવું સ્વાસ્થ્યની દૃષ્ટિએ સ્વાસ્થ્યપ્રદ નથી. વાસ્તવમાં, કૂકરમાં ચોખા રાંધવાથી સ્ટાર્ચ એક્રેલામાઈડ નામનું રસાયણ નીકળે છે, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. પ્રેશર કૂકરમાં પાલક રાંધવાથી તેમાં રહેલા વધુ ઓક્સાલેટ ઓગળી શકે છે, જેનાથી કિડનીમાં પથરી થઈ શકે છે. પાલકને સામાન્ય રીતે રાંધવાને બદલે, તેને ધીમી આંચ પર રાંધવી અને વધુ પાણીનો ઉપયોગ કરવો વધુ સારું છે જેથી તેના પોષક તત્વો સુરક્ષિત રહે અને શરીરને નુકસાન ન થાય. પ્રેશર કૂકરમાં માછલીને રાંધવાથી તેના પોષક તત્વો અને ઓમેગા-3 ફેટી એસિડનો નાશ થઈ શકે છે. માછલીને ધીમા તાપે બાફવી કે રાંધવી એ વધુ આરોગ્યપ્રદ છે. શાકભાજીને પ્રેશર કૂકરમાં રાંધવાથી તેમાં રહેલા તમામ પોષક તત્વો નાશ પામે છે. આ તેના ઊંચા તાપમાનને કારણે થાય છે. આવી સ્થિતિમાં, પ્રેશર કૂકરમાં બનાવેલ શાકભાજી શરીરમાં પોષક તત્વોની ઉણપનું કારણ બની શકે છે.

# લીલી ડુંગળી શરીરમાંથી પોષક તત્વોની ખામીને દૂર કરે છે...

ચોમાસા ની વરસાદ ની ઋતુ માં માર્કેટ મા લીલોતરી મતલબ લીલી છમ આંખ ની પ્રથમ પસંદ વિવિધ પ્રકારની ભાજીઓ આવવાની શરૂઆત થઈ જાય છે. આયુર્વેદ અનુસાર લીલી વિવિધ પ્રકાર ની ભાજીઓ તંદુરસ્ત અને સ્વસ્થ જીવન માટે ખૂબ જ અસરકારક અને ઉપયોગી હોય છે. ગુજરાતી માં એક કહેવત છે કે "ભાજી રાખે રાજી" નિયમિત ભોજન માં લીલી ભાજી ખાવાથી વિટામિન્સ ની ખામી શરીર માં ક્યારેય થતી નથી. જેમ વિટામિન d માટે સુર્ય પ્રકાશ જરૂરી છે એમજ શરીર ને વિટામિન્સ ની ખામી મુક્ત રાખવું હશે તો લીલી છમ ભાજી ખાવી અત્યંત આવશ્યક છે.જેવી કે મેથી, સુવા,બથવા,પાલક,તાંદળજો, લાલમ,મૂળા ની ભાજી, ગાજર ની ભાજી,ડુંગળી ની ભાજી,લસણ ની ભાજી, ધાણા ની ભાજી વગેરે વગેરે અનેકો અનેક ભાજીઓ એ શરીર ના સ્વાસ્થ્ય માટે અમૃત સમાન સમજો.ચોમાસા ની ઋતુ માં શાક ની માફક ભાજીઓ પણ ખવાતી નથી કેમ? ચોમાસાની ઋતુ માં ઝેરી જીવાત નું પ્રમાણ વધારે હોવાથી આર્યુવેદ અનુસાર ચોમાસાની ઋતુમાં શાકભાજી નો નિષેધ ગણવામાં આવે છે.



સ્પ્રિંગ ગાર્લિક & ઓનિયન
- રુપાલી દવે

ચોમાસુ ધીમે ધીમે પૂરું થતા શિયાળા ના દિવસો ની શરૂઆત થતાંજ શાક માર્કેટ માં રંગ બેરંગી તાજા આંખ ને ગમી જાય એવા શાક ની આવક થવા લાગે છે. શિયાળા માં શાકભાજી અને ફ્રૂટ સૌથી વધારે ખવાતા હોવાથી શિયાળા મા સરેરાશ લોકો નું આરોગ્ય તંદુરસ્ત અને રોગ મુક્ત જોવા મળે છે. ખાસ કરીને શિયાળા મા લોકો પાંદડા વાળા શાક ભાજી નો વધારે ઉપયોગ કરતા હોય છે. એમાં પણ સ્પ્રિંગ ઓનીયન અને સ્પ્રિંગ ગાર્લીક નો ગૃહિણીઓ ના કિચન મા સૌથી વધારે ઉપયોગ થાય છે. વાસ્તવિકતા એ છે કે લીલી ડુંગળી અને લસણ ને આયુર્વેદ ની દૃષ્ટી એ ઉતમ ઔષધિ માનવામાં આવ્યા છે. મોટાભાગ ના કિચન મા તમને શિયાળા ની ઋતુ માં ડુંગળી અને લસણ ની ભાજી જોવા મળશે. શિયાળો આવતા જ સૂકું લસણ અને સૂકી ડુંગળી નો વપરાશ તદન બંધ થઈ જાય છે. વર્તમાન સમયમાં પંથ સંપ્રદાય ની વિચાર ધારા મુજબ ડુંગળી લસણ નો ભોજન માં ઉપયોગ થતો નથી. આ કારણોસર હાર્ટ,ડાયાબિટીસ અને કેલોસ્ટોલ ના દર્દીઓ ના કેસની સંખ્યા અધધધ પ્રમાણ માં વધી છે. આ દર્દીઓના ઈલાજ માં વપરાતી દવાઓમાં ક્યું તત્વ? એ વિશે વિચારવાનો સમય કોને છે?

ધાર્મિક ગ્રંથો માં ક્યાંય શું ખાવું કે શું ના ખાવું? એ વિશેનો તર્ક વિતર્ક નો ઉલ્લેખ નથી તો પછી તામસિક કેમ? તો પછી શરીર માટે સંજીવની સમાન કાંદા લસણ તામસિક કેમ? મરચા ની તીખાશ લિવર માં અનેક સમસ્યા પેદા કરી શકે છે,ખાંડ ની બનાવટ વિશે માહિતી હોવા છતાંય એનો વધારે વપરાશ થાય છે. વર્તમાન સમયમાં ગોળ કરતા ખાંડની વપરાશ વધારે છે. લોકો ને શું ખાવું કે પીવું? આ વિશે એમની ખુદની પસંદગી નું મહત્વ ધરાવે છે.

લીલી ડુંગળી માંથી પુષ્કળ પ્રમાણ માં સલ્ફર,ફાઈબર,વિટામિન્સ,પોટેશિયમ,કોપર, મેગ્નેશિયમ, મેંગનીઝ, મિનરલ્સ વગેરે પોષક તત્વો શરીર માંથી પોષક તત્વોની ખામી ને દૂર કરે છે.લીલી ડુંગળી માં સલ્ફર ની માત્રા વધારે હોવાને લીધે કેન્સર જેવા રોગ થતાં નથી. સલ્ફર કેન્સર ની કોશિકા ને શરીર ની અંદર વિકસવા દેતા નથી. આ ઉપરાંત સલ્ફર બ્લડ માં સ્યુગર નું પ્રમાણ કન્ટ્રોલ માં રાખતા ડાયાબિટીસ જેવા રોગ થતાં નથી. લીલી ડુંગળી માં ફાઈબર નું પ્રમાણ પુષ્કળ હોવાના લીધે પાચન તંત્ર મજબૂત રહે છે. આના લીધે કબજિયાત અને એસિડિટી પણ થતાં નથી. કેલ્શિયમ નો સ્ત્રોત લીલી ડુંગળી અથવા સૂકી ડુંગળીના નિયમિત વપરાશ ના લીધે હાડકા લોખંડ જેવા મજબૂત રહે છે.લીલી ડુંગળી માં ઉપલબ્ધ વિટામિન એ અને કેરોટીનોઈડ્સ આંખ ને સબંધિત સમસ્યાઓ દૂર કરીને આંખ ને નિરોગી રાખે છે.

**મેથી, સુવા,બથવા,પાલક,તાંદળજો, લાલમ,મૂળા ની ભાજી, ગાજર ની ભાજી,ડુંગળી ની ભાજી,લસણ ની ભાજી, ધાણા ની ભાજી વગેરે વગેરે અનેકો અનેક ભાજીઓ એ શરીર ના સ્વાસ્થ્ય માટે અમૃત સમાન સમજો.**

વર્તમાન સમયમાં સ્ત્રીઓ અને પુરુષો ની મુખ્ય સમસ્યા પગ નો દુખાવો અને ગોઠણ દુખવા વધારે છે.લોકો અમુક અંતર થી વધારે ચાલતા જ પગ માં સખત ઝણઝણાટી થતાં પગ દુખવા લાગે છે. ઘણીવાર આ સમસ્યા એટલી હદે પીડાકારક બની જાય છે કે રીતસરના પગમાં સણકા ઉપડતા આંખ માંથી આંસુઓ નીકળી જાય છે.આ સમસ્યા માં બ્લડ રિપોર્ટ થતાં વિટામિન બી ૧૨ સાથે અનેક વિટામિન્સ ની ખામી નું રીઝલ્ટ મળે છે. હાથ પગ માં ખાલી ચડી જવી કે લોહીનું ગંઠાઈ જવું સમસ્યા વૃદ્ધો કે પ્રૌઢ લોકોની માત્ર નથી રહી આ સમસ્યા વર્તમાન સમયમાં તો નાના બાળકો થી લઈને યુવાનો માં પણ જોવા મળે છે.આ સમસ્યા પાછલ નું મુખ્ય કારણ બાળકો અને યુવાન યુવક યુવતીઓને પૂછશો કે તમને શું વધારે ભાવે છે? સેન્ડવીચ,બર્ગર,પીઝા,પાણી પૂરી, ભેળ પૂરી, પાસ્તા વગેરે જવાબ મળશે.જ્યારે બાળકો અને યુવાનો ને પૂછશો કે રૂટિન ઘરના જમવામાં શું ભાવે? તો જવાબ મળશે પનીર અને બટેટા. બાળકો અને યુવાનો એ શિયાળામાં આવતી લીલી ડુંગળી ની ભાજી ખાસ ખાવી જોઈએ.રૂટિન સતત ફાસ્ટ લાઈફ ના લીધે શરીર ને ઈમ્યુનીટી ની સાથે મજબૂત મગજ ની પણ જરૂર વધારે છે.નિયમિત સવારે નાસ્તામાં એક લીલી કે સૂકી ડુંગળી ખાવાની આદત પાડો.તમારી હેલ્થ સારી હશે તો લાઈફ લોટસ ઓફ એચિવ કરી શકશો. જંક ફૂડ કે ફાસ્ટ ફૂડ હેલ્થ ને નબળું બનાવી ને અમુક એજ બાદ રોગીષ્ટ બનાવી નાખશે.

ગૃહિણીઓ,લીલી ડુંગળી ની ભાજી નું ચણા નો લોટ નાખી ને શાક બનાવશો તો ફરસાણ ની બિલકુલ જરૂર પડશે નહિ.લીલી ડુંગળી અને નાયલોન ગાઠીયાના શાક સાથે ગરમા ગરમ થેપલા અને ગાજર ના અથાણાં ની મજા જ અલગ સમજો.

## સ્પ્રિંગ ગાર્લિક



લીલું લસણ માત્ર ને માત્ર ઠંડી ની ઋતુ માંજ મળે છે એ અન્ય ઋતુ માં મળતું નથી.જે રીતે લીલી ડુંગળી હેલ્થ માટે અકસીર ઉતમ ઔષધ સાબિત થાય છે શિયાળાની ઋતુ નું બેસ્ટ harb લીલું લસણ માનવામાં આવે છે.લીલા લસણ માં ખાસ પ્રકાર ના વિટામિન્સ,મિનરલ્સ અને પોષક તત્વો રહેલા હોવાથી એને ઈમ્યુંનીટી બૂસ્ટર પણ કહેવાય છે. લીલું લસણ શરીર ની રોગ પ્રતિકારક શકિત વધારી ને શરીર ને શિયાળા મા નિરોગી રાખે છે.લીલું લસણ માં ભરપુર માત્રા માં એન્ટીબાયોટિક તત્વ રહેલું હોવાથી શરીર નું અન્ય ઈન્ફેક્શન થી રક્ષણ થાય છે. એન્ટી ઈમફલેમેટરી તત્વના લીધે ડાયજેશન અને અપોચા જેવી પેટ ની સમસ્યા થી છુટકારો મળે છે.આ ઉપરાંત બેકટીરિયલ બેલેન્સ જાળવવા માં પણ મદદ રૂપ થાય છે. લીલા લસણ ના નિયમિત સેવન થી હાર્ટ ને લગતી સમસ્યા હોય કે કિડની માં ટોકસીન વધવાની તકલીફ દૂર થાય છે. ડાઈ યુરેટિક તત્વ શરીર ના બ્લડ પ્લુરી ફાયર નું કામ કરીને લિવર ને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. ઠંડી માં કફ,શરદી,ઉધરસ,સળેખમ વગેરે જેવી ગંભીર શ્વાસ ની બીમારીઓ સામે ભરપુર રક્ષણ પ્રદાન કરે છે.લીલું લસણ એ કેલોસ્ટ્રીલ નું સ્તર નિયંત્રિત રાખવા માં મદદ રૂપ થાય છે.લસણ માં એન્ટી વાયરલ અને એન્ટી બેકટીરિયલ ગુણ હોવાના લીધે ચેપ નથી લાગતો.

લસણ એ તીખું, તીવ્ર વાંસ વાળું,ઉષ્ણ,સ્નિગ્ધ, પાચક, અગ્નિ દીપક અને વીર્ય પ્રદ છે.અરુચિ, કૃમિ,હેડકી, તાવ,કોઢ, શૂળ વગેરે ને મટાડનાર છે. શિયાળા ની ઋતુ માં આવતું લીલું લસણ એ ખૂબ ફાયદાકાક સ્વાદ માં જીભ ને પસંદ પડે છે.લીલા લસણ ના નાના ટુકડા ને ઘી મા સાતળી ને એમાં સહેજ સેંધા નમક નાખી ને ખીચડી કે પરોઠા શાક સાથે ખાવાથી જમવાનો ટેસ્ટ વધી જાય છે. લીલા લસણ ની લીલા મરચા દાળિયા અને શીંગ સાથે ચટણી ની મજા ખાસ છે..

આયુર્વેદ કહે છે કે જો નિયમિત ડુંગળી લસણ તો રોગ ની નો એન્ટ્રી..



# ‘શું તમે બધું કરવા તૈયાર છો...?’

## ‘દંગલ ગર્લ’ બની હતી કાસ્ટિંગ કાઉચનો ભોગ, સાઉથ ઈન્ડસ્ટ્રીનું કાળું સત્ય કર્યું ઉજાગર

(એજન્સી) મુંબઈ | તા.28

એક્ટ્રેસ ફાતિમા સના શેખે આમિર ખાનની ફિલ્મ ‘દંગલ’થી પોતાની ઓળખ બનાવી હતી. હવે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે તેની કરિયરના શરૂઆતના દિવસોને યાદ કર્યા. તેણે કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યા પછી તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, ખાસ કરીને કાસ્ટિંગ કાઉચનો ભોગ બની હતી. આ સિવાય તેણે એ પણ જણાવ્યું કે કેટલાક કાસ્ટિંગ ડિરેક્ટર નવા કલાકારો પાસે તેમની કમાણીનો એક ભાગ માગતા હતા.

બોલિવૂડ બબલ સાથે વાત કરતાં ફાતિમા સના શેખે કહ્યું, ‘મને સાઉથ ઈન્ડસ્ટ્રીમાંથી ફિલ્મ માટે ફોન આવ્યો હતો. કાસ્ટિંગ એજન્ટે મને અનકમ્ફર્ટેબલ ફિલ કરાવ્યું હતું. તેણે મને પૂછ્યું કે તું શું તમે બધું કરવા તૈયાર છો? મેં જવાબ આપ્યો કે હું સખત મહેનત કરીશ અને રોલ માટે જે જરૂરી હશે તે કરીશ. પણ તે એ જ પ્રશ્નો વારંવાર પૂછતો રહ્યો. જો કે, મેં જાણી જોઈને તેને જવાબ ન આપ્યો, જેથી હું જોઈ શકું કે તે ક્યાં સુધી જઈ શકે છે.

જો ફાતિમાનું માનીએ તો શરૂઆતના તબક્કામાં તેને લાગ્યું કે જો તે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરશે તો તેના માટે બોલિવૂડમાં રસ્તો ખુલશે. આ આશા સાથે જ તે એક ફિલ્મ માટે ઓડિશન આપવા ગઈ હતી. બધા એક રૂમમાં હતા અને ડિરેક્ટર ઈશારો કરી રહ્યા હતા કે તમારે કેટલાક લોકોને મળવું પડશે. તેણે સીધું કંઈ કહ્યું નહીં, પણ તેનો અર્થ સ્પષ્ટ હતો. જો કે, એક્ટ્રેસે એમ પણ કહ્યું કે દરેક જણ આવા હોતા નથી.

ફાતિમાએ કહ્યું, હું જાણું છું કે ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકો આવું વર્તન કરે છે. જ્યારે પણ હું કોઈ એક્ટ્રેસ પાસેથી આવી વાતો સાંભળું છું, ત્યારે મને જરાં પણ આશ્ચર્ય થતું નથી. કારણ કે આવી ઘટનાઓ ઘણા ફેમસ સ્ટાર્સ સાથે બની છે.

વધુમાં, ફાતિમાએ જણાવ્યું કે દરેક સ્ટુડિયોમાં અલગ-અલગ ઓડિશન પ્રક્રિયા હતી. આ સ્ટુડિયોમાં આવતા કાસ્ટિંગ ડિરેક્ટર્સે પણ જાહેરાતો અને કમર્શિયલમાંથી કલાકારોને મળતા પૈસા પર હકનો દાવો કર્યો હતો. ઘણી વખત ડિરેક્ટરો તેમની કમાણીનો હિસ્સો અગાઉથી લઈ લેતા હતા.

આ ફિલ્મોમાં જોવા મળી છે એક્ટ્રેસ વર્કફ્રન્ટની વાત કરીએ તો, ફાતિમા સના ટૂંક સમયમાં અનુરાગ કશ્યપની ફિલ્મ ‘મેટ્રો ધીસ ડેઝ’માં જોવા મળશે. તેમના ઉપરાંત તેમાં આદિત્ય રોય કપૂર, સારા અલી ખાન, અનુપમ ખેર અને નીના ગુપ્તા પણ છે. પંકજ ત્રિપાઠી, કોંકણા સેનગુપ્તા અને અલી ફઝલ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 2007 માં આવેલી ફિલ્મ ‘મેટ્રો’ ની સિક્વલ છે. તમને જણાવી દઈએ કે, ફાતિમા સના શેખ ફિલ્મ ‘ઠગ્સ ઓફ હિન્દુસ્તાન’, ‘થાર’, ‘ધક ધક’ તેમજ ‘સેમ બહાદુર’માં જોવા મળી હતી.



# ‘મને માફ કરજો...’

## ટ્રમ્પના નિર્ણયે ફેમસ હોલિવૂડ સિંગરને રડાવી, ટ્રોલ થતાં વીડિયો સો. મીડિયા પરથી હટાવ્યો



(એજન્સી) મુંબઈ | તા.28

હોલિવૂડ સિંગર અને એક્ટ્રેસ સેલેના ગોમેઝ સો. મીડિયા પર ટ્રેન્ડ કરી રહી છે. સેલેનાએ તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં તે ખૂબ જ રડી રહી હતી. સેલેનાના રડવાનું કારણ અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી દેશનિકાલ નીતિ છે. અમેરિકામાં ટ્રમ્પના શાસનની શરૂઆત સાથે, ઈમિગ્રેશન અમલીકરણ પર ઝડપથી કામ શરૂ થયું છે. 26 જાન્યુઆરીએ અમેરિકામાં ટ્રમ્પના આદેશ બાદ, ઘણી એજન્સીઓએ હજારો ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરી. આ વિશે વાત કરતા, સેલેના ગોમેઝે એક ઈમોશનલ વીડિયો શેર કર્યો હતો. સેલેના ગોમેઝ કેમેરા સામે જ રડી પડી! આ ઈમોશનલ વીડિયોમાં તેણે કેપ્શન લખ્યું - પ્લીઝ મને માફ કરી દેજો. આ સાથે, તેણે મેક્સિકન ધ્વજનું ઈમોજી પણ એડ કર્યું હતું. સેલેનાએ આ વીડિયોમાં ટ્રમ્પની નવી ઈમિગ્રેશન પોલિસી વિશે વાત કરી હતી. સાથે આ પોલિસી અંતર્ગત ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરીને તેમને તેમના દેશમાં પાછા મોકલવાની પ્રક્રિયા વિશે પણ વાત કરી. તેમણે કહ્યું, આપણા લોકો પર હુમલો થઈ રહ્યો છે, બાળકોને પણ છોડવામાં આવતા નથી. હું સમજી શકતી નથી. મને માફ કરી દેજો, હું ઈચ્છું છું કે હું કંઈક કરું, પણ હું કંઈ કરી શકતી નથી. મને ખબર નથી પડતી કે શું કરવું. હું બધા જ પ્રયત્ન કરીશ, હું પ્રોમિસ કરું છું. આ વાત કરતાં-કરતાં સેલેના ગોમેઝ ખૂબ રડી રહી હતી. જોકે, થોડા સમય બાદ ટ્રોલ થતાં તેણે આ વીડિયો ડિલીટ કરી દીધો હતો. સેલેના સો. મીડિયા પર ટ્રોલ થઈ આ વીડિયો પર રાજકીય કાર્યકર્તા ચાર્લી કિર્કે તેના પર પ્રહાર કરતા કહ્યું, સેલેના ઈમિગ્રન્ટ્સને મારા લોકો કેમ કહી રહી છે? શું તમે અમેરિકન નથી? જ્યારે 100,000 અમેરિકનો ફેન્ટાનાઈલ પોઈઝનથી મૃત્યુ પામ્યા ત્યારે તમારો પોકાર ક્યાં હતો? ચાર્લી કિર્કે આગળ કહ્યું, ‘જ્યારે આપણી સરહદ નજીક 340,000 બાળકોની તસ્કરી થયા પછી ગાયબ થઈ ગયાં ત્યારે આ આંસુ ક્યાં ગયાં હતાં? કદાચ આ અમેરિકન તમારા લોકો નથી.

# રામગોપાલની એ-લિસ્ટર્સ પર વાંધાજનક પોસ્ટ

(એજન્સી) મુંબઈ | તા.28

રામ ગોપાલ વર્મા તેમના ભડકાઉ અને વાંધાજનક સોશિયલ મીડિયા કોમેન્ટ્સના કારણે ઘણી વખત વિવાદોમાં ઘેરાયેલા છે. તાજેતરમાં ફરી તેણે બોલિવૂડ એ-લિસ્ટર્સ પર એક વાંધાજનક પોસ્ટ શેર કરી છે, જેની યુઝર્સ દ્વારા ટીકા થઈ રહી છે. જ્યારે થોડા દિવસ પહેલા જ વિવાદાસ્પદ પોસ્ટને કારણે તેમની સામે બે ફરિયાદ નોંધાઈ હતી.

રામ ગોપાલ વર્માએ તાજેતરમાં તેના પર એક વીડિયો પોસ્ટ શેર કર્યો છે

શેર કરવામાં આવેલ વિડિયો બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એ-લિસ્ટર્સને તેમના એક્સ સાથે બતાવે છે. સ્ક્વિડ ગેમ્સ સિરીઝના વિઝ્યુઅલ્સમાં સેલેબ્સના ચહેરાને મોર્ફ કરીને આ વીડિયો AI દ્વારા જનરેટ કરવામાં આવ્યો છે. વીડિયોમાં હૃતિક સાથે કંગના રનૌત, સલમાન સાથે ઐશ્વર્યા, અમિતાભ બચ્ચન સાથે રેખા અને કેટરિના કૈફ સાથે એક્સ બોયફ્રેન્ડ રણબીર, બિપાશા બાસુ તેના એક્સ બોયફ્રેન્ડ જોન અબ્રાહમ સાથે જોવા મળી રહ્યા છે.

વીડિયોના અંતમાં તમામ સેલેબ્સના વર્તમાન પાર્ટનર્સ તેમને શૂટ કરતા બતાવવામાં આવ્યા છે. સ્ક્વિડ ગેમ થીમના આ AI જનરેટેડ વિડિયોમાં વિવેક ઓબેરોય માસ્ટરમાઈન્ડની ભૂમિકા ભજવે છે. અંતે, સલમાન ખાનને કાળા હરણ સાથે બતાવવામાં આવ્યો છે. આ પોસ્ટ માટે રામ ગોપાલ વર્માની ભારે ટીકા થઈ રહી છે.

આ સિવાય રામ ગોપાલ વર્માએ સૈફ અલી ખાન પરના હુમલાને લઈને મુંબઈ પોલીસની પણ ટીકા કરી છે. તેણે સૈફ અલી ખાન પરના હુમલાના રહસ્ય અને તેને લગતી હજારો અટકળોને લઈને એક પોસ્ટમાં લખ્યું છે કે, પોલીસ પાસે એવો કોઈ પ્રવક્તા કેમ નથી જે જાહેર હિતમાં મીડિયાને સમયાંતરે આ મામલાની માહિતી આપી શકે. . જેમ કે અમેરિકામાં.





11મી નવેમ્બરે વિવાદાસ્પદ પોસ્ટ પર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી રામ ગોપાલ વર્મા ઘણીવાર વિવાદાસ્પદ પોસ્ટને કારણે હેડલાઈન્સમાં રહે છે. થોડા સમય પહેલા તેઓ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ અને તેમના પરિવાર વિરુદ્ધ સોશિયલ મીડિયા પર અપમાનજનક ટિપ્પણી કરી હતી. વિવાદ વધતાં તેની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

રામ ગોપાલ વર્મા સામે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીની કલમ 67 અને BNSની કલમ 336 (4), 352 (2) હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ સિવાય રામ ગોપાલ વર્મા પણ દ્રૌપદી મુર્મુ પર અભદ્ર ટિપ્પણી કરવાને કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમણે એક પોસ્ટમાં લખ્યું હતું કે, જો દ્રૌપદી રાષ્ટ્રપતિ છે તો પાંડવો કોણ છે?

# વીર પહાડિયા અને ખુશી કપૂર વચ્ચે કોમ્પિટિશન?

## એક્ટરે કહ્યું- અમારી વચ્ચે કોઈ સ્પર્ધા નથી; જાહ્નવી સાથેના બોન્ડ વિશે પણ કરી વાત...

(એજન્સી) મુંબઈ | તા.28

વીર પહાડિયાએ તાજેતરમાં જ ફિલ્મ ‘સ્કાય ફોર્સ’થી બોલિવૂડમાં એન્ટ્રી કરી છે. આ ફિલ્મમાં તેની સાથે અક્ષય કુમાર પણ જોવા મળ્યો હતો. આ દરમિયાન, વીરે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે એક્ટ્રેસ જ્હાન્વી કપૂર સાથે તેનું ખૂબ જ સારું બોન્ડ છે. તેણે ખુશી કપૂર સાથેની કોમ્પિટિશન વિશે પણ વાત કરી. વીરના નાના ભાઈ શિખર પહાડિયા અને જ્હાન્વી કપૂરના ડેટિંગના સમાચાર ઘણા સમયથી સામે આવી રહ્યા છે. બંને ઘણીવાર પાર્ટી અને ઈવેન્ટ્સમાં સાથે જોવા મળે છે.

‘જ્હાન્વી કપૂર અને ખુશી કપૂર આ ઈન્ડસ્ટ્રીમાં મારી પહેલી એક્ટર ફ્રેન્ડ્સ છે. જ્હાન્વી અને હું સારા બોન્ડ શેર કરીએ છીએ.

ખુશી કપૂર સાથેની કોમ્પિટિશન અંગે વીરે કહ્યું કે તે નવી પેઢીને કોમ્પિટિશનની નજરે જોતો નથી. તેનું માનવું છે કે અલગ-અલગ સ્ટાઈલ અને અવાજ ધરાવતા સ્ટાર્સ સાથે કામ કરીને તે ઘણું શીખશે.

ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ વિશે વાત કરતા વીરે કહ્યું, મેં ઘણા દિવસો સુધી કંઈ ખાધું નહોતું. હું સૂતો પણ નહોતો. મને ખબર નથી કે તમે તેને મારા ચહેરા પર જોઈ શકો છો કે નહીં. પણ હું ખૂબ ખુશ છું. હું ઘણા સમયથી આની રાહ જોઈ રહ્યો હતો. મેં મારું જીવન અને આત્મા ‘સ્કાય ફોર્સ’ને આપી દીધો. આ 3 વર્ષથી વધુ સમયની સફર છે. વીરના કહેવા પ્રમાણે, આ ફિલ્મ દરમિયાન તેને ઘણું શીખવા મળ્યું. મુશ્કેલ સમયોએ તેને મજબૂત બનાવ્યો. તે કહે છે કે માત્ર પોતાના કામને પ્રેમ કરવો પૂરતું નથી, પરંતુ તે કામ સફળ



થવું જોઈએ, જેથી તેમના પર વિશ્વાસ રાખનારા નિર્માતાઓને પણ ફાયદો થાય. ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ 24 જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી અક્ષય કુમારે ફિલ્મ સ્કાય ફોર્સમાં વિજય સક્સેનાનો રોલ કર્યો છે. વીર પહાડિયા કરણ શેરગીલના રોલમાં જોવા મળે છે. ફિલ્મમાં સારા અલી ખાન વીરની પત્નીની ભૂમિકામાં છે જ્યારે નિમરત કૌર અક્ષય કુમારની પત્નીની ભૂમિકામાં છે. આ ફિલ્મ 24 જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી.

## પિતા રાકેશ રોશને કહ્યું- આ ફિલ્મના દરેક શોટ પહેલાં, હું ભગવાનને પ્રાર્થના કરતો...

# ‘ક્રિશ’ના સેટ પર હૃતિક મરતાં-મરતાં બચ્યો હતો!

(એજન્સી) મુંબઈ | તા.28 રાકેશ રોશને જણાવ્યું છે કે હૃતિક રોશન ફિલ્મ ‘ક્રિશ’ના સેટ પર મરતાં-મરતાં બચ્યો હતો. હૃતિકે નક્કી કર્યું હતું કે આ ફિલ્મના તમામ સ્ટંટ તે પોતે જ કરશે. એક દિવસ તેને 50 ફૂટ ઊંચા ઘડિયાળના ટાવર પરથી જમ્પ મારવાનો હતો. ટાવર જેવું તેને જમ્પ કર્યું કે તેનો સેફ્ટી કેબલ તૂટી ગયો. જો કે, નસીબ સારું હતું કે તે જમીન પર નહીં પરંતુ છજા પર પડ્યો હતો. જેના કારણે તેને ગંભીર ઈજા થઈ ન હતી. આ અકસ્માતથી રાકેશ રોશન ખૂબ જ ડરી ગયા હતા અને તે દિવસે શૂટિંગ રોકવા માગતા હતા. ત્યારે હૃતિકે કહ્યું હતું કે જો શૂટિંગ નહીં થાય તો આ ડર હંમેશા તેની સાથે રહેશે.



### ‘હૃતિક ખૂબ ઊંચાઈ પરથી પડ્યો હતો’

કનેક્ટ સિને સાથેની તાજેતરની વાતચીતમાં રાકેશ રોશને કહ્યું, ‘ક્રિશ’ના શૂટિંગ દરમિયાન, હૃતિકના દરેક શોટ પહેલાં, હું પ્રાર્થના કરતો હતો કે બધું સારું થાય. જ્યારે તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જમ્પ કરતો. તેણે આગળ કહ્યું, એક દિવસ તે ખૂબ ઊંચાઈ પર ચઢી રહ્યો હતો. હું કેમેરા લઈને રસ્તાની બીજી બાજુ બેઠો હતો. પછી મને લાગ્યું કે હૃતિક કમ્ફર્ટેબલ નથી અને તે કંઈક એડજસ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. એક્શન ડિરેક્ટરને કહેવા માટે હું ખુરશી પરથી ઊભો થયો ત્યાં સુધીમાં કેબલ તૂટી જવાને કારણે તે નીચે પડ્યો. તે ઝાડની પાછળ પડ્યો હોવાથી, આખરે શું થયું તે હું જોઈ શક્યો નહીં. પછી અમે બધા ત્યાં પહોંચ્યા. તે નસીબદાર હતો કે તે છજા પર પડ્યો હતો.

આ ઘટના બાદ પણ હૃતિકે શૂટિંગ બંધ ન કર્યું રાકેશે કહ્યું કે આ બધું ભગવાનનો આશીર્વાદ છે. ઘટના બાદ હૃતિકે કહ્યું હતું- પાપા, હું ઠીક છું. ચિંતા કરશો નહીં. તેના પર તેણે કહ્યું હતું- અમે આજે શૂટિંગ નહીં કરીએ. પરંતુ હૃતિકે કહ્યું કે શૂટિંગ આજે જ થવું જોઈએ, નહીં તો આ ડર મારી સાથે રહેશે.

# કરણે ફિલ્મોમાં કામ કરવાનો અનુભવ શેર કર્યો

## એક્ટરે કહ્યું- એક રોમેન્ટિક સીનના શૂટમાં તો 10 કલાક જેટલો સમય લાગ્યો, શૂટિંગથી કંટાળી ગયો હતો



(એજન્સી) મુંબઈ | તા.28

‘બિગ બોસ 18’ના વિજેતા કરણ વીર મેહરા સતત ચર્ચામાં છે. આ પહેલા તેણે રિયાલિટી શો ‘ખતરોં કે ખિલાડી-14’નો ખિતાબ પણ જીત્યો હતો. બિગ બોસ જીત્યા બાદ કરણના ઘણા ઈન્ટરવ્યૂ સામે આવ્યા છે. તેણે યુટ્યુબર એલ્વિશ યાદવ સાથે પોડ કાસ્ટ કર્યું. જેમાં તેણે ફિલ્મોમાં કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો હતો.

ફિલ્મમાં મારા સીન્સ જોઈને મિત્રોને ખૂબ જ આશ્ચર્ય થયું-કરણ એલ્વિશના પોડકાસ્ટમાં, કરણ વીર મહેરાએ ફિલ્મ રાગિની MMS 2 માં મેડીના પાત્ર વિશે વાત કરી છે. આ ફિલ્મમાં તેણે સની લિયોન સાથે રોમેન્ટિક સીન કર્યા હતા. એક્સપિરિયન્સ શેર કરતાં એક્ટરે હસીને કહ્યું- મારા મિત્રો આ સીન્સ જોઈને ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગયા. જ્યારે મેં મારા મિત્રોને આ દ્રશ્યો બતાવ્યા તો તેઓ શોક થઈ ગયા.

સીન શૂટ કરતાં-કરતાં રાત પડી ગઈ હતી- કરણ પોડ કાસ્ટમાં, કરણને પૂછવામાં આવ્યું હતું કે શું તેણે એક જ ટેકમાં શૂટ પૂર્ણ કર્યું હતું અથવા તેણે રીટેક લીધા હતા? તેના જવાબમાં તેણે કહ્યું- એકવાર શૂટ એટલું લાંબુ ચાલ્યું કે સવારે 11 વાગ્યાથી શરૂ થયું હતું તો રાતના 9 વાગી ગયા. ત્યાં સુધીમાં હું ખૂબ જ થાકી ગયો હતો અને વિચારતો હતો કે શૂટ જલ્દી પૂરું થાય તો સારું.

## ફિલ્મ ‘દેવા’ પર સેન્સર બોર્ડની કાતર

# શાહિદ-પૂજાના કિસિંગ સીન સામે વાંધો, ઘણા ડાયલોગ્સ અને સીન પણ બદલવા પડશે




(એજન્સી) મુંબઈ | તા.28

શાહિદ કપૂર અને પૂજા હેગડે સ્ટારર ફિલ્મ ‘દેવા’ 31 જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. રિલીઝના થોડા દિવસો પહેલાં જ સેન્સર બોર્ડે ફિલ્મના એક સીન પર વાંધો ઉઠાવ્યો છે. તેમજ ઘણા સીનમાં ફેરફારની માગ કરી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને ફિલ્મ ‘દેવા’ના મેકર્સે ફિલ્મમાંથી તે સીન હટાવવા માટે કહ્યું છે જેમાં શાહિદ કપૂર અને પૂજા હેગડેનું લાબું લિપ લોક છે. બોર્ડે આ 6 સેકન્ડમાં કરવાનું સૂચન કર્યું છે. આ સીન સિવાય મેકર્સ પાસે એક્ટર્સ દ્વારા કરવામાં આવેલી ખોટી અને અશ્લીલ હરકતો દૂર કરવાની પણ માગ કરી છે. કેટલાક દ્રશ્યોમાં અપશબ્દોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો, હવે બોર્ડે તેમાં ફેરફારની માગ કરી છે. સીન સિવાય મેકર્સે સબટાઈટલમાં પણ ફેરફાર કરવા પડશે. મેકર્સ પાસે સીનમાં ફેરફાર કરવાની કે તેને દૂર કરવાની સ્વતંત્રતા છે. ફિલ્મના એક સીનમાં મુંબઈ ફોર્ટ વિસ્તારનું નામ હુતાત્મા ચોક રાખવામાં આવ્યું છે. સેન્સર બોર્ડે આ ફેરફારનું કારણ પૂછ્યું છે.

# વિરાટે રણજી મેચ પહેલા મુંબઈમાં પ્રેક્ટિસ કરી

## વિરાટ કોહલી બેકફૂટ પ્લે પર વધુ કામ કરતો જોવા મળ્યો હતો



(એજન્સી) નવી દિલ્હી તા 28

વિરાટ કોહલીએ રણજી મેચમાં ઉતરતા પહેલા મુંબઈમાં પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. તેણે ભારતીય ટીમના ભૂતપૂર્વ બેટિંગ કોચ સંજય બાંગરની દેખરેખ હેઠળ શનિવાર અને રવિવારે પ્રેક્ટિસ કરી હતી.

કોહલી 30 જાન્યુઆરીથી દિલ્હી અને રેલવે વચ્ચેની રણજી મેચમાં રમતા જોવા મળશે. તેણે દિલ્હી અને ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનને આની જાણ કરી છે. કોહલીની પ્રેક્ટિસનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં વિરાટ કોહલી ઓફ સ્ટમ્પની બહાર જતા બોલ પર પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો. પ્રેક્ટિસ સેશન દરમિયાન બાંગર કોહલીને 16 યાર્ડના અંતરથી થ્રો ડાઉન કરતા જોવા મળ્યા. તેમણે કોહલીને સતત વધતા બોલ પર પ્રેક્ટિસ કરાવી. કોહલી બેકફૂટ પ્લે પર વધુ કામ કરતો જોવા મળ્યો હતો. તે બોલ રમવા માટે પાછળની તરફ નમતો જોવા મળ્યો હતો. કોહલીને ઓફ સ્ટમ્પની બહાર જતી બોલ પર પડી રહી છે મુશ્કેલી 36 વર્ષીય કોહલી ઓફ-સ્ટમ્પ એરિયાની અંદર અને બહાર પિચ કરાયેલા દડાઓ સામે ગંભીર ટેક્નિકલ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. તે ઓફ સ્ટમ્પની બહાર જતા બોલ પર રમીને વિકેટ પાછળ કેચ થયા બાદ આઉટ થયો હતો.

BGT ટ્રોફી અને ન્યૂઝીલેન્ડ સામેની સિરિઝમાં ખરાબ પ્રદર્શન કોહલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચ ટેસ્ટ મેચોમાં માત્ર 190 રન જ બનાવી શક્યો હતો, જેમાં પર્થમાં પ્રથમ ટેસ્ટમાં સદી સામેલ હતી. આ સિઝનમાં પાંચ હોમ ટેસ્ટ મેચમાં તેનો સર્વોચ્ચ સ્કોર બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડ સામે 47 રનનો હતો.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા બુમરાહની ઈજાની તપાસ થશે:ફિટ હશે તો રમશે

(એજન્સી) નવી દિલ્હી તા 28



જસપ્રીત બુમરાહ પોતાની પીઠનો ઈલાજ કરાવવા ન્યૂઝીલેન્ડ જઈ શકે છે. BCCIની મેડિકલ ટીમ ન્યૂઝીલેન્ડના ડોક્ટર રોવાન શાઉટેનના સંપર્કમાં છે. જો જરૂર પડશે તો બુમરાહને ન્યૂઝીલેન્ડ મોકલવામાં આવશે. જોકે બુમરાહની ફિટનેસને લઈને બીસીસીઆઈ દ્વારા હજુ સુધી કંઈ કહેવામાં આવ્યું નથી. મેડિકલ ટીમ બુમરાહનો રિપોર્ટ ન્યૂઝીલેન્ડના ડોક્ટર સાથે શેર કરશે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેના રમવા અંગેનો નિર્ણય તેના ફીડબેકના આધારે લેવામાં આવશે. શાઉટેન 2023માં બુમરાહની પીઠ પર ઓપરેશન કરી ચૂક્યો છે. બુમરાહ 15 સભ્યોની ભારતીય ટીમમાં સામેલ બુમરાહને આવતા મહિને 19 ફેબ્રુઆરીથી પાકિસ્તાન અને UAEમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે 15 સભ્યોની ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચોની હોમ સિરિઝની છેલ્લી મેચ માટે પણ તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી ટેસ્ટ મેચ દરમિયાન બુમરાહ ઈજાગ્રસ્ત થયો હતો. તેને પીઠની સમસ્યા હતી. આ કારણથી તેને ઈંગ્લેન્ડ સામેની ટી-20 સિરિઝ માટે પણ પસંદ કરવામાં આવ્યો ન હતો. તેને 12 ફેબ્રુઆરીએ રમાનાર ત્રણ મેચની વનડે સિરિઝની છેલ્લી મેચ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમમાં 11 ફેબ્રુઆરી સુધી ફેરફાર કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં પસંદગી સમિતિ તેના બેકઅપ માટે હર્ષિત અને મોહમ્મદ સિરાજના નામ પર ચર્ચા કરી શકે છે. હર્ષિતે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. તેણે 2 ટેસ્ટ મેચમાં 4 વિકેટ લીધી હતી.

# ગૌતમ ગંભીર-સૂર્યકુમાર યાદવ શમીને તક નથી આપી રહ્યા?

(એજન્સી) નવી દિલ્હી તા 28

મોહમ્મદ શમી ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે T20 મેચમાં રમ્યો નહોતો. બેટિંગ કોચ સિતાંશુ કોટકે હવે તેના પર એક વિચિત્ર નિવેદન આપ્યું છે. તેણે કહ્યું કે શમી સંપૂર્ણપણે ફિટ છે. પરંતુ સવાલ એ છે કે જ્યારે મોહમ્મદ શમી ફિટ છે તો પછી તેને શા માટે પ્લેઈંગ-11 માં રમાડાવામાં નથી આવી રહ્યો? મોહમ્મદ શમીને ઘણા સમય પહેલા ફિટ જાહેર કરવામાં આવ્યો હતો, આ ખેલાડીને ટીમ ઈન્ડિયામાં પણ પસંદ કરવામાં આવ્યો હતો પરંતુ આજ સુધી તેને એક પણ મેચ રમવાની તક મળી નથી. શમી ઈંગ્લેન્ડ વિરૂદ્ધ કોલકાતા અને ચેન્નાઈ T20માં બેન્ચ પર બેઠો જોવા મળ્યો હતો. તે માત્ર બોલિંગની પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો પરંતુ પ્લેઈંગ ઈલેવનમાં તેને તક મળી ન હતી. મોહમ્મદ શમીને ઘણા સમય પહેલા ફિટ જાહેર કરવામાં આવ્યો હતો, આ ખેલાડીને ટીમ ઈન્ડિયામાં પણ પસંદ કરવામાં આવ્યો હતો પરંતુ આજ સુધી તેને એક પણ મેચ રમવાની તક મળી નથી. શમી ઈંગ્લેન્ડ વિરૂદ્ધ કોલકાતા અને ચેન્નાઈ T20માં બેન્ચ પર બેઠો જોવા મળ્યો હતો. તે માત્ર બોલિંગની પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો પરંતુ પ્લેઈંગ ઈલેવનમાં તેને તક મળી ન હતી. પ્રશ્ન એ છે કે આવું કેમ થઈ રહ્યું છે? શું શમી હજુ પણ ફિટ નથી? આ સવાલોના જવાબ ટીમ ઈન્ડિયાના નવા બેટિંગ કોચ સિતાંશુ કોટકે આપ્યા હતા.



# SRH ની કાવ્યા મારને રમ્યો માસ્ટર સ્ટ્રોક !



(એજન્સી) નવી દિલ્હી તા 28

ટીમ ઈન્ડિયાએ બીજી ટી-20માં પણ ઈંગ્લેન્ડને હરાવ્યું. પરંતુ ઈંગ્લેન્ડના બ્રાયડન કાર્સે બધાના દિલ જીતી લીધા. આ ખેલાડીએ પહેલા બેટથી અને પછી બોલથી હલચલ મચાવી દીધી. SRH ની કાવ્યા મારને પણ તેના ઓલરાઉન્ડ પ્રદર્શનની સરાહના કરી. કારણ કે બ્રાયડનને SRH એ IPL 2025 માટે 1 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ચેન્નાઈમાં પણ ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને હરાવીને પાંચ મેચની T20 શ્રેણીમાં 2-0થી લીડ મેળવી હતી. ટીમ ઈન્ડિયાએ સતત બીજી ટી-20 મેચમાં ઈંગ્લેન્ડને હરાવીને ચાહકોના દિલ પરંતુ ટી-20 માં, ઈંગ્લેન્ડના એક ખેલાડીએ પણ શાનદાર પ્રદર્શન કર્યું છે. તેના પ્રદર્શનથી સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) ના માલિક કાવ્યા મારન પણ ખુશ થયા હોત. વાસ્તવમાં તેની ટીમે આ ખેલાડીને IPL 2025 માટે 1 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. પરંતુ ભારત સામે, આ ખેલાડીએ 5 કરોડ રૂપિયાની સિદ્ધિ મેળવી છે.ટીમ ઈન્ડિયાએ ચેન્નાઈમાં રમાયેલી બીજી ટી-20 મેચ જીતીને ચાહકોને ખુશ કર્યા. ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું. પરંતુ ઈંગ્લેન્ડના 29 વર્ષીય ખેલાડી બ્રાયડન કાર્સે પણ મેચમાં પ્રભુત્વ જમાવ્યું. પહેલા તેણે પોતાના બેટથી તબાહી મચાવી. આ પછી, તેણે બોલ પકડીને હંગામો બંધ કર્યો.ભારત સામેની બીજી મેચમાં ઈંગ્લેન્ડે 9 વિકેટ ગુમાવીને 165 રન બનાવ્યા હતા. પરંતુ જો બ્રાયડને વિસ્ફોટક ઈનિંગ્સ ન રમી હોત, તો કદાચ અંગ્રેજી ટીમ 150 થી ઓછા રન સુધી મર્યાદિત રહી શકી હોત. તેણે 182 ના સ્ટ્રાઈક રેટથી 17 બોલમાં 31 રન બનાવ્યા. આ સમયગાળા દરમિયાન, તેના બેટમાંથી ત્રણ છગ્ગા અને એક ચોગ્ગો લાગ્યો.

# ક્રિકેટ ઉપરાંત એમએસ ધોની આ ગેમ ખુબ રમે છે



(એજન્સી) નવી દિલ્હી તા 28

ક્રિકેટની દુનિયામાં ધોનીની છાપ કેપ્ટન કૂલ તરીકે ફેમસ છે. મુશ્કેલ પરિસ્થિતિઓમાં તે ખુબ શાંત જોવા મળે છે. પરંતુ ઈશાંત શર્માનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેમણે ખુલાસો કર્યો કે, તે PUBGનો ચાહક છે. ક્રિકેટની દુનિયામાં એમએસ ધોનીની છબી કેપ્ટન કુલ તરીકે બનેલી છે. મેચમાં મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તે ખુબ શાંત જોવા મળે છે. જ્યારે કેમેરો તેના પર હોય છે. તો ધોનીના ચેહરા પર કોઈ પણ પ્રકારનું રિએક્શન જોવા મળતું નથી. પરંતુ જ્યારે કેમેરો તેનાથી હટે છે તો તે ખેલાડીઓ પર ગુસ્સે થાય છે.અનેક ખેલાડી તેના વિશે જણાવી ચૂક્યા છે. પરંતુ હાલમાં ઈશાંત શર્માએ ધોની વિશે ખુલાસો કરતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. એક યુટ્યુબ પોડકાસ્ટ પર ધોનીના સિક્સ સેન્સને લઈ ઈશાત શર્માને સવાલ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ધોનીના શાંત સ્વભાવ વિશે વાતચીત કરી હતી. ઈશાંત શર્માએ કહ્યું ધોની ક્યારે પણ એકલો હોતો નથી. જ્યારે તે ઊંઘે છે ત્યારે જ તે એકલો હોય છે.થોડા વર્ષો પહેલા લાઈવ ચેટ દરમિયાન સાક્ષીએ ધોની કર્યા. તેમણે જણાવ્યું કે ધોની લોકડાઉનમાં પોતાનો સમય કેવી રીતે પસાર કરતા.

# રિંકુ સિંહને પણ જસપ્રીત બુમરાહ જેવી ઈજા, ટીમ ઈન્ડિયામાંથી થયો બહાર

(એજન્સી) નવી દિલ્હી તા 28

ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન રિંકુ સિંહ ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી 5 મેચની T20 સિરીઝ દરમિયાન ઈજાગ્રસ્ત થયો છે. આ ઈજાના કારણે તે આવનારી કેટલીક મેચોમાં રમતા જોવા નહીં મળે. BCCIએ રિંકુ સિંહના સ્થાને અન્ય ખેલાડીના નામની જાહેરાત કરી છે. ટીમ ઈન્ડિયાને ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી 5 મેચની T20 સિરીઝ દરમિયાન મોટો ઝટકો લાગ્યો છે. ટીમનો સ્ટાર બેટ્સમેન રિંકુ સિંહ ઈજાગ્રસ્ત થયો છે. રિંકુ સિંહ આ સિરીઝની પ્રથમ મેચમાં પ્લેઈંગ-11નો ભાગ હતો. પરંતુ ફિલ્ડિંગ કરતી વખતે તે ઈજાગ્રસ્ત થયો હતો.BCCIએ અપડેટ આપી દીધું છે કે તે કેટલો સમય ટીમ ઈન્ડિયાથી બહાર રહેશે. ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડી પણ ઈજાના કારણે આ શ્રેણીમાંથી બહાર છે. આવી સ્થિતિમાં, BCCIએ ટીમની ટીમમાં બે ખેલાડીઓનો સમાવેશ કર્યો છે. 22 જાન્યુઆરીએ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં ફિલ્ડિંગ કરતી વખતે રિંકુ સિંહને પીઠના નીચેના ભાગમાં દુખાવો થયો હતો. આ ઈજાના કારણે તે T20 શ્રેણીની બીજી અને ત્રીજી મેચમાંથી બહાર થઈ ગયો છે. BCCIના જણાવ્યા અનુસાર, તેની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે અને BCCIની મેડિકલ ટીમ તેના પર ચાંપતી નજર રાખી રહી છે. આવી સ્થિતિમાં તે ટૂંક સમયમાં ટીમમાં વાપસી કરતો જોવા મળશે.



# ચેમ્પિયન્સ ટ્રોફી ભારત-પાકિસ્તાન મેચની ટિકિટની શું છે પ્રાઈઝ?

(એજન્સી) નવી દિલ્હી તા 28

ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 આવતા મહિને પાકિસ્તાનમાં યોજાવાની છે. ટુર્નામેન્ટમાં ક્રિકેટ ફેન્સ જે મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે તે ભારત-પાકિસ્તાન મેચ છે. પરંતુ આ બધા પહેલા ફેન્સ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ 10 મેચ માટે ટિકિટના ભાવ જાહેર કર્યા છે. એવી પણ માહિતી આપવામાં આવી છે કે ટિકિટનું ઓનલાઈન વેચાણ મંગળવાર (28 જાન્યુઆરી) થી શરૂ થશે. ટિકિટ બારી ભારતીય સમય મુજબ બપોરે 2.30 વાગ્યે ખુલશે. ટિકિટ ખરીદવા માટે, તમારે પહેલા રજિસ્ટ્રેશન કરાવવું પડશે, જે પહેલાથી જ શરૂ થઈ ગયું છે. જ્યારે ભારતીય ટીમે તેની બધી મેચ દુબઈમાં રમવાની છે. અહીં સેમિફાઈનલ પણ યોજાશે. આ બધી મેચોની ટિકિટના ભાવ સામે આવ્યા નથી. આ સિવાય ICC એ માહિતી આપી છે કે દુબઈમાં યોજાનારી તમામ મેચોની ટિકિટોનું વેચાણ પણ ટૂંક સમયમાં શરૂ થશે. પાકિસ્તાની બોર્ડે કરાચી, લાહોર અને રાવલપિંડીમાં યોજાનારી મેચો માટે સૌથી સસ્તી ટિકિટ 1000




પાકિસ્તાની રૂપિયા (લગભગ 310 ભારતીય રૂપિયા) રાખી છે. જ્યારે પાકિસ્તાન-બાંગ્લાદેશ મેચની સૌથી સસ્તી ટિકિટ 2000 પાકિસ્તાની રૂપિયા (લગભગ 620 ભારતીય રૂપિયા) રાખવામાં આવી છે. આ મેચ રાવલપિંડીમાં યોજાવાની છે. પાકિસ્તાનમાં ફક્ત એક જ સેમિફાઈનલ મેચ રમાશે, જેની ટિકિટની કિંમત 2500 પાકિસ્તાની રૂપિયા (776 ભારતીય રૂપિયા) થી શરૂ થશે.

# વિરાટ અને રોહિત પર ભારે પડ્યો આ અફઘાન ખેલાડી

(એજન્સી) નવી દિલ્હી તા 28

ICC મેન્સ ઓડીઆઈ ક્રિકેટર ઓફ ધ યર 2024ની જાહેરાત કરવામાં આવી છે. જેમાં અફઘાનિસ્તાનનો યુવા ખેલાડી ટીમ ઈન્ડિયાના વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા મહાન બેટ્સમેનોને પછાડતો જોવા મળ્યો હતો. 24 વર્ષીય અઝમતુલ્લા ઓમરઝાઈને ICC મેન્સ ઓડીઆઈ ક્રિકેટર ઓફ ધ યર 2024 માટે પસંદ કરવામાં આવ્યો છે. વર્ષ 2023-24માં અઝમતુલ્લાનું પ્રદર્શન ઘણું શાનદાર રહ્યું હતું. ગયા વર્ષે સૌથી વધુ રન બનાવનાર બીજા અફઘાન બેટ્સમેન જો કે અઝમતુલ્લા ઉમરઝાઈએ T20 ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ ODI ક્રિકેટમાં પણ તેણે ખૂબ પ્રભાવ પાડ્યો હતો. વર્ષ 2024 માં, અઝમતુલ્લા ઓમરઝાઈ અફઘાનિસ્તાન માટે બીજા સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતા. આ સિવાય બોલિંગમાં પણ તેની



શ્રેષ્ઠતા જોવા મળી હતી. અઝમતુલ્લા ઉમરઝાઈએ 14 ODI મેચોમાં બેટિંગ દરમિયાન 417 રન બનાવ્યા અને બોલિંગ દરમિયાન 17 વિકેટ લીધી. અફઘાનિસ્તાને 4 વન-ડે શ્રેણી જીતી વર્ષ 2024માં અફઘાનિસ્તાને પાંચ વનડે શ્રેણી રમી હતી, જેમાંથી ટીમે ચાર શ્રેણી જીતી હતી. અફઘાનિસ્તાને આયર્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ અને ઝિમ્બાબ્વે જેવી ટીમોને વનડે શ્રેણીમાં હરાવ્યું હતું. શ્રીલંકા સામે અઝમતુલ્લા ઓમરઝાઈનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું, જ્યાં તેણે બેટિંગ કરતા 149 રનની અણનમ ઈનિંગ રમી હતી. આ સિવાય અઝમતુલ્લાએ દક્ષિણ આફ્રિકા સામે 86 રનની અણનમ ઈનિંગ રમી હતી.

ઓમરઝાઈનું યાદગાર પ્રદર્શન ગયા વર્ષે બાંગ્લાદેશ સામેની વનડે મેચમાં ઉમરઝાઈનું યાદગાર પ્રદર્શન જોવા મળ્યું હતું. આ મેચમાં બેટિંગ કરતા ઉમરઝાઈએ 77 બોલમાં 70 રનની અણનમ ઈનિંગ રમીને ટીમને જીત અપાવી હતી. આ સિવાય બોલિંગ દરમિયાન તેણે 37 રનમાં 4 વિકેટ ઝડપી હતી.

# વિનોદ કાંબલીની ખરાબ તબિયત વચ્ચે પત્નીએ છૂટાછેડા માટે કરી અરજી!

(એજન્સી) મુંબઈ તા 28

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ દિગ્ગજ ક્રિકેટર વિનોદ કાંબલીની હાલત આજકાલ ખૂબ જ ખરાબ છે. તેમના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યા છે, જેમાં તેઓ બીજાઓના ટેકાથી ચાલતા જોવા મળ્યા હતા. ઘણા ભૂતપૂર્વ ક્રિકેટરોએ પણ કાંબલીને મદદ કરવાની વાત કરી હતી. વિનોદની પત્ની એન્ડ્રિયા હેવિટે એક મોટો ખુલાસો કર્યો છે કે તે કાંબલીને છૂટાછેડા આપવા માંગતી હતી કારણ કે તે તેના દારૂના વ્યસનથી કંટાળી ગઈ હતી, જેના માટે એન્ડ્રિયાએ છૂટાછેડા માટે અરજી પણ



કરી હતી.

એક પોડકાસ્ટ દરમિયાન સૂર્યાંશી પાંડે સાથે વાત કરતી વખતે એન્ડ્રીયા હેવિટે ખુલાસો કર્યો કે "તેણે કાંબલીને છોડી દેવાનું વિચાર્યું હતું અને છૂટાછેડા માટે અરજી પણ કરી હતી, પરંતુ તેણે તે પાછી ખેંચી લીધી કારણ કે તે સતત તેના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી રહ્યો હતો." તે તેના વિશે ચિંતિત હતી. મને યાદ છે કે એવા સમય હતા જ્યારે હું જતી રહેતી. પણ પછી મને ચિંતા થવા લાગી કે તેણે ખાધું છે કે નહીં? શું તે પલંગ પર બરાબર સૂઈ રહ્યો છે? શું તે ઠીક છે? પછી તેને જોતાં મને સમજાયું કે તેને મારી જરૂર છે.

વિનોદ કાંબલીની પહેલી પત્નીનું નામ નોએલા લુઈસ હતું, પરંતુ કાંબલીના તેની સાથેના પહેલા લગ્ન લાંબા સમય સુધી ટકી શક્યા નહીં. જે બાદ બંનેએ છૂટાછેડા લેવાનો નિર્ણય લીધો.

# રોહિત શર્માએ હાર સ્વીકારી

(એજન્સી) મુંબઈ તા 28

ઓસ્ટ્રેલિયાના નિરાશાજનક પ્રવાસ બાદ BCCI એ કડક વલણ અપનાવ્યું છે અને જો કોઈપણ ખેલાડી ફિટ હોય તો ઘરેલુ ક્રિકેટ રમવાનું ફરજિયાત બનાવ્યું છે. એવામાં રોહિત શર્માએ પણ રણજી ટ્રોફીમાં ભાગ લેવાનો નિર્ણય લીધો. તે 10 વર્ષ પછી આ ટુર્નામેન્ટમાં પ્રવેશ્યો. પણ તે સંપૂર્ણ ફ્લોપ રહ્યો. એવામાં હવે તેને બીજો મોટો નિર્ણય લીધો છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા માટે છેલ્લું એક વર્ષ રેડ બોલ ક્રિકેટમાં ખૂબ ખરાબ રહ્યું છે. તે સતત રન બનવા પ્રયત્ન કરી રહ્યો છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાના નિરાશાજનક પ્રવાસ બાદ BCCI એ કડક વલણ અપનાવ્યું છે અને જો કોઈપણ ખેલાડી ફિટ હોય તો ઘરેલુ ક્રિકેટ રમવાનું ફરજિયાત બનાવ્યું છે. એવામાં રોહિત શર્માએ પણ રણજી ટ્રોફીમાં ભાગ લેવાનો નિર્ણય લીધો. તે 10 વર્ષ પછી આ ટુર્નામેન્ટમાં પ્રવેશ્યો. પણ તે સંપૂર્ણ ફ્લોપ રહ્યો. એવામાં હવે તેને બીજો મોટો નિર્ણય લીધો છે. રોહિત શર્માએ જમ્મુ અને કાશ્મીર વિરુદ્ધ રણજી ટ્રોફી મેચ રમી હતી.

# પાકિસ્તાની કેપ્ટને પિત્તો ગુમાવ્યો, પત્રકારને કહ્યું આ અનાદર સહન ન થાય

(એજન્સી) કરાંચી તા 28

વેસ્ટિન્ડીઝે પાકિસ્તાનને બીજી મેચમાં 120 રનથી હરાવ્યું અને 2 મેચની સીરિઝ 1-1 થઈ ગઈ. હાર બાદ પાકિસ્તાનના કેપ્ટન શાન મસૂદ પ્રેસ કૉફરેન્સનો ભાગ બન્યો, જ્યાં તે એક રિપોર્ટરના સવાલ પર ભડકી ગયો. પાકિસ્તાન ક્રિકેટ ટીમ અને વેસ્ટિન્ડીઝ ક્રિકેટ ટીમ વચ્ચે 2 ટેસ્ટ મેચની સિરીઝ રમાઈ હતી. બીજો મુકાબલો 25 જાન્યુઆરીએ રમાયો હતો. જોકે મેચનું પરિણામ 27 જનયુઆરીએ મળ્યું. વેસ્ટિન્ડીઝે પાકિસ્તાનને આ મેચમાં 120 રનથી હરાવ્યું અને 2 મેચની સીરિઝ 1-1 થઈ ગઈ. હાર બાદ પાકિસ્તાનના કેપ્ટન શાન મસૂદ પ્રેસ કૉન્ફરન્સ ભાગ બન્યા, જ્યાં તે એક રિપોર્ટરના સવાલ પર ભડકી ગયા. ઘર આંગણે પાકિસ્તાને ખરાબ પ્રદર્શન આપ્યું. પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે શાન મસૂદથી એક રિપોર્ટરે તેની કેપ્ટનશિપ પર સવાલ કર્યો તો તે ગુસ્સેથી લાલ થઈ ગયો. મસુદને એક રિપોર્ટરે પૂછ્યું કે શું આ હાર બાદ કેપ્ટનશિપથી જાતે રાજીનામું આપશો કે PCBએ હટાવવા પડશે. પાકિસ્તાની કેપ્ટને આ સવાલને બેધ્યાન કરતાં બીજો સવાલ પૂછવા કહ્યું. પરંતુ રિપોર્ટરે ફરી આ જ સવાલ પૂછ્યો તેને શાનને જવાબ આપવા કહ્યું. પછી મસૂડે આ સવાલનો જવાબ આપ્યો. તેને કહ્યું એક તમારા સવાલમાં અનાદરનો ભાવ છે. તમારે ખેલાડીઓનું સન્માન કરવું જોઈએ. અમે બધા પાકિસ્તાન માટે રમીએ છીએ અને પરિણામ મેળવીએ છીએ. કોઈ પણ ખેલાડી આ પ્રકારનો સવાલ સહન નહીં કરે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 29-01-2025

## જે થયું તે માફીને લાયક નથી; ટ્રમ્પે આ કેસમાં 1600 લોકોને આપ્યું ક્ષમાદાન

# કેપિટોલ હિલ હિંસાના 2 આરોપીઓએ માફી નકારી કાઢી

(એજન્સી) વોશિંગ્ટન તા 28

6 જાન્યુઆરી, 2021ના રોજ યુએસ સંસદ કેપિટોલ હિલ પર હુમલાના બે આરોપીઓએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસેથી માફી સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. ધ ગાર્ડિયન અનુસાર આરોપી જેસન રિડલ અને પામેલા હેમફિલનું કહેવું છે કે કેપિટોલ હિલ પર જે પણ કરવામાં આવ્યું તે માફી લાયક નથી. ગુરુવારે મીડિયા સાથે વાત કરતા 71 વર્ષીય હેમ્ફિલે કહ્યું કે, જો તે માફી સ્વીકારશે તો તે સંદેશ જશે કે 6 જાન્યુઆરીનો હુમલો શાંતિપૂર્ણ પ્રદર્શન હતું. હેમ્ફિલને 2022માં કેપિટોલ હિલ પર ગેરકાયદેસર રીતે વિરોધ અને ધરણાં કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો, ત્યાર બાદ તેને 60 દિવસની જેલ અને ત્રણ વર્ષની પોલીસ દેખરેખની સજા ફટકારવામાં આવી હતી. બીજી તરફ જેસન રિડલે, જેને 90 દિવસની જેલ અને $750નો દંડ ફટકારવામાં આવ્યો હતો, તેણે પણ માફી સ્વીકારવાનો જેસન રિડલે 6 જાન્યુઆરી, 2021ના રોજ યુએસ કેપિટોલ હિલ પર હિંસા દરમિયાન ફોટોગ્રાફ કર્યો હતો. ફોટો- યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ ઈનકાર કર્યો હતો. રિડલે ન્યૂ હેમ્પશાયર પબ્લિક રેડિયો (એનએચપીઆર)ને કહ્યું- જ્યારે પણ કોઈ હાયરિંગ કંપની મારો બેકગ્રાઉન્ડ જોશે ત્યારે તેઓ મારા પરના આરોપો જોશે. રાષ્ટ્રપતિ તરફથી માફી સ્વીકારીને આને વધુ ઉજાગર કરવામાં આવશે.20 જાન્યુઆરીએ શપથ લીધાના માત્ર 6 કલાકની અંદર ટ્રમ્પે બાઈડનના 78 નિર્ણયોને પલટી નાખ્યા હતા.




### ટ્રમ્પે કેપિટોલ હિંસાના ગુનેગારોને માફ કર્યા

ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા કે તરત જ તેમણે 6 જાન્યુઆરી, 2021ના રોજ કેપિટોલ હિલ હિંસા માટે ધરપકડ કરાયેલા તેમના લગભગ 1600 સમર્થકોની સજા માફ કરી દીધી છે. જેમની સજા માફ કરવામાં આવી છે, તેમાંથી ઘણાને રાજદ્રોહના કાવતરા જેવા કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ તમામ લોકો ટ્રમ્પના સમર્થક હતા. ટ્રમ્પ માને છે કે આ તમામ દેશભક્ત છે. ન્યાય વિભાગે તેમની સાથે અન્યાયી વર્તન કર્યું. 20 જાન્યુઆરીએ શપથ લીધાના માત્ર 6 કલાકની અંદર ટ્રમ્પે બાઈડનના 78 નિર્ણયોને પલટી નાખ્યા હતા.

### 4 પોઈન્ટમાં જાણો મૂડી હિંસા શું છે?

1. અમેરિકામાં 6 જાન્યુઆરી, 2021ના રોજ ટ્રમ્પના સમર્થકોએ કેપિટોલ હિલ એટલે કે યુએસ સંસદમાં હિંસા કરી. 3 નવેમ્બર, 2020ના રોજ રાષ્ટ્રપતિની ચૂંટણી માટેના મતદાનમાં બાઈડનને 306 ઈલેક્ટોરલ વોટ મળ્યા અને ટ્રમ્પને 232 ઈલેક્ટોરલ વોટ મળ્યા. 20 જાન્યુઆરીએ શપથ લીધાના માત્ર 6 કલાકની અંદર ટ્રમ્પે બાઈડનના 78 નિર્ણયોને પલટી નાખ્યા હતા. પરિણામો સામે આવતાની સાથે જ ટ્રમ્પ અને તેમના સમર્થકોએ ચૂંટણીમાં ધાંધલ ધમાલના આરોપો લગાવ્યા હતા

**વોટિંગના 64 દિવસ પછી :** જ્યારે યુએસ સંસદ બાઈડનની જીતની પુષ્ટિ કરવામાં વ્યસ્ત હતી, ત્યારે ટ્રમ્પના સમર્થકો સંસદમાં પ્રવેશ્યા. તોડફોડ અને હિંસા થઈ હતી. જેમાં એક પોલીસ અધિકારી સહિત 5 લોકોના મોત થયા હતા. હિંસા બાદ ટ્રમ્પ પર તેમના સમર્થકોને ઉશ્કેરવાનો આરોપ લાગ્યો હતો. તેમની સામે ફોજદારી કેસની ભલામણ કરવામાં આવી હતી. આ માટે 1000 પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા.

### ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર

તપાસ સમિતિએ ટ્રમ્પ પર રાષ્ટ્રપતિ ચૂંટણીમાં હારના નિર્ણયને પલટાવવા, વિદ્રોહને ઉશ્કેરવા, સત્તાવાર કાર્યવાહીમાં અવરોધ, ષડયંત્ર, ખોટા નિવેદનો કરવા અને દેશ સાથે વિશ્વાસઘાત કરવાનો આરોપ લગાવ્યો હતો. કેસની તપાસ 18 મહિના સુધી ચાલી. તપાસ સમિતિએ 845 પાનાનો રિપોર્ટ તૈયાર કર્યો હતો. આમાં ટ્રમ્પને દોષી ઠેરવવામાં આવ્યા હતા.

## સારી નોકરી મેળવવાના ચક્કરમાં લાઓસમાં ફસાયા 67 ભારતીય

(એજન્સી) કેનેડા તા 18

સાયબર ક્રાઈમના અવનવા કિસ્સાઓ દરરોજ સામે આવી રહ્યા છે. ક્યારેક લોકોને પૈસાની લાલચ આપીને તો ક્યારેક નોકરીના ખોટા વચનો આપીને તેમને ભોગ બનાવવામાં આવે છે. આવા જ એક કિસ્સામાં ભારત સરકારે લાઓસમાંથી 67 પીડિતોને રેસ્ક્યુ કર્યા છે. આ યુવાનોને લાઓ પીડીઆરના ગોલ્ડન ટ્રાયેંગલ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (GTSEZ)માં સાયબર-સ્કેમ સેન્ટરોમાંથી બચાવી લેવામાં આવ્યા છે. આ યુવાનોને સારા પગારવાળી નોકરીના બહાને લાઓસ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેમને સાયબર છેતરપિંડી કરવા માટે મજબૂર કરવામાં આવ્યા. GTSEZમાં ગુનાહિત સિન્ડિકેટ દ્વારા યુવાનોને ધમકી આપવામાં આવી હતી. જ્યારે આ યુવાનોએ મદદ માટે અપીલ કરી, ત્યારે ભારતીય દૂતાવાસ હરકતમાં આવ્યું અને અધિકારીઓએ યુવાનોનો સંપર્ક કર્યો હતો.

દૂતાવાસના અધિકારીઓની એક ટીમે GTSEZની મુલાકાત લીધી. ત્યાંના અધિકારીઓ સાથે મળીને જરૂરી કાગળકામ પૂર્ણ કર્યું. આ પછી બોકિયોથી વિયેન્ટિયન સુધી પરિવહનના સાધનો પૂરા પાડવામાં આવ્યા. આ ઉપરાંત યુવાનોના રહેવા અને ખાવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. લાઓ પીડીઆરમાં ભારતીય રાજદૂત પ્રશાંત અગ્રવાલ યુવાનોને મળ્યા હતા. તેમણે સુરક્ષાની ખાતરી આપી અને કહ્યું કે તેમના સુરક્ષિત ભારત પાછા ફરવા માટે છેતરપિંડી કરનારા એજન્ટો સામે ફરિયાદ નોંધાવવા સહિત આગળની કાર્યવાહી અંગે પણ સલાહ આપી.

# શપથના 8મા દિવસે મોદીએ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી

(એજન્સી) અમેરિકા તા 28

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી હતી. ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા બાદ બંને વચ્ચે આ પ્રથમ વાતચીત છે. આ દરમિયાન ભારત-અમેરિકા સંબંધો અંગે ચર્ચા થઈ હતી. મારા પ્રિય મિત્ર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરીને આનંદ થયો. તેમના ઐતિહાસિક બીજા કાર્યકાળ માટે તેમને અભિનંદન. અમે પરસ્પર ફાયદાકારક અને વિશ્વસનીય ભાગીદારી માટે પ્રતિબદ્ધ છીએ. અમે અમારા લોકોના કલ્યાણ અને વૈશ્વિક શાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષા માટે સાથે મળીને કામ કરીશું. 6 નવેમ્બરે ચૂંટણી જીત્યા બાદ પણ મોદીએ ટ્રમ્પને ફોન કરીને રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ વાતચીતમાં ટ્રમ્પે મોદીની લોકપ્રિયતાના વખાણ કર્યા અને આશા વ્યક્ત કરી કે તેઓ ભવિષ્યમાં સાથે મળીને કામ કરશે.



### બંનેએ 2019માં હાઉડી મોદી કાર્યક્રમમાં સાથે ભાગ લીધો હતો

સપ્ટેમ્બર 2019માં જ્યારે મોદી અમેરિકા ગયા ત્યારે ટેક્સાસમાં મોદી માટે 'હાઉડી મોદી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રમ્પ અને મોદીએ 50 હજારથી વધુ ભારતીય-અમેરિકનોને સંબોધિત કર્યા હતા.

**ટ્રમ્પની જાહેરાત, H1-B વિઝા બંધ નહીં થાય :** અમેરિકી રાષ્ટ્રપતિએ 20 જાન્યુઆરીએ શપથ લીધા બાદ 100થી વધુ એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યા હતા. ઈમિગ્રેશન અને H1-B વિઝામાં સુધારા જેવા નિર્ણયો પણ લેવાયા હતા, જો કે બીજા જ દિવસે ટ્રમ્પે ભારતના હિતમાં નિર્ણય લીધો અને H1-B વિઝા બંધ ન કરવાનું કહ્યું.

**તેમણે કહ્યું કે, અમેરિકાને પ્રતિભાની જરૂર છે. :** અમને માત્ર એન્જિનિયરોની જરૂર નથી, અમને અન્ય નોકરીઓ માટે પણ શ્રેષ્ઠ વ્યાવસાયિકોની જરૂર છે. H-1B નોન-ઈમિગ્રન્ટ વિઝા છે, જે હેઠળ અમેરિકન કંપનીઓને વિશિષ્ટ ટેક્નિકલ કૌશલ્ય ધરાવતા હોદ્દા માટે વિદેશી વ્યાવસાયિકોને નોકરી પર રાખવાની છૂટ છે. આ વિઝા દ્વારા દર વર્ષે ભારત અને ચીન જેવા દેશોમાંથી હજારો કામદારો અમેરિકામાં નિયુક્ત થાય છે.

## બળવાખોરોનો કોંગોના ગોમા શહેર પર કબજો

(એજન્સી) આફ્રિકા તા 28

સેન્ટ્રલ આફ્રિકાના એક દેશમાં સ્થિતિ વણસી રહી છે. રવાન્ડા સમર્થિત બળવાખોરોએ સોમવારે વહેલી સવારે પૂર્વી કોંગોના સૌથી મોટા શહેર ગોમા પર કબજો કરવાનો દાવો કર્યો હતો. કોંગી સરકારે કહ્યું કે બળવાખોરોની આગોતરી 'યુદ્ધની ઘોષણા' છે. તે જ સમયે, સંયુક્ત રાષ્ટ્રએ આ ઘટના અંગે કહ્યું છે કે શહેરના 20 લાખ લોકો ભારે ગભરાટમાં છે.

M-23 બળવાખોરોએ એક નિવેદનમાં ગોમા શહેરને કબજે કરવાની જાહેરાત કરી છે. બળવાખોરોએ આ જાહેરાત કોંગી સૈન્યને તેમના શસ્ત્રો નીચે મૂકવા માટે આપવામાં આવેલી 48 કલાકની સમયમર્યાદાના અંતના થોડા સમય પહેલા કરી હતી. નિવેદનમાં, બળવાખોરોએ ગોમાના લોકોને શાંત રહેવા અને કોંગી સૈન્યના સભ્યોને સેન્ટ્રલ સ્ટેડિયમમાં એકત્ર થવા હાકલ કરી હતી. યુએનના રિપોર્ટ અનુસાર, ઉત્તર કિવુ પ્રાંતની ત્રીજા ભાગની વસ્તી હાલમાં વિસ્થાપિત છે અને જો વિદ્રોહીઓ ગોમા પર કબજો કરી લે તો અહીં સ્થિતિ વધુ વણસી શકે છે.

## ન્યુઝીલેન્ડમાં નોકરી મેળવવી થશે સરળ, સરકારે વિઝા નિયમમાં કર્યો બદલાવ, જાણો

(એજન્સી) )ન્યૂઝીલેન્ડ તા 28

ન્યુઝીલેન્ડમાં નોકરી કરવા ઈચ્છતા લોકો માટે સારા સમાચાર આવી રહી છે. ન્યુઝીલેન્ડે વિદેશી કામદારોને દેશમાં આવવા અને કામ કરવાની મંજૂરી આપવા માટે તેના વિઝા નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કોવિડ રોગચાળાને કારણે ન્યુઝીલેન્ડના અર્થતંત્રને ફટકો પડ્યો હતો. જેના પછી તે હવે પર્યટન દ્વારા તેની ભરપાઈ કરવા માગે છે.

હવે ન્યુઝીલેન્ડમાં નોકરી મેળવવી થશે સરળ, સરકારે વિઝા નિયમમાં કર્યો બદલાવ, જાણો ન્યુઝીલેન્ડમાં નોકરી કરવા ઈચ્છતા લોકો માટે સારા સમાચાર આવી રહી છે. ન્યુઝીલેન્ડે વિદેશી કામદારોને દેશમાં આવવા અને કામ કરવાની મંજૂરી આપવા માટે તેના વિઝા નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કોવિડ રોગચાળાને કારણે ન્યુઝીલેન્ડના અર્થતંત્રને ફટકો પડ્યો હતો. જેના પછી તે હવે પર્યટન દ્વારા તેની ભરપાઈ કરવા માગે છે.આર્થિક વિકાસ મંત્રીના જણાવ્યા અનુસાર "સરકાર માને છે કે નવા વિઝા નિયમો ન્યુઝીલેન્ડને વિશ્વના સૌથી પ્રતિભાશાળી લોકો માટે એક આવકારદાયક સ્થળ બનાવશે," આર્થિક વિકાસ મંત્રી નિકોલા વિલિસે જણાવ્યું હતું. તેમણે કહ્યું, "અમે ઈચ્છીએ છીએ કે વિશ્વના વધુને વધુ સમૃદ્ધ અને પ્રતિભાશાળી લોકો આપણા દેશમાં આવે." ગયા અઠવાડિયે, વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સને 'ઈન્વેસ્ટ ન્યુઝીલેન્ડ' નામની એક નવી પહેલની પણ જાહેરાત કરી હતી. તેનો ઉદ્દેશ્ય વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવાનો અને આર્થિક વિકાસને વેગ આપવાનો છે. ન્યુઝીલેન્ડમાં દૂરથી કામ કરવા માટે તમારે ટેક્સ પણ ચૂકવવો પડશે નહીં. વિઝા નિયમોમાં છૂટછાટ બાદ, વિદેશીઓ ન્યુઝીલેન્ડમાં મુસાફરી કરી શકશે અને આ સાથે સાથે કામ પણ કરી શકશે. સોમવારે વેલિંગ્ટન એરપોર્ટ પર એક પ્રેસ કોન્ફરન્સમાં બોલતા, આર્થિક વિકાસ પ્રધાન નિકોલા વિલિસે જણાવ્યું હતું કે ન્યુઝીલેન્ડ સરકાર નવી યોજના દ્વારા દેશમાં ઉચ્ચ કુશળ લોકોને લાવવાનો પ્રયાસ કરી રહી છે.

## બ્રાઝિલ સરકારની શું છે નારાજગી?

(એજન્સી) બ્રાઝિલ તા 28

અમેરિકાથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના દેશમાં પાછા મોકલવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહી દરમિયાન તેમની સાથે ગુનેગારો જેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. જેમાં ઈમિગ્રન્ટ્સના હાથમાં હાથકડી અને પગમાં બેડીઓ લગાવાઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપના આદેશ બાદ તુરંત આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. 158 અપ્રવાસીઓને બ્રાઝિલ પરત મોકલવામાં આવ્યા છે. બ્રાઝિલની સરકારે આ વ્યવહાર સામે પોતાની નારાજગી દર્શાવી છે. બ્રાઝિલના લોકો સાથે જે કાર્યવાહી કરવામાં આવી તે મામલે અમેરિકી સરકાર અને પોલીસની આ પ્રકારની કાર્યવાહી એ માનવાધિકારોનું ઉલ્લઘંન છે તેમ બ્રાઝિલ સરકારે જણાવ્યુ છે. આ મામલે સ્પષ્ટીકરણ માગ્યુ છે. મીડિયા રિપોર્ટ મુજબ અમેરિકામાંથી કાઢી મુકવામાં આવેલા બ્રાઝિલના લોકોએ પોતાની આપવીતી જણાવી હતી. તેઓએ કહ્યુ હતુ કે, તેમને હાથમાં હાથકડી અને પગમાં બેડીઓ લગાવાઈ હતી.

## BLA બળવાખોરોએ 3 ઠેકાણાંઓને નિશાન બનાવ્યા, પોલીસ ચોકીમાંથી હથિયારોની લૂંટ

## ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્ક વચ્ચે તણાવ ?

(એજન્સી) અમેરિકા તા 28

ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્ક મિત્રોમાંથી દુશ્મનો બન્યા હોય તેવા સમાચાર વહેતા થયા છે. આ બને વચ્ચે શુ સાચે જ કોઈ તિરાડ પડી છે?. અને જો આ વાત સત્ય હશે તો કોણે મોટી કિંમત ચૂકવશે? તે મામલે ચર્ચા જોર પકડશે. ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્ક વચ્ચે તણાવની ખબરોએ એક અલગ જ વંટોળ ઉભુ કર્યુ છે. યુએસ ચૂંટણી પહેલા ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્ક વચ્ચે જે નિકટતા દેખાતી હતી તે હવે કદાચ ગાયબ થઈ ગઈ છે. તેઓએ રાજીનામું આપી દેવું જોઈએ. મસ્કે સ્ટાર્મર પર બ્રિટનમાં નાણાકીય કટોકટી સર્જવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેઓએ જણાવ્યુ હતુ કે, કોઈ તેમના પર વિશ્વાસ કરતું નથી.

**બ્રિટિશ પીએમ વિશે અલગ મત :** ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્ક વચ્ચે કંઈક બરાબર ચાલી રહ્યું નથી. બંને વચ્ચે અનેક વખત મતભેદો સામે આવ્યા છે. તાજેતરમાં, એલોન મસ્કે ટ્રમ્પના સ્ટારગેટ યોજનાની ટીકા કરી હતી અને હવે ટ્રમ્પે બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમર અંગે મસ્કના વિચારોથી અલગ નિવેદન આપ્યું છે. આ દર્શાવે છે કે હવે કદાચ બંને વચ્ચે પહેલા જેટલી નિકટતા રહી નથી. એક ઈન્ટરવ્યુમાં, ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિટનના લેબર પાર્ટીના વડા કીર સ્ટારમરની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતુ કે, સ્ટાર્મરે અત્યાર સુધી ખૂબ સારું કામ કર્યું છે. ટ્રમ્પે વધુમાં જણાવ્યુ હતુ કે, તેઓને તે ખૂબ ગમે છે, તે ખૂબ સારું કામ કરી રહ્યા છે.

**એલોન મસ્કે પ્રશ્નો ઉઠાવ્યા :**
અગાઉ, એલોન મસ્કે જાહેરમાં ડોનાલ્ડ ટ્રમ્પની સ્ટારગેટ યોજના પર સવાલ ઉઠાવ્યા હતા. હકીકતમાં, ટ્રમ્પે અમેરિકાને AI માં આગળ રાખવા માટે સોફ્ટબેંકના CEO માસાયોશી સન, ઓપનએઆઈના CEO સેમ ઓલ્ટમેન અને ઓરેકલના ચેરમેન લેરી એલિસન જેવા દિગ્ગજો સાથે મળીને $500 બિલિયનનું રોકાણ કરવાની યોજના બનાવી છે. મસ્ક આ વાતથી ખૂબ ગુસ્સે છે. તેમણે X પર તેની ટીકા કરી અને લખ્યું કે ટેક ઉદ્યોગ કંપનીઓ પાસે આ પ્રોજેક્ટ માટે પૈસા નથી. હું પણ ટૂંક સમયમાં તેમની સાથે વાત કરીશ. જ્યારે એલોન મસ્ક ઘણીવાર સ્ટારમરની ટીકા કરતા રહ્યા છે. એલોન મસ્કે બ્રિટનમાં ગ્રુમિંગ કૌભાંડ માટે વડા પ્રધાન પર દોષારોપણ કર્યું હતું

## રાષ્ટ્રપતિને જાનથી મારી નાંખવાની ધમકી!

(એજન્સી) અમેરિકા તા 28

અમેરિકાની સત્તા ગાદી પર બીજીવાર બેસ્યા બાદ ડોનાલ્ડ ટ્રંપ સોશિયલ મીડિયા પર ટ્રેંડ થઈ રહ્યા છે. ત્યારે આ સોશિયલ મીડિયા પર હવે તેમના માટે જાનથી મારી નાંખવાની ધમકીઓવાળી પોસ્ટ જોવા મળી રહી છે. જે શખ્સે રાષ્ટ્રપતિને ધમકી આપી હતી. તેની હવે ધરપકડ કરવામાં આવી છે. અમેરિકાની FBI અને સીક્રેટ સર્વિસ હાઈ એલર્ટ પર દેખાઈ રહી છે. આ શખ્સની ધરપકડ કર્યા બાદ, તેણે કેમ આવા પ્રકારની ધમકી પોસ્ટ કરી હતી અને તેનુ ષડયંત્ર શુ હતુ તે મામલે પૂછપરછ હાથ ધરાઈ છે. ફ્લોરિડાના શૈનન એટકિંસ ડોનાલ્ડ ટ્રંપને ધમકી આપ્યા બાદ ચર્ચામાં આવ્યા છે. શૈનન એટકિંસે સોશિયલ મીડિયા પર ઘણા ધમકીભર્યા પોસ્ટ કર્યા હતા. આ મામલે FBI તરફથી મળેલી સૂચના બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. 46 વર્ષીય શૈનન એટકિંસે સોશિયલ મીડિયા પર ઘણા ધમકીભર્યા પોસ્ટ કર્યા હતા. જેમાં તેણે ડોનાલ્ડ ટ્રંપને નિશાન બનાવ્યુ હતુ. ધ સન યૂએસની રિપોર્ટ મુજબ શૈનન એટકિંસના ફેસબુક અપડેટમાં ટ્રંપના શપથવિધિના કાર્યક્રમમાં એક દિવસ અગાઉ તેણે પોસ્ટ કરી હતી જેમાં તેણે લખ્યુ હતુ કે, અમેરિકાને બચાવવા માટે માત્ર એક ગોળી ચલાવવાની જરુર છે. પોલીસના જણાવ્યા મુજબ આ પોસ્ટ શૈનન એટકિંસના ધરપકડ માટે મુખ્ય પુરવો છે. ફ્લોરિડામાં પામ બીચ દરમિયાન કોકીનના 3 બેગ પણ મળ્યા હતા. FBI અને સીક્રેટ સર્વિસ હાઈ એલર્ટ પર આ ધરપકડ બાદ FBI અને સીક્રેટ સર્વિસ હાઈ એલર્ટ પર જોવા મળી.

## 2 ભારતીય કંપનીઓ પર પણ પ્રતિબંધ; ક્રૂડ ઓઈલની કિંમત 3% વધીને બેરલ 80 ડોલરને પાર થઈ

# કેનેડામાં ભારતીય કામદારોને 2025માં PR કેવી રીતે મળશે?

(એજન્સી) કેનેડા તા 28

કેનેડામાં કાયમી રહેવા અને કામ કરવા માટે કાયમી રહેઠાણ (PR) જરૂરી છે. કેનેડિયન PR હોવાથી દેશમાં રહેવું અને કામ કરવું ખૂબ જ સરળ બને છે. જોકે, કેનેડિયન સરકારે PRની સંખ્યામાં પણ ઘટાડો કર્યો છે. કેનેડામાં કામ કરતા લાખો ભારતીયો કાયમી રહેઠાણ (PR) મેળવવા માંગે છે. 2025 માટે, સરકાર ચાર નવા માર્ગો રજૂ કરી રહી છે જેના દ્વારા PR મેળવી શકાય છે. ઈમિગ્રેશન લેવલ્સ પ્લાન હેઠળ PR લક્ષ્ય 4,85,000 થી ઘટાડીને 4,65,000 કરવાની યોજના વચ્ચે આ રૂટ્સ વિશે વાત કરવામાં આવી રહી છે. દરેક રૂટ એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે તે દેશમાં ચાલી રહેલા કામદારોની અછતને પહોંચી શકે. આ પ્રોગ્રામ જૂન 2024 માં શરૂ કરાયેલા 'હોમ ચાઈલ્ડકેર પ્રોવાઈડર પાયલોટ' અને 'હોમ સપોર્ટ વર્કર પાયલોટ' ને બદલવા માટે તૈયાર છે. આ નવા PR રૂટ દ્વારા, કેયરગિવર કામદારોને દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. સંભાળ રાખનારા કામદારો સામાન્ય રીતે હોસ્પિટલો અને સંભાળ ગૃહોમાં વૃદ્ધો અને બીમાર લોકોની સેવા કરે છે.ફ્રાન્કોફોન કોમ્યુનિટી ઈમિગ્રેશન પાઈલટનો ઉદ્દેશ્ય ક્વિબેકની બહાર એવા લોકોને સ્થાયી કરવાનો છે જેઓ અંગ્રેજી અને ફ્રેન્ચ બંને જાણે છે. કેનેડામાં અંગ્રેજી અને ફ્રેન્ચ બંને ભાષાઓ બોલાય છે. આ કાર્યક્રમ ફ્રેન્ચ બોલતા વિસ્તારોમાં એવા લોકોને પુનઃસ્થાપિત કરવા માટે રજૂ કરાયો છે.



### કેનેડિયન PR ના ચાર રસ્તા વિશે વાત કરવામાં આવે

તો કેનેડાએ તાજેતરમાં વિઝાથી લઈને PR સુધીના નિયમો કડક કર્યા છે, પરંતુ તેને કેટલાક ઉદ્યોગો માટે કામદારોની જરૂર છે. આવી સ્થિતિમાં, સરકાર પર વિદેશી કામદારોને કાયમી રહેઠાણ આપવાનું દબાણ છે. કેનેડામાં PRના ચાર માર્ગો 'એન્હાન્સ્ડ કેરગીવર પાયલોટ પ્રોગ્રામ', 'રૂરલ કોમ્યુનિટી ઈમિગ્રેશન પાયલોટ', 'ફ્રેન્કોફોન કોમ્યુનિટી ઈમિગ્રેશન પાયલોટ' અને 'મેનિટોબા વેસ્ટ સેન્ટ્રલ ઈમિગ્રેશન ઈનિશિયેટિવ પાયલોટ' છે. ચાલો આ વિશે વિગતવાર જણાવીએ.

### આ પ્રોગ્રામ જૂન 2024 માં શરૂ કરાયેલા

'હોમ ચાઈલ્ડકેર પ્રોવાઈડર પાયલોટ' અને 'હોમ સપોર્ટ વર્કર પાયલોટ' ને બદલવા માટે તૈયાર છે. આ નવા PR રૂટ દ્વારા, કેયરગિવર કામદારોને દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. સંભાળ રાખનારા કામદારો સામાન્ય રીતે હોસ્પિટલો અને સંભાળ ગૃહોમાં વૃદ્ધો અને બીમાર લોકોની સેવા કરે છે.

### IRCC 2025 માં રૂરલ કોમ્યુનિટી ઈમિગ્રેશન પાયલોટ


પ્રોજેક્ટ શરૂ કરવા માટે તૈયાર છે. આ કાર્યક્રમ દ્વારા નાના અને પછાત વિસ્તારોમાં કામદારોની અછતને પૂર્ણ કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ પાસે સ્થાનિક શ્રમ બજારમાં માંગમાં કૌશલ્ય છે અથવા તે કેનેડાના ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં લાંબા સમય સુધી રહેવા તૈયાર છે, તો સરકાર તેને કાયમી રહેઠાણ આપવા જઈ રહી છે.

## પાકિસ્તાન: LPG ટેન્કરમાં ભયાનક બ્લાસ્ટ, 6 લોકોના મોત

(એજન્સી)પંજાબ તા 28

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં એલપીજીથી ભરેલા ટેન્કરમાં વિસ્ફોટ થતાં એક સગીર બાળકી સહિત છ લોકોના મોત થયા છે. સોમવારે આ અંગે માહિતી આપતા અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટનામાં 31 લોકો ઘાયલ થયા છે. બચાવ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ભયાનક અકસ્માત મુલતાનના હમીદપુર કનૌરા વિસ્તારના ઔદ્યોગિક વિસ્તારમાં થયો હતો. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, સોમવારે ટેન્કરમાં વિસ્ફોટ થયા બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. વિસ્ફોટ પછી, વાહનનો કાટમાળ આસપાસના રહેણાંક વિસ્તારો પર પડ્યો, જેના કારણે ભારે નુકસાન થયું. બચાવ અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટના પછી તરત જ આગ ઓલવવા માટે 10થી વધુ ફાયર એન્જિન અને ફોમ આધારિત સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. મુલતાન શહેરના પોલીસ અધિકારી સાદિક અલીએ જિયો ન્યૂઝ ચેનલને જણાવ્યું કે વિસ્ફોટમાં પાલતુ પ્રાણીઓ પણ માર્યા ગયા. તેણે જણાવ્યું કે ટેન્કરના વાલ્વમાંથી ગેસ લીક થઈ રહ્યો હતો, જેની ગંધ આવતા કેટલાક લોકો પછી ટેન્કરમાં વિસ્ફોટ થયો હતો. અલીએ જણાવ્યું હતું કે ટેન્કરમાંથી ગેસના સતત લીકેજને કારણે અધિકારીઓએ વિસ્તાર ખાલી કરવો પડ્યો હતો.

# મહાકુંભ સ્પેશિયલ ટ્રેન પર હુમલો: ઉપદ્રવીઓએ પથ્થરમારો અને તોડફોડ કરી



## મોઢે કપડું બાંધી કર્યો પથ્થરમારો : મુસાફરોએ બંધ કરી દીધો ટ્રેનનો દરવાજો

(એજન્સી) પ્રયાગરાજ । તા. 28

ઝાંસીથી પ્રયાગરાજ મહાકુંભ જઈ રહેલી ટ્રેનમાં અસામાજિક તત્ત્વો દ્વારા હુમલો કર્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, સોમવારે (27 જાન્યુઆરી) અસામાજિક તત્ત્વોએ મધ્ય પ્રદેશના હરપાલપુર સ્ટેશને ટ્રેન પર પથ્થરમારો અને તોડફોડ કરી હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. હુમલા દરમિયાન ટ્રેનમાં સવાર મુસાફરોમાં ડરનો માહોલ છવાયેલો હતો. અસામાજિક તત્ત્વોએ ટ્રેનમાં ઘુસવાના પ્રયાસ સાથે ટ્રેનના દરવાજા અને બારી તોડી દીધી હતી.

મળતી માહિતી મુજબ, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસીથી પ્રયાગરાજ જતી ટ્રેન નંબર 11801 પર પથ્થરમારો થયો હતો. હરપાલપુર રેલવે સ્ટેશને મોટી સંખ્યામાં મુસાફરો પ્રયાગરાજ જવા માટે એકઠા થયા હતાં. પરંતુ, ટ્રેનની અંદર પહેલાંથી હાજર મુસાફરો દ્વારા ટ્રેનનો દરવાજો ખોલવામાં નહતો આવતો. જેના કારણે સ્ટેશન પર હાજર ભીડે ઉગ્ર બની પથ્થરમારો અને તોડફોડ શરૂ કરી દીધી હતી. પથ્થરમારા અને તોડફોડથી મુસાફરોમાં બૂમાબૂમ થઈ ગઈ હતી. મુસાફરોના જણાવ્યાં અનુસાર, અચાનક સ્ટેશનમાં હાજર ભીડે પથ્થરમારો અને હુમલો કરી દીધો હતો. ટ્રેનની અંદર મહિલાઓ અને બાળકો પણ હાજર હતાં, જે મહાકુંભમાં સ્નાન માટે પ્રયાગરાજ જઈ રહ્યા હતાં.

નોંધનીય છે કે, ટ્રેન પર પથ્થરમારો અને તોડફોડ કરી રહેલાં લોકોએ મોઢા પર કપડું બાંધેલું હતી. ત્યાં હાજર લોકોના જણાવ્યા અનુસાર, 8 થી 10 લોકો પથ્થરમારો કરી રહ્યા હતાં. હાલ, સીસીટીવી ફૂટેજના આધારે આ લોકોને ઓળખવાનું કામ થઈ રહ્યું છે. અસામાજિક તત્ત્વો દ્વારા ટ્રેનમાં ઘુસવાનો પૂરો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ, લોકો દ્વારા ટ્રેનનો દરવાજો બંધ કરી દેવાના કારણે લોકોને વધુ ઈજા નહતી થઈ. આ ઘટના સોમવારે (27 જાન્યુઆરી) રાત્રે 10 થી 11 વાગ્યાની વચ્ચે ઘટી હોવાનું જાણવા મળી રહ્યું છે. સમગ્ર ઘટના વિશે તંત્રને જાણ થતાં તુરંત જ એક્શન લેવાયો અને ટ્રેનને જલ્દી રવાના કરી દેવામાં આવી. જે લોકો સ્ટેશન પર હતાં, તેઓએ જે વીડિયો બનાવ્યા હતાં તેના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### આવા વાહનો રોડ સેફ્ટી માટે ખૂબ જ ખતરનાક

## યુપીના યુવકે ટ્રેક્ટરની પાછળ એવું તો શું લગાવ્યું કે ARTOએ રૂ.10 લાખનો દંડ ફટકાર્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ઉત્તર પ્રદેશના ઔરૈયાથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ત્યાં ટ્રેક્ટર-ટ્રોલીમાં રેલગાડીના પૈડાં લગાવીને તેને ચલાવવામાં આવી રહી હતી. જ્યારે ARTOની તેના પર નજર પડી તો તેમણે ટ્રેક્ટર-ટ્રોલીનું ચેકિંગ કર્યું. તપાસ કરતા જાણવા મળ્યું કે, ટ્રેક્ટરનું રજિસ્ટ્રેશન કૃષિ કાર્ય માટે હતું પરંતુ ટ્રોલીનું કોઈ રજિસ્ટ્રેશન નહોતું. હવે તેના પર અધિકારીએ 10 લાખનો દંડ ફટકાર્યો છે. આ ઘટનાથી ભારતમાં લોકો કેવા કેવા જુગાડ કરે છે તે પણ સામે આવ્યું છે.આ સમગ્ર મામલો ઔરૈયાના નેશનલ હાઈવેનો છે, જ્યાં ARTO સુદેશ તિવારી કોઈ ઓફિશિયલ કામ માટે જઈ રહ્યા હતા, ત્યારે તેમની નજર એક ટ્રેક્ટર પર પડી જેમાં ટ્રોલી જોડાયેલી હતી. પરંતુ તેની બનાવટ થોડી અજીબ હતી. આવી સ્થિતિમાં ARTOએ ટ્રેક્ટર રોક્યું અને તેના દસ્તાવેજો માંગ્યા. તપાસમાં જાણવા મળ્યું કે ટ્રેક્ટર રાજસ્થાનમાં નોંધાયેલું હતું. ટ્રેક્ટર કૃષિના કામ માટે રજીસ્ટર થયેલું હતું પણ ટ્રોલીનું કોઈ રજીસ્ટ્રેશન નહોતું. જ્યારે ટેક્ટરની પાછળ જઈને જોયું તો અધિકારી પણ દંગ રહી ગયા. કારણ કે, ટ્રોલીમાં ટ્રેનના પૈંડા લગાવવામાં આવેલા હતા. આ ટ્રોલીનું વજન ખૂબ જ હતું. આવી સ્થતિમાં ARTOએ આ વાહન પર 10 લાખ 6000નો દંડ ફટકાર્યો છે. વધુ તપાસ કરતા સામે આવ્યું કે, આ ટ્રોલી એક રેલવે આધિકારીને ત્યાં કમ કરતી હતી અને આ માટે વાહનના માલિકને દર મહિને 85000 રૂપિયા મળતા હતા, અને આ ટ્રોલી છેલ્લા 5 વર્ષથી આ રીતે ચલાવવામાં આવી રહી હતી, અને તેનું વજન 12 પૈડાં વાળા ટ્રક જેટલો હોવાની માહિતી મળી છે.આ સમગ્ર મામલે ARTO સુરેશ તિવારીએ જણાવ્યું કે, હું ગત અઠવાડિયે એક ઓફિશિયલ કામ માટે NH-19 એટલે કે બુંદેલખંડ એક્સપ્રેસ પર જઈ રહ્યો હતો. આ દરમિયાન મેં એક ટ્રેક્ટર-ટ્રોલી જોઈ જે સાઈઝમાં ઘણી મોટી હતી વાહનો રોડ સેફ્ટી માટે ખૂબ જ ખતરનાક છે.

### AAPએ કરી કાર્યવાહીની માંગ

## પ્રયાગરાજ જતી ફ્લાઈટ્સમાં લૂંટ, 5000ની ટિકિટ 50 હજારમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

પ્રયાગરાજ જતી ફ્લાઈટ્સ જે 5 હજાર રૂપિયા ભાડું લઈ રહી હતી, જે હવે 60-70 હજાર ભાડું વસૂલ કરી રહી છે. આ સરેઆમ ખુલ્લી લૂંટ છે. ભાડામાં આટલો વધારો કરવાને કારણે લોકો પ્રયાગરાજ કુંભમાં જઈ શકતા નથી.રાઘવ ચઢ્ઢાએ કેન્દ્ર સરકારને અપીલ કરતાં કહ્યું હતું કે, આ બાબતમાં તપાસ કરે, તેની સમીક્ષા કરે અને તાત્કાલિક તેના પર એક્શન લે. ચઢ્ઢાએ સરકાર પાસે એરલાઈન કંપનીઓના ભાડા અંગે ગાઈડ લાઈન બનાવવાની પણ માંગ કરી છે.તેમણે કહ્યું છે કે 'સરકારે જ ભાડું નક્કી કરવું જોઈએ, જેથી કરીને લોકોને કોઈ અસુવિધા ન થાય અને તેમના પર ભાડાનો બોજ પણ ન પડે. ચઢ્ઢાએ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, આ કેવો નિયમ છે કે 5000 રૂપિયાની ટિકિટ 50,000 રૂપિયા થઈ ગયું? લોકોની આસ્થા સાથે છેડછાડ થઈ રહી છે.પ્રયાગરાજ મહાકુંભ માટે કાર્યરત વિમાનોના ભાડાને લઈને સતત સવાલો ઉભા થઈ રહ્યા છે. હાલમાં જ દિલ્હીથી પ્રયાગરાજનું વિમાન ભાડું લગભગ 40 હજાર રૂપિયા સુધી પહોંચી ગયું હતું. સામાન્ય દિવસોમાં આ ભાડું લગભગ 3 હજાર રૂપિયા હતું.આ ઉપરાંત હૈદરાબાદ અને ભુવનેશ્વર જેવા શહેરોમાંથી પ્રયાગરાજ આવવા માંગતા શ્રદ્ધાળુઓએ 55-60 હજાર રૂપિયાની ટિકિટ ખરીદવી પડતી હતી.

### એપ્સથી થતી કમાણીમાં ભારત ટોચના 20 દેશોમાં પણ નથી

## ભારતમાં એક વર્ષમાં 2400 કરોડ એપ ડાઉનલોડ થઈ, લોકોએ 1.12 લાખ કરોડ કલાક ફોન પર વિતાવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ભારત મોબાઈલ હેન્ડસેટ માર્કેટમાં ઝડપથી વિકાસ કરી રહ્યું છે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના અહેવાલ મુજબ, 5જી સ્માર્ટફોન શિપમેન્ટના સંદર્ભમાં ભારતે અમેરિકાને પાછળ છોડી દીધું છે અને હવે ભારત વિશ્વનું બીજું સૌથી મોટું 5જી મોબાઈલ બજાર બની ગયું છે. સેન્સર ટાવરના મોબાઈલ વપરાશ અંગેના 'સ્ટેટ ઓફ મોબાઈલ 2025' રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ભારતીયો વિશ્વના અન્ય દેશો કરતાં વધુ એપ્લિકેશન ડાઉનલોડ કરે છે અને મોબાઈલ એપ્લિકેશન પર વધુ સમય વિતાવે છે.



જો કે ભારત હજુ પણ એપ્સ દ્વારા માલસામાન ખરીદવામાં પાછળ છે. એપ્સથી થતી કમાણીના સંદર્ભમાં ભારત ટોચના 20 દેશોમાં પણ નથી. ભારતમાં 2024માં એપ ડાઉનલોડ્સમાં ઘટાડો આવ્યો છે. ગત વર્ષે 24.3 અબજ (2400 કરોડ) એપ્સ ડાઉનલોડ થઈ હતી, જે વર્ષ અગાઉ 2023માં 25.6 અબજ (2500 કરોડ) અને 2022માં 26.6 અબજ (2600 કરોડ) એપ ડાઉનલોડ થઈ હતી. એપ ડાઉનલોડ્સમાં ઘટાડા છતાં, ભારતીય લોકોએ એપ પર વધુ સમય વિતાવવાનું શરૂ કર્યું છે. 2024માં ભારતીયોએ વિવિધ એપ્લિકેશન પર 1.12 લાખ કરોડ કલાક વિતાવ્યા છે. સમયનો આ પ્રકારનો ઉપયોગ 2023માં 99 હજાર કરોડ કલાક અને 2022માં 84 હજાર કરોડ કલાક હતો. ભારતમાં મીડિયા અને સોશિયલ મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ એપ્સ સૌથી વધુ લોકપ્રિય છે. જો કે આ એપ્સના ડાઉનલોડમાં પણ ઘટાડો થયો છે. જો કે ઓનલાઈન પણ સમાજને અલગ રસ્તે લઈ જતી ડેટિંગ એપ્સની આવક 2024માં 25 ટકા વધીને 55 મિલિયન ડોલર અર્થાત રૂ. 475 કરોડ સુધી પહોંચી ગઈ છે.અંતે નિષ્કર્ષમાં, એવું કહી શકાય કે ભારત ભલે 5જી અને એપના ઉપયોગની દ્રષ્ટિએ ઝડપથી વિકાસ કરી રહ્યું હોય છતાં એપ શોપિંગ અને અન્ય કેટલાક ક્ષેત્રોમાં હજુ પણ સુધારાની જરૂર છે. ભારતીયો દર વર્ષે મોબાઈલ પર વિતાવતા સમયનું પ્રમાણ વધી રહ્યું છે.

# ભાજપનું સપનું રોળાશે! નીતિશ કુમારના નવા પ્લાનથી બિહારના રાજકારણમાં હલચલ તેજ

### પરિવારવાદના માર્ગે નીતિશ કુમાર!

### નીતિશ પોતાનો રાજકીય વારસો સુરક્ષિત કરવા માંગે છે?

(એજન્સી) બિહાર । તા. 28

નીતિશ કુમાર પછી તે વ્યક્તિનું નામ નિશાંત કુમાર છે જેની બિહારના રાજકારણમાં આ દિવસોમાં સૌથી વધુ ચર્ચા નીતિશ કુમાર બાદ તેમના પુત્ર નિશાંત કુમારની જ થઈ રહી છે. નિશાંત કુમારના રાજકારણમાં પ્રવેશને લઈને રાજકીય બજાર ગરમ છે. એવી ચર્ચા છે કે નીતિશ કુમાર પોતાના પુત્રને પોતાનો રાજકીય ઉત્તરાધિકારી બનાવવાની યોજના પર કામ કરી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર નિશાંત કુમાર હોળી પછી સક્રિય રાજકારણમાં જોડાઈ શકે તેવી સંભાવનાઓ છે. 8 જાન્યુઆરીએ નિશાંત કુમાર તેમના પિતા સાથે સ્વતંત્રતા સેનાનીઓની પ્રતિમાઓના અનાવરણ કાર્યક્રમ માટે તેમના વતન ગામમાં આવ્યા



હતા. જ્યાં તેમણે પહેલીવાર મીડિયા સાથે વાત કરતા રાજકીય નિવેદન પણ આપ્યું હતું. નિશાંત કુમારે જનતાને વિધાનસભા ચૂંટણીમાં પિતાને સમર્થન આપવાની અપીલ કરતા કહ્યું હતું કે, 'નવા વર્ષમાં ચૂંટણી છે તો લોકોએ મારા પિતા અને તેમની પાર્ટીને મત આપવો જોઈએ અને તમે તેમને સરકારમાં પાછા લાવીને સારું કામ કરશો.' અહીંથી તેમના રાજકારણમાં પ્રવેશની અટકળોએ જોર પકડ્યું હતું. રાજકીય વર્તુળોમાં એવી પણ વાતો થઈ રહી છે કે બદલાતા સમયની સાથે નીતિશ કુમાર પોતાનો રાજકીય વારસો સુરક્ષિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેનું સૌથી મોટું કારણ ભાજપ છે. બિહારમાં ભાજપની વધતી શક્તિથી પરેશાન નીતિશ કુમાર JDUના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે એક સાહસિક પગલું ભરવા માંગે છે. જેથી બિહારમાં સરકાર બનાવવાનું ભાજપનું સપનું એક સપનું જ રહી જાય.

ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જેમ રાજનીતિમાં પણ પરિવારવાદ નવી વાત નથી. ઉત્તર પ્રદેશ અને બિહારના યાદવ પરિવારોથી માંડીને મહારાષ્ટ્રના ઠાકરે પરિવાર સુધી, પ્રાદેશિક પક્ષો તેમનું સાતત્ય જાળવવા માટે પરિવારના નેતૃત્ત્વ પર આધાર રાખે છે.

### બિહારમાં વંશવાદી રાજકીય લડાઈ વધુ ઉગ્ર બનશે

રાજ્યના નેતૃત્ત્વમાં હાલમાં બે રાજકીય ઉત્તરાધિકારીઓ છે. રાષ્ટ્રીય જનતા દળ (RJD) ની વાત કરીએ તો લાલુ પ્રસાદ યાદવે વર્ષ 2013માં પુત્ર તેજસ્વી યાદવને પાર્ટીના નવા નેતાના રૂપમાં રાજકારણમાં પ્રવેશ આપ્યો જતો. ત્યારે તે જ સમયગાળામાં રામ વિલાસ પાસવાને પણ તેમના પુત્ર ચિરાગ પાસવાનનો રાજકારણમાં પ્રવેશ કરાવ્યો હતો. ચિરાગ પાસવાને વર્ષ 2014ની ચૂંટણીમાં લોક જનશક્તિ પાર્ટી (LJP)ને એનડીએ સાથે લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. એવામાં હવે નિશાંત કુમાર રાજકારણમાં પ્રવેશતાની સાથે જ યુવા મતદારોને નવા ખેલાડી તરીકે બીજો નવો ચહેરો મળશે.

### શિમલા દૃષ્કર્મ-હત્યા કેસ

## હિમાચલના પૂર્વ IG સહિત આઠ પોલીસ કર્મીને આજીવન કેદ

(એજન્સી) શિમલા। તા. 28

હિમાચલના શિમલા જિલ્લાના કોટખાઈમાં બહુ ચર્ચીત ગુડિયા દુષ્કર્મ હત્યા કેસમાં ધરપકડ કરાયેલા આરોપી સૂરજનું લોક-અપમાં મૃત્યું થયું, આ મામલે ચંદીગઢની સીબીઆઈ કોર્ટે આજે સોમવારે (27 જાન્યુઆરી) હિમાચલના પૂર્વ IG સહિત આઠ પોલીસ કર્મીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી. ગત 18 જાન્યુઆરીએ કોર્ટે હિમાચલના પૂર્વ IG ઝહૂર એચ ઝૈદી સહિત આઠ પોલીસ અધિકારીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

શિમલા જિલ્લાના કોટખાઈમાં બહુ ચર્ચીત ગુડિયા દુષ્કર્મ હત્યા કેસ મામલે સીબીઆઈ કોર્ટે IG ઝહૂર એચ ઝૈદી સહિત અન્ય અધિકારીઓમાં ડીએસપી મનોજ જોશી, એસઆઈ રાજિન્દર સિંહ, એએસઆઈ દીપ ચંદ શર્મા, ઑનરેરી હેડ કોન્સ્ટેબલ મોહન લાલ અને સુરત સિંહ, હેડ કોન્સ્ટેબલ રફી મોહમ્મદ અને કોન્સ્ટેબલ રાનિત સટેટાનો સમાવેશ થાય છે. કોર્ટે અલગ અલગ કલમો હેઠળ અલગ અલગ સજા અને દંડ પણ ફટકાર્યો છે. કોર્ટે તમામ આરોપીઓને 1 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જોકે, કોર્ટે આ કેસમાં પૂર્વ પોલીસ અધિક્ષક (એસપી) ડીડબ્લ્યુ નેગીને નિર્દોષ જાહેર કર્યા હતા.આ પહેલા સીબીઆઈ કોર્ટે સોમવારની સવારે દોષિતોની છેલ્લી અપીલ સાંભળી હતી. કસ્ટોડિયલ ડેથનો આ કેસ કોટખાઈ વિસ્તારમાં 16 વર્ષની વિદ્યાર્થિની પર થયેલા દુષ્કર્મ અને હત્યા સાથે સંબંધિત છે. આ કેસમાં ટ્રાયલ લગભગ આઠ વર્ષ સુધી ચાલી. આ સમયગાળા દરમિયાન સીબીઆઈએ સંપૂર્ણ તપાસ હાથ ધરી અને પોલીસ ટૉર્ચરના તમામ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કર્યા.

### માનવભક્ષક વાઘ મૃત હાલતમાં મળ્યો; પોસ્ટ મોર્ટમમાં પેટમાંથી મળ્યા મહિલાના કપડાં,વાળ..

(એજન્સી) કેરળ તા. 28

કેરળના વાયનાડ જિલ્લામાં બે દિવસ પહેલા એક મહિલાનો જીવ લેનાર વાઘ સોમવારે 27 જાન્યુઆરીના રોજ મૃત હાલતમાં મળી આવ્યો હતો. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે વાઘના પોસ્ટ મોર્ટમમાં વાઘના પેટમાંથી મહિલાના વાળ, કપડાં અને કાનના પગ મળી આવ્યા છે. મહિલા જંગલની બાજુમાં આવેલા વિસ્તારમાં કોફી બીન્સ એકત્રિત કરવા ગઈ હતી, જ્યાં વાઘે તે મહિલા પર હુમલો કર્યો અને તેનો જીવ લીધો હતો.માદા વાઘની ઉંમર ચારથી પાંચ વર્ષ હોવાનું કહેવાય છે. વાઘને સોમવારે સવારે વન્યપ્રાણી કર્મચારીની ટીમ દ્વારા જોવામાં આવ્યો હતો.

### યુપીમાં મોટી દુર્ઘટના

## જૈન માનસ્તંભ પરિસરમાં સ્ટ્રક્ચર ધરાશાયી થતાં સાતના મોત, 80 ઈજાગ્રસ્ત

(એજન્સી) બાગપત । તા. 28

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં બદૌત શહેરમાં મંગળવારે સવારે એક મોટો અકસ્માત થયો છે. બાગપતમાં, ભગવાન આદિનાથના નિર્વાણ લાડુ ઉત્સવ પર, માન સ્તંભ સંકુલમાં બનેલું લાકડાનું સ્ટ્રક્ચર ધરાશાયી થયું. જેના કારણે 7 શ્રદ્ધાળુઓના મોત



થયા છે, જ્યારે 80 શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા છે. 65 ફૂટ ઊંચું સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું હતું.મળતી માહિતી મુજબ, આ દુ:ખદ અકસ્માત બદૌત શહેરના ગાંધી રોડ પર થયો હતો. શ્રી દિગંબર જૈન ડિગ્રી કોલેજના મેદાનમાં બનેલું લાકડાનું સ્ટ્રક્ચર ધરાશાયી થયું હતું. મંગળવારે અહીં નિર્વાણ મહોત્સવ અંતર્ગત ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. જેના માટે 65 ફૂટ ઊંચું સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું હતું. માનસ્તંભમાં બેઠેલી મૂર્તિને અભિષેક કરવા માટે સ્થાપિત સીડીઓ પર ભક્તો ચઢવા લાગ્યા કે તરત જ તે ધરાશાયી થઈ ગયું હતું. જેના કારણે 80 થી વધુ ભક્તો નીચે દટાયા અને 7 મૃત્યુ પામ્યા. સીએમ યોગીએ ઈજાગ્રસ્તને યોગ્ય સારવાર આપવા આપી સૂચના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બાગપત જિલ્લામાં અકસ્માતની નોંધ લીધી હતી. મુખ્યમંત્રીએ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા અને તેમને યોગ્ય સારવાર આપવા સૂચના આપી છે.

### 2 મહિલાઓ સહિત 5 લોકોના મોત

અકસ્માત થતાં જ શ્રદ્ધાળુઓમાં નાસભાગ મચી ગઈ હતી. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમજ મૃતકોમાં 2 મહિલાઓ સહિત 5 લોકોનો સમાવેશ થાય છે. માહિતી મળતાં જ એસપી બાગપત અર્પિત વિજયવર્ગીય પોલીસ દળ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત કાર્ય શરૂ કર્યું.

### રાજનાથ, યોગી, અખિલેશ બાદ હવે ગૃહ મંત્રીનું ગંગામાં સ્નાન

## અમિત શાહ પરિવાર સાથે કુંભ પહોંચ્યા સંતોની સાથે ગંગામાં ડુબકી લગાવી

(એજન્સી) પ્રયાગરાજ । તા. 28

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પ્રયાગરાજ મહાકુંભમાં ગંગામાં ડુબકી લગાવી હતી. આ પહેલા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, સપાના વડા અખિલેશ યાદવે પણ ડુબકી લગાવી હતી જ્યારે આગામી દિવસોમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ડુબકી લગાવવા પ્રયાગરાજ આવી શકે છે. દરમિયાન હાલ અમિત શાહ અને અન્ય નેતાઓ, સંતોની ગંગામાં ડુબકીની તસવીરો સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી હતી. સંગમ સ્નાન અને પૂજાપાઠ બાદ ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અક્ષયવડના દર્શને



પહોંચ્યા હતા, જે બાદ મુખ્ય પૂજારીએ વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા અર્ચના કરાવી, ગૃહ મંત્રી અમિત શાહે અક્ષયવડની આરતી ઉતારી હતી અને મુખ્યમંત્રી યોગી સાથે પુષ્પ અર્પિત કર્યા હતા. સંતોની સાથે બન્ને નેતાઓએ અક્ષયવડની પરિક્રમા કરી હતી. અમિત શાહે પરિવાર સાથે અક્ષયવડની પૂજા કરી હતી. આ દરમિયાન અમિત શાહે સંતોની સાથે મહાકુંભના આયોજન પર પણ ચર્ચા કરી હતી.

### કૈલાશ માનસરોવર યાત્રા ટૂંક સમયમાં શરૂ થશે

## ભારત-ચીન વચ્ચે ફરી શરૂ થશે કૈલાશ માનસરોવર યાત્રા, વિદેશ મંત્રાલયની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ 26 અને 27 જાન્યુઆરીએ ચીનની બે દિવસની મુલાકાત કર્યા બાદ મોટી ખુશખબરી સામે આવી છે. વિદેશ મંત્રાલયે મોટી જાહેરાત કરી કહ્યું છે કે, 2025ની ગરમીની સિઝનમાં ફરી કૈલાશ માનસરોવર યાત્રા શરૂ થશે. આ ઉપરાંત બંને દેશોમાં વહેતી નદીઓનો ડેટા પણ શેર કરવામાં આવશે અને નિષ્ણાંતો સાથે મુલાકાત પણ થશે. એવી પણ જાહેર કરાઈ છે કે, બંને દેશો વચ્ચે સીધી ફ્લાઈટ સુવિધા ટૂંક સમયમાં શરૂ કરવા સૈદ્ધાંતિક સંમતી પર વાતચીત કરવામાં આવશે.

ચીનના બીજિંગમાં ભારત અને ચીનના વિદેશ સચિવ, નાયબ



વિદેશ મંત્રી વચ્ચે બેઠક યોજાઈ હતી. ત્યારબાદ નિર્ણય લેવાયો છે કે, ઉનાળામાં કૈલાશ-માનસરોવર યાત્રા ફરી શરૂ કરવામાં આવશે. વિદેશ મંત્રાલયે નિવેદનમાં કહ્યું છે કે, આ યાત્રા શરૂ કરવાના નિયમો અંગે ચર્ચા કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે ઓક્ટોબરમાં કજાનમાં યોજાયેલી બેઠકમાં સંમતીને ધ્યાને રાખીને બંને દેશોએ ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિની સમીક્ષા કરી હતી અને સંબંધોને સ્થિર રાખવા માટે આ નિર્ણય લેવામાં સંમતી વ્યક્ત કરી છે. આવી સ્થિતિમાં કૈલાશ માનસરોવર યાત્રા શરૂ કરવી, તે એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. આ નિર્ણય મુજબ તિબેટના કૈલાશ પર્વત અને માનસરોવરની યાત્રા સામેલ છે.ઉલ્લેખનીય છે કે, વર્ષ 2020માં કોરોના વાયરસને ધ્યાને રાખી યાત્રા મોકુફ રાખવામાં આવી હતી. કોરોના બાદ બિજિંગ અને નવી દિલ્હી વચ્ચે સંબંધો વણસવાના કારણે ચીને નવી વ્યવસ્થા શરૂ કરી ન હતી. ત્યારબાદ ગલવાન ખીણમાં ભારત-ચીનના સૈનિકો વચ્ચે ઘર્ષણ પણ થતા સ્થિતિ વધુ વણસી હતી.

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કામ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ -400008 ઈ-ટેન્ડર નોટિસ નંબર આમંત્રિત કરે છે:- BCT/24-25/272, તારીખ:- 24-01-2025. કાર્ય અને સ્થાન:- (1) જોરાવાસન -સુરત - બીલીમોરા ખાતે બેલાસ્ટ સાઈડીંગનું વિસ્તરણ, (2) બીલીમોરા - વાઘાઈ (એનજી) - ટીબીએસઆર (એચ બીમ) -1760 નંગ અને ટુલ રૂમ કમ જોડાણમાં ટુલ રૂમ કમ રેસ્ટ રૂમ પૂરો પાડવો ટ્રેકમેન માટે આરામ ખંડ. (3) સુરત - ADEN/SURAT વિભાગ હેઠળ કોચિંગ ડેપોના એડમિન બિલ્ડિંગનું નાનું અને મોટું સમારકામ. (4) વિરાર - સુરત - માંદગી લાઈનના ફ્લોરિંગનું સમારકામ, સુરત ખાતે કોચિંગ ડેપોના ભોંયરામાં હેવી મટિરિયલ સ્ટોર ADEN/સુરત વિભાગના સંયુક્ત ટેન્ડર હેઠળ ઈલેક્ટ્રિકલ (P) ભાગ સહિત. કાર્યનું અંદાજીત કિંમત :- રૂ: 9,11,07,532.39. , ઈએમડી:- રૂ: 6,05,500/-. સબમિશન કરવાની તારીખ અને સમય :- 18-02-2025 એ 15:00 કલાક સુધી . ખુલવાની તારીખ અને સમય :- 18-02-2025 એ 15:30 કલાકે . વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો 1010

અમને લાઈક કરો facebook.com/WesternRly

# મહાકુંભમાં આજે 10 કરોડ ભક્તો લગાવશે ડૂબકી

(એજન્સી) પ્રયાગરાજ । તા. 28

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી છે. આવતીકાલે 29 જાન્યુઆરીના રોજ અમાસના દિવસે ત્રીજા શાહી સ્નાનમાં આશરે 10 કરોડ તીર્થયાત્રીઓ જોડાય તેવો અંદાજ છે. મૌની અમાસના શાહી સ્નાનમાં ભાગ લેવા માટે આવનારા શ્રદ્ધાળુઓ માટે પ્રયાગરાજના રેલવે સ્ટેશનો પર દર ચાર મહિને સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. મૌની અમાસ આવતીકાલે બુધવારે છે. તે દરમિયાન શ્રદ્ધાળુઓની સંખ્યા વધવાના અંદાજ સાથે ભારતીય રેલવેએ પ્રયાગરાજ સ્ટેશન પર દર ચાર મિનિટે એક સ્પેશિયલ ટ્રેન દોડાવવાની તૈયારી કરી છે. આ એક જ દિવસમાં 150 જેટલી સ્પેશિયલ ટ્રેન મુકાશે. અગાઉ વર્ષ 2019માં અર્ધકુંભ દરમિયાન મૌની અમાસ પર 85 ટ્રેન દોડાવવામાં આવી હતી. 13 જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભમાં અત્યારસુધી 15 કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી છે. પ્રથમ દિવસે જ 1.65 કરોડ શ્રદ્ધાળુ ઉમટી પડ્યા હતા. 26 ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં 45 કરોડથી વધુ શ્રદ્ધાળુ આવવાનો અંદાજ છે. આવતીકાલે પણ 10 કરોડ લોકો શાહી સ્નાનમાં જોડાય તેવી સંભાવના છે. ભારતીય રેલવેએ પ્રયાગરાજ મહાકુંભ આવતાં યાત્રાળુઓની સુવિધા માટે ખાસ વ્યવસ્થા કરી છે. મૌની અમાસ નિમિત્તે અંદાજ 400થી વધુ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી છે. જેમાં શાહી સ્નાનના દિવસે 150 સ્ટ્રેપેશિયલ ટ્રેન મૂકાશે. ચાર રિંગ રેલ સર્વિસિઝ સાથે રોજની 200 ટ્રેન પણ ઓપરેટ થશે. વધુમાં શ્રદ્ધાળુઓ માટે પ્રયાગરાજ જંક્શનથી અયોધ્યા શટલ પણ સંચાલિત છે. પ્રયાગરાજ રામબાગ અને ઝુસી સ્ટેશનો પર 80 યુટીએસ કાઉન્ટર અને 20 ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન લગાવવામાં આવ્યા છે.

**પશ્ચિમ રેલ્વે**

**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**

**ઈ-ઓક્શન સેલ પ્રોગ્રામ માટે સુધારાત્મક**

**Pway અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે ફેબ્રુઆરી 2025 દરમિયાન ઈ-ઓક્શન સેલ પ્રોગ્રામનું રીશેડ્યુલ.**

ઈ-ઓક્શન સેલ નોટિફિકેશન નંબર:- SIII/ ઓક્શન પ્રોગ્રામ -1/ફેબ્રુઆરી- 2025, તારીખ:- 07-01-2025. P.way ભંગાર સામગ્રીના નિકાલ માટેના ઈ-ઓક્શન કાર્યક્રમનું નીચેનું પુનઃનિર્ધારણ પણ 9 ફેબ્રુઆરી 2025 ના રોજ યોજવામાં આવશે ઉપરાંત નીચેના ડેપો માટે અસ્તિત્વમાં છે.

| ડેપો | હાલની ઈ-હરાજી તારીખ | સુધારેલ તારીખ | પ્રભારી વિભાગીય અધિકારી | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| મહાલક્ષ્મી | 04-02-2025 | 12-02-2025 | નાયબ મુખ્ય સામગ્રી મેનેજર - મહાલક્ષ્મી | 022-24929571 09004495750 |
| પારડી | 18-02-2025 | 26-02-2025 | નાયબ મુખ્ય સામગ્રી મેનેજર - પારડી | 022-24929571 09004495750 |

અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. વધુ માહિતી માટે કૃપા કરીને પશ્ચિમ રેલવેની વેબસાઈટની મુલાકાત લો જો મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ એટલે કે www.wr.indianrailways.gov.in તેમજ www.ireps gov.in ઈ-ઓક્શન પોર્ટલ પર.

(નંબર:( SIII/ ઓક્શન પ્રોગ્રામ -3/ ફેબ્રુઆરી 2025. તારીખ:- 06-08-2025) 1017

અમને લાઈક કરો facebook.com/WesternRly | અમને ફોલો કરો twitter.com/WesternRly

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 29 JANUARY-2025
AHMEDABAD



## બિનવારસી ઈકો કારમાંથી 98 હજારનો વિદેશી દારૂ ઝડપાયો


ગાંધીનગર | ગાંધીનગરના અડાલજ પોલીસે ખોરજ ગામમાં મોટી કામગીરી કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે રબારી વાસ વિસ્તારમાં દરોડો પાડી બિનવારસી હાલતમાં પડેલી ઈકો કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. અડાલજ પોલીસ મથકના પીઆઈ કે.બી. સાંખલાની સૂચના મુજબ પોલીસ સ્ટાફ દારૂ-જુગારની પ્રવૃત્તિઓ અટકાવવા પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન ખોરજ ગામના રબારી વાસ સામે ખુલ્લી જગ્યામાં શંકાસ્પદ કાળા કાચવાળી ઈકો કાર જોવા મળી હતી. પોલીસે તપાસ કરતા ગાડીનો ડ્રાઈવર સાઈડનો દરવાજો ખુલ્લો હતો.

## સંસ્થાઓને આપેલાં 430 આવાસને આખરે મંજૂરી

ગાંધીનગર | ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓ માટે બનાવાયેલા સરકારી આવાસ સંસ્થાઓને પણ ફાળવવામાં આવ્યા છે. આવા 430 આવાસને આખરે સરકારે ડિસેમ્બર 2024 સુધીના ભોગવટાની મંજૂરી આપી ભાડું ભરવા સૂચના આપી છે. આ મુદ્દત અગાઉ જૂન 2023 સુધીની હતી જેમાં દોઢ વર્ષનો વધારો કરાયો છે. સરકારની મંજૂરી આપવામાં આવતા હવે પાટનગર યોજના વિભાગ દ્વારા આવી સંસ્થાઓ પાસેથી બાકી ભાડાના વસૂલાતની કામગીરી હાથ ધરવામાં આવી છે. તમામ આવાસના ભાડાની વસૂલાત બાદ બોર્ડ- નિગમ, સહકારી સંસ્થાઓ અને કેન્દ્ર સરકારની સુરક્ષા એજન્સીઓને સરકારી આવાસની ફાળવણી ચાલું રાખવી કે નહીં તેનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવશે.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો ૧૪મો દીક્ષાંત સમારોહ યોજાયો

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો 14મો પદવીદાન સમારંભ યોજાયો







(એજન્સી) અમદાવાદ તા 28

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) ના 14મા પદવીદાન સમારંભમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતાને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આધુનિક ટેકનિકલ વિકાસ પર ચર્ચા કરતાં તેમણે જણાવ્યું કે ટેક્નોલોજી ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે માનવતા અને જીવનમૂલ્યો સાથે જોડાયેલી હોય. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, ટેકનિકલ પ્રગતિ સાથે નૈતિકતા, ઈમાનદારી અને કરુણા જેવા જીવનમૂલ્યો પણ અપનાવવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, દીક્ષાંત સમારોહ ફક્ત ડિગ્રી પ્રાપ્ત કરવાનો અવસર નથી, પરંતુ જીવનના નવા અધ્યાયનો આરંભ છે. શિક્ષણનો અંતિમ ઉદ્દેશ્ય ફક્ત ભૌતિક સુખ પ્રાપ્ત કરવાનો નથી, પરંતુ માનવતાના ઉચ્ચતમ મૂલ્યોને આત્મસાત કરવાનો છે. જ્યાં સુધી આપણે શિક્ષણને રાષ્ટ્રના હિત સાથે નહીં જોડીએ, ત્યાં સુધી તે અધુરુ છે.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને કુળની પ્રતિષ્ઠા વધે, સમાજનું ગૌરવ વધે અને ભારતનો વૈભવ વધે એવું જીવન જીવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલે વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક બનવાનો સંદેશ આપતાં કહ્યું કે, રાષ્ટ્ર પ્રત્યેનું યોગદાન જ શિક્ષણનો ખરો ઉદ્દેશ છે. તેમણે યુવાનોને અપીલ કરી કે તેઓ પોતાની પ્રતિભા અને જ્ઞાન રાષ્ટ્ર નિર્માણ અને સમાજના કલ્યાણ માટે સમર્પિત કરે. આ પ્રસંગે રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, લાર્શન એન્ડ ટુબ્રોના ડાયરેક્ટર અને ઉપાધ્યક્ષ શ્રી જયંત પાટીલ, GTU ના કુલપતિ ડૉ. રાજુલ ગજ્જર, ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમર અને અનેક વિશિષ્ટ અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભારતના વૈભવી અતીતની મહાન સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારત પ્રાચીન સમયમાં 'વિશ્વગુરુ' અને 'સોનેકી ચીડિયા' હતું. ગામેગામ આત્મનિર્ભરતાના ઉદાહરણો હતા, જ્યાં દરેક વ્યક્તિ પોતાની કુશળતાથી અર્થતંત્રને મજબૂત બનાવતી હતી. તેમણે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિના મહાન વારસાને અપનાવવાના અને ગુલામીની માનસિકતાથી બહાર આવવાના આહ્વાન કર્યું હતું.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' અભિયાનની પ્રશંસા કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, યુવા ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેમણે GTU ના યોગદાન અને વિદ્યાર્થીઓના નવાચારની ભાવનાની સરાહના કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે GTUના વિદ્યાર્થીઓ ટેકનિકલ અને નૈતિક મૂલ્યો સાથે ભારતને 2047 સુધીમાં એક વિકસિત ભારત બનાવવા માટેના સંકલ્પને સાકાર કરશે. રાજ્યપાલશ્રીએ પદવી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવીને વિદ્યાર્થીઓની સફળતા આપણા દેશની પ્રગતિ અને વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે આરોગ્ય તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પદવી મેળવનારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું કે, દીક્ષા મેળવવાથી શિક્ષાનો અંત નથી આવતો, પરંતુ વિદ્યાર્થી તરીકે મળેલા જ્ઞાનનો સમાજ માટે ઉપયોગ કરવાનો સમય હવે શરૂ થવાનો છે. તેમણે વધુમાં કહ્યું કે, ભારતમાં જ્ઞાન, સંસ્કૃતિ અને શાસ્ત્રોની ઉજ્જવળ પરંપરા રહી છે. વિજ્ઞાન, ગણિત, ચિકિત્સા, એટોમિક એનર્જી સહિતનાં તમામ ક્ષેત્રે ભારતીય ઋષિ-મુનિઓએ કરેલાં શોધ-સંશોધનો આપણાં શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ૧૯મી સદી 'મની પાવર'ની સદી હતી, ૨૦મી સદી 'નૉલેજ'ની સદી હતી અને ૨૧મી સદી ઉદ્યોગની સદી છે. વર્ષો પહેલાં આપણાં શાસ્ત્રોમાં કરેલી અનેક કલ્પનાઓ અને અત્યાર સુધી માત્ર ફિલ્મોમાં ફિક્શન તરીકે જોયેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ જેવી ઘટનાઓ હવે વાસ્તવિકતા બની રહી છે.

મંત્રીશ્રી પટેલે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ @૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું જે સ્વપ્ન જોયું છે, તે સ્વર્ણિમ યુગના સ્વપ્નને સાકાર કરવાનું સૌભાગ્ય અને જવાબદારી આજના યુવાનોની છે. આજે વિશ્વની અનેક મોટી કંપનીઓના સીઈઓ મૂળ ભારતીય છે, ત્યારે વડીલોએ અર્જિત કરેલા જ્ઞાનની પરંપરાને ઉજ્જવળ બનાવવા અને વિકસિત ભારત બનાવવાની દિશામાં આગળ વધવા સૌ દીક્ષાર્થીઓને અનુરોધ કર્યો હતો. એલ એન્ડ ટી ના ડાયરેક્ટર અને વાઈસ પ્રેસિડન્ટશ્રી જયંત પાટીલે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટેની આ 'ઈન્ડિયાથી ભારત' સુધીની યાત્રા છે. તેમણે કહ્યું કે સમજણપૂર્વકનું જ્ઞાન મેળવી તેને આધારે આગળ વધવું જોઈએ. શ્રી પાટિલે ઉમેર્યું કે, ઈતિહાસ એ શ્રેષ્ઠ શિક્ષક છે અને તેની ભૂલોમાંથી શીખવું જોઈએ. હડપ્પિયન કાળમાં લોથલ એ વૈશ્વિક વેપારનું મહત્ત્વનું કેન્દ્ર હતું, જયારે મધ્યકાલીન યુગમાં સુરતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ ધમધમતો હતો.

## વિરમગામ શહેરમાં શિક્ષકની હત્યા મુદ્દે મોટો ખુલાસો, પ્રેમસંબંધમાં ખેલાયો ખૂની ખેલ

અમદાવાદ | અમદાવાદમાં વિરમગામ શહેરમાં શિક્ષકની સરેઆપ હત્યા કરતા ચકચાર મચી જવા પામી. શિક્ષકની હત્યા મુદ્દે મોટો ખુલાસો સામે આવ્યો. શિક્ષકનો પરિણીત યુવતી સાથેનો પ્રેમસંબંધ હત્યાનું કારણ બન્યો. મૃતક શિક્ષક નરેશ ચાવડા શંખેશ્વરની પરિણીત મહિલા હર્ષાબેન સાથે મૈત્રી કરાર સાથે વિરમગામ રહેતો હતો. પત્નીના લગ્નેતર સંબંધથી નારાજ પતિએ વિરગામના શિક્ષક પર ઘાતકી હુમલો કર્યો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલ શિક્ષકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું. શહેરમાં હત્યાના બનાવો વધ્યા છે. ચોરી અથવા લૂંટફાટના ઈરાદે હત્યાને અંજામ અપાય છે. તો ક્યારેક લગ્નેતર સંબંધોના કારણે પણ હત્યાનો બનાવ બને છે. હાલમાં વિરમગામના એક શિક્ષક નરેશ ચાવડાને જાહેરમાં માર મારવામાં આવ્યો. નરેશ ચાવડા વિરમગામની જે.જે.શાહ શાળામાં શિક્ષક હતા. રાત્રિના સમયે જ્યારે તેઓ વિરમગામ-માંડલ રોડ પર પેટ્રોલ પંપ પાસેથી પસાર થતા હતા ત્યારે અચાનક એક કાર ધસી આવી. અને આ કારમાંથી અજાણ્યા શખ્સો ઉતર્યા અને બોથડ પદાર્થ હથિયાર વડે શિક્ષક પર જીવલેણ હુમલો કર્યો. આ હુમલામાં શિક્ષક ગંભીરપણે ઘાયલ થયા.બોથડ પદાર્થ વડે હુમલો કરી હુમલાખોરો ફરાર થઈ ગયા.

## 30મીએ વળતર જાહેર કરાશે:હરણી બોટ દુર્ઘટનામાં છેલ્લી હિયરિંગ યોજાઈ

અમદાવાદ | હરણી બોટ દુર્ઘટનામાં 27 જાન્યુઆરીએ એસડીએમ કચેરીમાં છેલ્લી હિયરિંગ યોજાઈ હતી. જેમાં ધારાશાસ્ત્રી હિતેશ ગુપ્તા અને પીડિતો દ્વારા ન્યૂ સનરાઈઝ સ્કૂલના સંચાલકોએ બોગસ પુરાવા રજૂ કર્યા હોવાથી તેની તપાસ થાય તે માટે મૃતક શિક્ષિકાઓના પતિ અને પુત્રે 2 સોગંદનામાં રજૂ કર્યાં હતાં. જ્યારે દુર્ઘટનામાં કેટલું વળતર ચૂકવાશે તે 30 જાન્યુઆરીએ એસડીએમ દ્વારા જાહેર કરવામાં આવશે. ધારાશાસ્ત્રી હિતેશ ગુપ્તાએ જણાવ્યું કે, સુનાવણી દરમિયાન અમે એક અરજી આપી છે. જેમાં જણાવ્યું છે કે, કોર્ટમાં કાયદાકીય પ્રક્રિયામાં બનાવટી ડોક્યૂમેન્ટ પુરાવા તરીકે ઊભા કરવા તે પણ ગુનો બને છે. જેમાં પણ તપાસના આદેશ થાય, તેવી અરજી નાયબ કલેક્ટરને કરવામાં આવી છે. જ્યારે સ્કૂલ સંચાલકો દ્વારા પણ સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મૃતક શિક્ષિકાઓને જે પગાર ચૂકવવામાં આવતો હતો તેનો જ પુરાવો રજૂ કર્યો છે. ઉલ્લેખનિય છે કે, દુર્ઘટનાના હિયરિંગ સમયે ન્યૂ સનરાઈઝ સ્કૂલના સંચાલકોએ બે મૃતક શિક્ષિકા છાયાબેન સુરતી અને ફાલ્ગુનીબેન પટેલના પગાર-પીએફને લગતા ડોક્યૂમેન્ટ રજૂ કરાયાં હતાં. બંનેને યોગ્ય વળતર ન મળે તેવા બદઈરાદે અને છેતરપિંડીના હેતુથી મૃતકોની ખોટી સહી સાથેનો બનાવટી દસ્તાવેજ નાયબ કલેક્ટર કચેરીમાં રજૂ કરવા મુદ્દે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતી અરજી દાખલ કરાઈ હતી.

## દેશમાં પહેલીવાર 1.34 લાખ લોકોએ ટિકિટ ખરીદી કૉન્સર્ટ નિહાળી હોય એવો સૌથી મોટો શૉ

અમદાવાદ | બ્રિટિશ રૉક બેન્ડ કોલ્ડપ્લેના અમદાવાદમાં બે લાઈવ શૉએ નવો રેકોર્ડ રચ્યો છે. રવિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલી કૉન્સર્ટમાં રેકોર્ડબ્રેક 1.34 લાખ લોકો ઉપસ્થિત હતા. દેશમાં પહેલીવાર ટિકિટ ખરીદીને 1.34 લાખ લોકોએ કૉન્સર્ટ માણી હોય એવું બન્યું છે. આ આંકડો ખુદ કોલ્ડપ્લેએ સોશિયલ મીડિયા પર જાહેર કર્યો હતો. આ સાથે પહેલીવાર ટિકિટથી પ્રવેશ મળે એવી કૉન્સર્ટે 1 લાખ દર્શકોનો આંકડો પાર કર્યો છે. આ પહેલાનો આંકડો 60 હજારનો છે. આ અગાઉ દિલજીત દોસાંજ અને જસ્ટિન બીબરની કૉન્સર્ટમાં 50-50 હજાર દર્શકો ઉપસ્થિત રહ્યા હતાં. વર્ષ 2020માં હલ્દિયામાં હનિસિંહના શૉમાં 2 લાખ લોકો ઉમટ્યા હોવાનો દાવો કરાયો હતો પણ આ દાવાને પુષ્ટિ મળી નહોતી. રવિવારે અમદાવાદની કૉન્સર્ટ સાથે કોલ્ડપ્લેની ઈન્ડિયા ટૂર સમાપ્ત થઈ છે. બેન્ડે ભારતમાં બે સપ્તાહના અનુભવને યાદગાર ગણાવ્યો હતો તથા ભારતીય ચાહકોનો તેમણે આપેલા પ્રેમ બદલ આભાર માન્યો હતો. કોલ્ડપ્લે બેન્ડે મુંબઈમાં 18 જાન્યુઆરીના શૉ સાથે ઈન્ડિયા ટૂરની શરૂઆત કરી હતી. મુંબઈમાં ત્રણ શૉ કર્યા બાદ કોલ્ડપ્લેએ 25 અને 26 જાન્યુઆરી એમ બે દિવસ અમદાવાદમાં બે શૉ કર્યા હતા.

# દુષ્કર્મ કેસમાં જામીન બાદ 12 વર્ષે આસારામ અમદાવાદમાં



**અનુયાયીને ન મળવાની જામીનમાં શરત હોવા છતાં મોટેરા આશ્રમમાં સાધકો ઊમટ્યા, પોલીસ એલર્ટ બની**

(એજન્સી) અમદાવાદ તા 28

સગીરા પર દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને તબીબી આધાર પર સુપ્રીમ કોર્ટે 31 માર્ચ સુધીના વચગાળાના શરતી જામીન આપ્યા છે. જોધપુર જેલમાં સજા કાપી રહેલા આસારામનો જામીન પર છુટકારો થયા બાદ અમદાવાદના મોટેરા આશ્રમમાં 12 વર્ષે તેની એન્ટ્રી થઈ છે. જામીનમાં શરત છે કે, આસારામ પોતાના અનુયાયીઓને મળી શકશે નહીં. તેમ છતાં તેના સાધકોને જાણ થતા તેઓ આશ્રમમાં પહોંચવા લાગ્યા છે. આશ્રમ પર સ્થિતિ ન બગડે તે માટે પોલીસ પણ એલર્ટ બની છે અને રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ શરૂ કર્યું છે.

**જામીન પર છુટકારો થયા બાદ અમદાવાદ આગમન** | સુપ્રીમ કોર્ટ દ્વારા આસારામને જામીન મળતાં તે જોધપુર જેલમાંથી બહાર આવી ગુજરાત આવ્યા છે. હાલ તે અમદાવાદના સાબરમતી ખાતે આવેલા તેના આશ્રમમાં છે. અમદાવાદના આશ્રમમાં આસારામની 12 વર્ષના લાંબા ગાળા બાદ એન્ટ્રી થઈ છે.

### આસારામ કોઈ નવો વિવાદ ન સર્જે તેના પર પોલીસની નજર

પ્રાપ્ત માહિતી અનુસાર, આસારામને જ્યારે જામીન મળ્યાં ત્યારે તેના અમદાવાદ આવવાની અટકળો વધી હતી. તેમાં પણ ખાસ કરીને આસારામ આશ્રમમાં અગાઉ અનેક વિવાદ જેમ કે, દીપેશ-અભિષેકના અપમૃત્યુ કેસ, ત્યારબાદ દુષ્કર્મ જેવા બનાવોની ફરિયાદ અને ત્યારબાદ આસારામ આશ્રમ તેના સાધકોના કારણે વિવાદમાં રહી ચૂક્યા છે. આખી તપાસ દરમિયાન અનેક વિવાદો સપાટી પર આવ્યા હતા. ત્યારે વચગાળાના મળેલા જામીન દરમિયાન આસારામ કોઈ નવો વિવાદ ન છેડે તે માટે ચાંદખેડા પોલીસની ટીમ સતત રાઉન્ડ ધ ક્લોક કામ કરી રહી છે.

## BZ કૌભાંડી ભૂપેન્દ્ર ઝાલાને આશરો આપનારને રાહત

(એજન્સી) અમદાવાદ તા 28

રાજ્યમાં પોંઝી સ્કીમો થકી સૌથી મોટું કૌભાંડ આચરનાર BZ ગ્રૂપ કેસને લઈ મોટા સમાચાર આવ્યા છે. મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાને આશરો આપનાર આરોપીને કોર્ટે રાહત આપી છે. આરોપી કિરણ સિંહને જેલ મુક્ત કરવા ગ્રામ્ય સેશન્સ કોર્ટની મંજૂરી મળી છે. જ્યારે બીજી તરફ મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની જામીન અરજી પર કોર્ટે ચુકાદો અનામત રાખ્યો છે. 30 જાન્યુઆરીનાં રોજ ગ્રામ્ય સેશન્સ કોર્ટ ચુકાદો આપશે. માહિતી અનુસાર, BZ ગ્રૂપ કૌભાંડ કેસમાં મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાને આશરો આપનાર આરોપી કિરણ સિંહને ગ્રામ્ય સેશન્સ કોર્ટે મોટી રાહત આપી છે. આરોપી કિરણ સિંહને જેલ મુક્ત કરવા કોર્ટે મંજૂરી આપી છે. ક્રાઈમ બ્રાન્ચે આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની મહેસાણામાં આવેલા કિરણસિંહનાં ફાર્મ હાઉસથી ધરપકડ કરી હતી, જે બાદ કિરણસિંહને પણ જેલ હવાલે કરવામાં આવ્યો હતો. બીજી તરફ BZ ગ્રૂપનાં માલિક અને મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ બાદ જામીન અરજી પર ગ્રામ્ય કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી

### અમદાવાદમાં કોલ્ડપ્લે બન્યો રેકોર્ડ બ્રેક કોન્સર્ટ

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાંથી મુંબઈ કરતાં 19 ગણા કચરાનો નિકાલ

(એજન્સી) અમદાવાદ તા 28

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 25 અને 26 જાન્યુઆરીના રોજ ઈન્ટરનેશનલ બ્રિટિશ મ્યુઝિક બેન્ડ કોલ્ડપ્લેનો કોન્સર્ટ યોજાયો હતો, ત્યારે આ બે દિવસના કોન્સર્ટે અમદાવાદમાં રેકોર્ડ બ્રેક રેકોર્ડ નોંધાવ્યા છે. જેમાં અમદાવાદ મેટ્રો ટેનમાં બે દિવસમાં 4.05 લાખથી વધુ લોકોએ મુસાફરી કરી હતી. જેના માટે દર 8 મિનિટે મેટ્રો ટ્રેન દોડાવવામાં આવી હતી. જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પરથી ત્રણ



દિવસમાં 1.37 લાખ લોકોએ અવરજવર કરી હતી. જેમાં સૌથી વધુ મહારાષ્ટ્ર, કર્ણાટક અને કોલકાતાથી મુસાફરો અમદાવાદ આવ્યા હતા. બે દિવસના કોન્સર્ટ દરમિયાન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ આસપાસથી AMC દ્વારા 15,50,000 લાખ કિલો કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેના માટે 492 સફાઈકર્મીઓની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ ઉપરાંત સઘન સફાઈ માટે 14 JCB મશીનો અને 27 ટ્રક ફાળવવામાં આવ્યાં હતાં. મુંબઈ કરતાં અમદાવાદમાંથી 18.90% વધુ કચરો નીકળ્યો હતો. બીજી તરફ કોલ્ડપ્લે કોન્સર્ટ દરમિયાન હોટલના રૂમના ભાડા 1 લાખ સુધી પહોંચી ગયા હતા. જ્યારે પશ્ચિમ રેલવે દ્વારા બે દિવસ 5 સ્પેશિયલ ટ્રેન પણ દોડાવવામાં આવી હતી.

## જોધપુરમાં 86 કરોડના પ્લોટનો ચોમી દીઠ 2.73 લાખ ભાવ

(એજન્સી) અમદાવાદ તા 28

ઔડા કોમર્શિયલ અને રેસિડેન્શિયલ મળી અંદાજે 351 કરોડના 7 પ્લોટની ટૂંકમાં હરાજી કરશે. જોધપુરમાં આવેલા 3169 ચોરસ મીટરના પ્લોટની સૌથી વધુ 86.35 કરોડ કિંમત નક્કી કરાઈ છે. અહીંના કોમર્શિયલ હેતુ માટેના પ્લોટની પ્રતિ ચોરસ મીટર દીઠ કિંમત 2.73 લાખ રખાઈ છે. સાઉથ બોપલમાં બે પ્લોટ રહેણાક હેતુ માટે હરાજીમાં મૂકવામાં આવશે. એક-બે દિવસમાં તમામ સાતેય પ્લોટ ઓનલાઈન હરાજી માટે મૂકવામાં આવે તેવી શક્યતા છે. ઔડાના આ 7 પ્લોટમાં સાઉથ બોપલ અને જોધપુર ઉપરાંત ચાંદખેડાના 3 પ્લોટ અને નિકોલના 1 પ્લોટનો સમાવેશ થાય છે. ઔડાની આવકનો સૌથી મોટો સ્ત્રોત પ્લોટની હરાજીનો હોય છે. ભવિષ્યમાં



મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવતાં તેમજ ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનની હદમાં આવતાં પ્લોટ પણ ઔડાને સોંપવામાં આવે તેવી શક્યતા છે. જેથી ઔડા તમામ પ્લોટને ભેગા કરી વધુ સારું ભાવિ આયોજન કરી શકે. પ્લોટની હરાજીમાંથી મળતી આવકનો ઉપયોગ ઔડાના વિસ્તારોમાં વિકાસ કામો પાછળ થતો હોય છે. સામાન્યપણે ઔડા વિસ્તારમાં રોડ, ગટર, પાણી અને બ્રિજના કામમાં પ્લોટની હરાજીમાંથી મળેલી આવકનો ઉપયોગ થતો હોય છે.

# ફ્લાવર શોમાં જોયેલા ફૂલો ખરીદી શકાશે

## રોપા ઘરે લઈ જવા 31 જાન્યુ. સુધીમાં આ પાંચ નર્સરીમાં પહોંચી જાવ; જાણો કેટલી વેરાયટિ

(એજન્સી) અમદાવાદ | તા 28

સાબરમતી રિવરફ્રન્ટ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલા ફ્લાવરશોને જોવા માટે લાખોની સંખ્યામાં લોકો આવ્યા હતા. 26 જાન્યુઆરી સુધી ચાલેલા ફ્લાવર શોમાં દેશ-વિદેશના અનેક ફૂલોની સજાવટ કરવામાં આવી હતી. ફ્લાવર શોમાં જે સિઝનલ રોપા જોવા મળ્યા હતા, તે રોપા હવે લોકો ખરીદી શકશે. મ્યુનિસિપલ કોર્પોરેશનની પાંચ નર્સરી ખાતે અલગ-અલગ જાતના હયાત સિઝનલ રોપાનું વેચાણ કરવામાં આવશે. આજે 28 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી સુધીમાં રોપા ખરીદી શકાશે. 24 દિવસ સુધી ચાલેલા ફ્લાવર શોમાં 13 લાખ લોકોએ મુલાકાત લીધી છે, જેનાથી 12.90 કરોડ જેટલી આવક થઈ છે.



### 5 નર્સરીમાંથી રોપા ખરીદી શકાશે

પાંચ જેટલી નર્સરીઓમાં સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શો દરમિયાન હયાત સિઝનલ પ્રકારના ફૂલો જેમાં ગજેનીલા, ડાયનથસ, સિલાસીયા, વિન્કા, કેલેન્ડુલા, ઓર્નામેન્ટલ કેલ, બીગોનીયા, હાયપોસ્ટીસ, સિલ્વર ડસ્ટ, પીટુનીયા, બુફોબિયા, કોલીયસ, સેવતી, સાલ્વીયા, એસ્ટર જેવા રોપા મળશે. જ્યારે 6ઈંચ ઊંચા ઓર્નામેન્ટલ કેલે, પોટ પાનસેટિયા, પોટ (પિટુનીયા સેવતી વગેરે) પોર્ટ કેલેન્ચો રોપા મળશે. 8 ઈંચના પોટ પાનસેટીયા અને 9 કેવીટી (ડાયન્જસ, પીટુનીયા વગેરે) મળશે. 42 કેવીટી (ડાયન્યા, પીટુનીયા. ગ્રીન રેડ અલ્ટનેન્થેરા વગેરે) પણ મળશે.

### રૂ. 10થી લઈને 235 સુધીનો ભાવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજવામાં આવેલાં અમદાવાદ ઈન્ટરનૅશનલ ફ્લાવર શો-2025માં પ્રદર્શિત કરવામાં સિઝનલ પ્રકારનાં રોપાનું વેચાણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વેચાણ કરવાનાં સિઝનલ રોપાની વિગતો અમદાવાદ મ્યુનિસિપલ કોપેરિશનની વેબસાઈટ www. ahmedabadcity.gov.in ઉપર મુકવામાં આવી છે. જેમાં વ્યક્તિ/એજન્સીએ ઓફિસનાં કામકાજનાં દિવસોએ રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરી રોપા મેળવી શકશે. એક રોપાથી લઈ 100 અને 100થી 1000 રોપા સુધીનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે. 10 રૂપિયાથી લઈને 235 રૂપિયા સુધીનો ભાવ રાખવામાં આવ્યો છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...